અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જૂન ૨૦૨૪, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ સુદ ૬
વર્ષ : ૧૫
અંક : ૩૧૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### મોહન માઝી બનશે ઓડિશાના નવા મુખ્યમંત્રી

## ભાજપના વિધાયક દળે ૨ નાયબ મુખ્યમંત્રીના નામ પર લગાવી મહોર

### પ્રભાતી પ્રવિદા અને કેવી સિંહને ઓડિશાનાં નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે

। (એજન્સી) ઓડિશા,તા.૧૧ ।

ઓડિશાનાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે, તે બીજેપીએ નક્કી કરી દીધું છે. મોહન માજીને રાજ્યના મુખ્યમંત્રી બનાવવામાં આવશે. સીએમની નિમણૂંક માટે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવને પર્યવેક્ષ નિમવામાં આવ્યા હતા. પ્રભાતી પ્રવિદા અને કેવી સિંહને ઓડિશાનાં નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. મોહન ચરણ માજી ઓડિશાનાં ૧૫માં મુખ્યમંત્રી ચૂંટાયા છે. તેઓ રાજ્યમાં પ્રથમ વખત બીજેપી સરકારનું નેતૃત્વ કરશે. તેઓ ૨૦૧૯માં ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં ક્યોંઘર વિધાનસભાથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૯ દરમિયાન બે વખત ક્યોંઘરનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ઓડિશાની વિધાનસભામાં ચૂંટણીમાં ભાજપે ૧૪૭ બેઠકોમાંથી ૭૮ બેઠકો જીતી બહુમતી મેળવ્યા બાદ મુખ્યમંત્રીની પસંદગી કરવાની કવાયત શરૂ કરી દીધી હતી. રાજ્ય અને કેન્દ્રના ભાજપ નેતાઓએ નવા મુખ્યમંત્રીની ચર્ચા દિલ્હીમાં ચર્ચા-વિચારણાઓ શરૂ કરી દીધી હતી. જોકે એવા અહેવાલો પણ સામે આવ્યા હતા કે મુખ્યમંત્રીની રેસમાં ગુજરાત કેડરના આઈએએસ અધિકારીનું નામ સૌથી આગળ હતું.



### મોહન ચરણ માજી ઓડિશાનાં ૧૫માં મુખ્યમંત્રી ચૂંટાયા

નવા મુખ્યમંત્રીના ઉમેદવારની રેસમાં પૂર્વ કેગ અને જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલ ગિરીશ ચંદ્ર મુર્મૂ અને તેમની સાથેના કેટલાક નવા ચૂંટાયેલા ધારાસભ્યોના નામોની ચર્ચાઓ પણ ચાલી હતી. મીડિયામાં તેમના નામની વ્યાપક ચર્ચાઓ ચાલી હતી. ગુજરાત કેડરના ૧૯૮૫ બેંચના આઈએસ અધિકારી મુર્મૂ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હોવાનું કહેવાય છે. જ્યારે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે બે કાર્યકાળ સંભાળ્યો હતો, ત્યારે ગિરીશ મુર્મૂએ સેક્રેટરી જનરલ તરીકે કામ કર્યું હતું. જ્યારે અમિત શાહ ગૃહમંત્રી હતા, ત્યારે તેઓ ગૃહ વિભાગના સંયુક્ત સચિવ હતા. ભાજપ આદિવાસીઓનું સમર્થન મેળવવા મુર્મૂને ઓડિશાના મુખ્યમંત્રી બનાવે તેવી ચર્ચાઓ હતી. મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અન્ય નેતાઓની વાત કરીએ તો તેમાં સંબલપુરના નવા ચૂંટાયેલા ધારાસભ્ય જયનારાયણ મિશ્રા, ઓડિશા ભાજપના પૂર્વ અધ્યક્ષ અને પાટનાગઢના નવા ધારાસભ્ય કે.વી.સિંહ દેવ, બ્રજરાજનગરના નવા ધારાસભ્ય સુરેશ પુજારી અને કેંદુઝરથી નવા ધારાસભ્ય મોહમ માઝીનું નામ પણ ચર્ચામાં હતું.

### શપથ ગ્રહણ પહેલા જ ચંદ્રબાબૂ નાયડૂની મોટી જાહેરાત

## અમરાવતીને બનાવામાં આવી આંધ્ર પ્રદેશની નવી રાજધાની

। (એજન્સી) આંધ્રપ્રદેશ,તા.૧૧ ।

અમરાવતી હવે આંધ્ર પ્રદેશની એકમાત્ર રાજધાની હશે. ચંદ્રબાબૂ નાયડૂએ તેની ઘોષણા કરી દીધી છે. મુખ્યમંત્રી તરીકે શપથ લેવાના એક દિવસ પહેલા ટીડીપી સુપ્રીમોએ મંગળવારે કહ્યું કે, અમરાવતી રાજ્યની એકમાત્ર રાજધાની હશે. નાયડૂએ ટીડીપી, ભાજપ અને જનસેના ધારાસભ્યોની એક સંયુક્ત બેઠકને સંબોધન કરતા આ ઘોષણા કરી, જ્યાં તેમણે સર્વસમ્મતિથી આંધ્ર પ્રદેશ વિધાનસભામાં એનડીએ નેતા ચૂંટવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, અમારી સરકારમાં ત્રણ રાજધાનીની આડમાં કોઈ ખેલ નહીં થાય. અમારી રાજધાની અમરાવતી છે. અમરાવતી રાજધાની અહીં ઉલ્લેખનિય છે કે, ચંદ્રબાબૂએ ૨૦14 અને ૨૦૧૯ની વચ્ચે વિભાજિત આંધ્ર પ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી તરીકે અમરાવતીને રાજધાની બનાવવાનો વિચાર રજૂ કર્યો હતો. જો કે તેમની આ યોજના ૨૦૧૯માં ઝટકો લાગ્યો, જ્યારે ટીડીપીને સત્તા ખોવાનો વારો આવ્યો અને વાઈ



એસ જગન મોહન રેડ્ડીના નેતૃત્વવાળી વાઈએસઆરસીપીને ભારે બહુમતથી જીત મેળવી. જગન મોહન રેડ્ડીએ નાયડૂના અમરાવતીને રાજધાની બનાવવાના વિચાર પર પાણી ફેરવી દીધું અને ત્રણ રાજધાનીનો એક નવો સિદ્ધાંત સામે લઈને આવ્યા. જે અનુસાર વિશાખા પટ્ટનમને પ્રશાસનિક, અમરાવતીને વિધાયી અને કુરનૂલને ન્યાયિક રાજધાની બનાવવાનો નિર્ણય લીધો હતો. તેને લઈને કાનૂની અડચણો પણ સામે આવી હતી.

### લોકસભા ચૂંટણી બાદ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી પડી

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્ણ થઈ ગઈ છે. મોદીએ દેશમાં ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા છે. પીએમ મોદી સિવાય ૭૧ વધુ મંત્રીઓએ શપથ લીધા છે. લોકસભા ચૂંટણી બાદ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી પડી છે. આ વખતે ભાજપના અનેક રાજ્યસભા સભ્યો લોકસભાની ચૂંટણી લડ્યા હતા. ભારતના ચૂંટણી પંચના નિયમો અનુસાર (લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૬૯(૨), 67A અને ૬૮(૪) હેઠળ), અમુક સભ્યોને રાજ્યસભામાંથી દૂર કરવામાં આવ્યા છે. આ એવા સભ્યો છે જેઓ ૪ જૂન ૨૦૨૪ના રોજ ૧૮મી લોકસભા માટે ચૂંટાયા હતા.

### આ વખતે ૨૭ દેશોની યુરોપિયન યુનિયન (EU)ની ચૂંટણીમાં મોટી ઉથલપાથલ જોવા મળી

## ઇટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીની પાર્ટીને યુરોપિયન યુનિયનની સંસદીય ચૂંટણીમાં શાનદાર જીત મળી

### ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ યુરોપિયન યુનિયનની સંસદીય ચૂંટણીઓને તેમના નેતૃત્વ પર લોકમત તરીકે રજૂ કરી હતી

। નવી દિલ્હી, તા.૧૧ ।

આ વખતે ૨૭ દેશોની યુરોપિયન યુનિયન (EU)ની ચૂંટણીમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. ઘણા દેશોના જમણેરી પક્ષોએ આ ચૂંટણી જીતી છે. ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીની અત્યંત જમણી બાજુની પાર્ટી બ્રધર્સ ઑફ ઈટાલી ઈયુ ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. ચૂંટણી પરિણામો પછી, મેલોની તેના દેશની સાથે સાથે યુરોપના મજબૂત નેતા તરીકે ઉભરી આવી છે. જીત બાદ તેમણે કહ્યું કે આ પરિણામો શાનદાર રહ્યા છે જે રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે.EU ચૂંટણીના પરિણામો અનુસાર, આ વખતે ૨૭ સભ્યોની EU ચૂંટણીમાં જમણેરી પક્ષોએ પ્રભુત્વ જમાવ્યું છે. આ ચૂંટણીમાં, ૭૨૦ સભ્યોને ચૂંટવા માટે થયેલા મતદાનમાં ૯૯ ટકા મતોની ગણતરી કરવામાં આવ્યા બાદ, ઈટાલીની મેલોનીની પાર્ટી બ્રધર્સે ૨૮.૮૧ ટકા મતો મેળવ્યા છે. મેલોનીએ EU સંસદીય ચૂંટણીઓને તેમના નેતૃત્વ પર જનમત તરીકે રજૂ કરી હતી. તેમણે મતદારોને મતદાન કરતી વખતે બેલેટ પેપર પર જ્યોર્જિયા લખવાની પણ અપીલ કરી હતી. પરિણામો પર, મેલોનીએ કહ્યું કે તેને આ પરિણામો પર ગર્વ છે. તેમણે કહ્યું કે મને ગર્વ છે કે ઈટાલી પોતાને યુરોપની સૌથી મજબૂત સરકાર તરીકે રજૂ કરવા જઈ રહ્યું છે. EU ચૂંટણીમાં મેલોનીની પાર્ટીની મોટી જીત બ્રસેલ્સ (EU હેડક્વાર્ટર)માં તેમનો પ્રભાવ વધારશે. EU પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની આગામી ટર્મ અંગેના નિર્ણયમાં પણ મેલોની મોટી ભૂમિકા ભજવશે. આ સાથે EU સંબંધિત તમામ નાના-મોટા નિર્ણયોમાં પણ મેલોનીની દખલગીરી જોવા મળશે.તમને જણાવી દઈએ કે EU ચૂંટણી ૬ થી ૯ જૂન વચ્ચે યોજાઈ હતી. આ ચૂંટણીમાં લગભગ ૪૦ કરોડ લોકોએ ભાગ લીધો હતો. નેધરલેન્ડ્સમાં ૬ જૂને મતદાન સાથે ચૂંટણીની શરૂઆત થઈ હતી. આ સમયગાળા દરમિયાન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, ઓસ્ટ્રિયા, એસ્ટોનિયા, લિથુઆનિયા અને સ્વીડન જેવા ઘણા યુરોપિયન દેશોમાં મોટા પાયે મતદાન થયું હતું. EU ચૂંટણીમાં કારમી હાર બાદ ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને સંસદ ભંગ કરી અને મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત કરી. તે જ સમયે, EU ચૂંટણીમાં બેલ્જિયમના શાસક પક્ષની હાર પછી, વડા પ્રધાન એલેક્ઝાન્ડ્રે ડીક્રુએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.EU ચૂંટણીમાં મેલોનીની પાર્ટીની મોટી જીત બ્રસેલ્સ (EU હેડક્વાર્ટર) માં તેમનો પ્રભાવ વધારશે. EU પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની આગામી ટર્મ અંગેના નિર્ણયમાં પણ મેલોની મોટી ભૂમિકા ભજવશે. આ સાથે EU સંબંધિત તમામ નાના-મોટા નિર્ણયોમાં પણ મેલોનીની દખલગીરી જોવા મળશે.તમને જણાવી દઈએ કે EU ચૂંટણી ૬ થી ૯ જૂન વચ્ચે યોજાઈ હતી. આ ચૂંટણીમાં લગભગ ૪૦ કરોડ લોકોએ ભાગ લીધો હતો. નેધરલેન્ડ્સમાં ૬ જૂને મતદાન સાથે ચૂંટણીની શરૂઆત થઈ હતી. આ સમયગાળા દરમિયાન, ફ્રાન્સ, ઈટાલી, જર્મની, ઓસ્ટ્રિયા, એસ્ટોનિયા, લિથુઆનિયા અને સ્વીડન જેવા ઘણા યુરોપિયન દેશોમાં મોટા પાયે મતદાન થયું હતું.

### બીજેપીના નવા અધ્યક્ષ અંગે મોટા સમાચાર

## નવા અધ્યક્ષની નિમણૂંક સુધી જેપી નડ્ડા અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે

### વર્ષ ૨૦૨૦માં બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।

બીજેપીના નવા અધ્યક્ષને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. એમ કહેવાઈ રહ્યું છે કે નવા અધ્યક્ષની નિમણૂંક થાય ત્યાં સુધી જે પી નડ્ડા જ અધ્યક્ષ તરીકે ચાલુ રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ, બીજેપીમાં



અધ્યક્ષની ચૂંટણી સપ્ટેમ્બર સુધી થવાની શક્યતા છે. કાર્યકારી અધ્યક્ષની નિમણૂંક સુધી જે પી નડ્ડા પાર્ટી અને મંત્રાલય બંને કામને સાથે-સાથે જોતા રહેશે. જેપી નડ્ડા ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પછી જાન્યુઆરી ૨૦૨૦માં બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા હતા. ઉલ્લેખનીય છે કે નડ્ડોનો બીજેપીના અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માં પૂરો થઈ ગયો હતો. જોકે લોકસભા ચૂંટણીને જોતા તેમનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી વધારવામાં આવ્યો હતો. જોકે હવે ચૂંટણી થઈ ગઈ છે અને નડ્ડાને કેબિનેટમાં જગ્યા પણ આપવામાં આવી છે, એવામાં બીજેપીને નવા અધ્યક્ષ મળવાનું નક્કી માનવામાં આવી રહ્યું છે. આ રેસમાં બીજેપી ઓબીસી મોરચાના ચીફના લક્ષ્મણનું નામ પણ છે. લક્ષ્મણ તેલંગાનાથી આવે છે. તે એ જ રાજ્ય છે, જ્યાં બીજેપી આંધ્ર પ્રદેશ પછી દક્ષિણમાં સૌથી વધુ ધ્યાન આપી રહી છે. બીજેપી અધ્યક્ષની રેસમાં સુનીલ બંસલનું નામ પણ સામેલ છે, જે વર્તમાનમાં મહાસચિવ છે. સાથે જ તે પશ્ચિમ બંગાળ તેલંગાના અને ઓડિશા જેવા ત્રણ રાજ્યમાં ઈન્ચાર્જ પણ છે. એમ કહેવાઈ રહ્યું છે કે રાજસ્થાનથી રાજ્યસભા સભ્ય અને ભૈરોં સિંહ શેખાવતના શિષ્ય ઓમ માથુર પણ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવાની દોડમાં છે.

### ન્યૂઝ બ્રિફ

### માલાવીના વાઇસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું પ્લેન ક્રેશમાં મૃત્યુ

। (એજન્સી) ફ્રાન્સ, તા.૧૧ ।

ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું. માલાવીના વાઈસ પ્રેસિડેન્ટ સાઉલોસ ચિલિમાનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું, દેશના રાષ્ટ્રપતિએ મંગળવારે જણાવ્યું હતું કે, શોધકર્તાઓએ ધુમ્મસવાળા જંગલમાં વિમાનનો કાટમાળ શોધી કાઢ્યો હતો. ચિલીમા, ૫૧ અને અન્ય નવને લઈ જતું લશ્કરી વિમાન સોમવારે ગાયબ થઈ ગયું હતું, જ્યારે તે ખરાબ હવામાનને કારણે ઉત્તરીય શહેર મઝુઝુમાં ઉતરવામાં નિષ્ફળ ગયું હતું અને તેને રાજધાની લિલોંગવે પરત ફરવાનું કહેવામાં આવ્યું હતું. માલાવીના પ્રમુખ લાઝારસ ચકવેરાએ રાષ્ટ્રને સંબોધતા જણાવ્યું હતું કે, "શોધ અને બચાવ ટીમે વિમાન શોધી કાઢ્યું છે.કોઈ બચી ન હોવાથી સંપૂર્ણપણે નાશ પામ્યું છે, કારણ કે વિમાનમાં સવાર તમામ મુસાફરો માર્યા ગયા હતા.

### મહારાષ્ટ્રમાં ફરી મહાભારત

## NDAના ૪૦ ધારાસભ્યો કોંગ્રેસના સંપર્કમાં હોવાના દાવાથી હડકંપ

### મહાયુતિના ઘટક દળ શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો આગામી એક મહિનામાં 'ઘર વાપસી' માટે કોંગ્રેસ અને ના સંપર્કમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસના ધારાસભ્ય અને મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા વિજય વાડેટ્ટીવારે સોમવારે દાવો કર્યો હતો કે સત્તારૂઢ મહાયુતિના ઓછામાં ઓછા ૪૦ ધારાસભ્યો એક મહિનામાં મહા વિકાસ અઘાડી (MVA)માં જોડાઈ શકે છે.મીડિયા સાથે વાતચીત દરમિયાન કોંગ્રેસના નેતા વિજય વાડેટ્ટીવારે કહ્યું હતું કે, "મહાયુતિના ઘટક દળ શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો આગામી એક મહિનામાં 'ઘર વાપસી' માટે કોંગ્રેસ અને NCP (SP)ના સંપર્કમાં છે." વાડેટ્ટીવારે કહ્યું, "અમને વિશ્વાસ છે કે મહા વિકાસ અઘાડી - કોંગ્રેસ, શરદ પવારની NCP અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાનું ગઠબંધન - મહારાષ્ટ્રમાં ફરી સત્તામાં આવશે." રાજ્યમાં ૨૮૮ સભ્યોની વિધાનસભા છે. લોકસભાની ચૂંટણીનો ટ્રેન્ડ દર્શાવે છે કે MVA ૧૫૦ રાજ્ય વિધાનસભા સેગમેન્ટમાં આગળ હતું જ્યારે મહાયુતિએ તેમાંથી ૧૩૦માં લીડ મેળવી હતી. વિજય વાડેટ્ટીવારે કહ્યું કે શિવસેના અને એનસીપીના અન્ય દળના ૪૦ ધારાસભ્યોને અહેસાસ થયો કે MVA સત્તામાં આવી રહ્યું છે. તે જ કારણ છે કે તેઓ તેમના પક્ષના નેતાઓને ઘર વાપસી માટે કહી રહ્યા છે. શરદ પવારની આગેવાની હેઠળના એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંતે પણ આ વાતની પુષ્ટિ કરી કે અન્ય સમૂહના કેટલાક ધારાસભ્યોએ પણ આ બાબતે સંકેતો આપેલા છે.

વિજય વડેટ્ટીવારનું આ નિવેદન NCP(SP)ના ધારાસભ્ય રોહિત પવાર દ્વારા કરવામાં આવેલા આવા જ દાવાના થોડા દિવસો બાદ આવ્યું છે. રોહિત પવારે કહ્યું હતું કે અજિત પવારની આગેવાની હેઠળના NCPના લગભગ ૧૯-૨૦ ધારાસભ્યો શરદ પવારના પક્ષમાં પાછા ફરવા માંગે છે. જો કે એનસીપી અને શિવસેનાના નેતાઓએ કહ્યું છે કે તેમના ધારાસભ્યો તેમની સાથે છે. તેમણે NCP (SP)-કોંગ્રેસના દાવાઓને હતાશાના કારણે ફગાવી દીધા હતા.

### પાકિસ્તાની યુટ્યુબરને કરાચીમાં સિક્યોરિટી ગાર્ડે મારી ગોળી

। (એજન્સી) કરાચી, તા.૧૧ ।

ભારત અને પાકિસ્તાનની વચ્ચે ૯ જૂને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ટક્કર ન્યુયોર્કમાં થઈ હતી. ભારતે આ મેચને શાનદાર રીતે જીતીને ૬ રનથી પોતાના નામે કરી લીધી હતી. આ મેચ પછી પાકિસ્તાની ફેન્સ એક વખત ફરી નિરાશ જોવા મળ્યા હતાં. બીજી તરફ આ જ મેચને લગતા એક જોરદાર સમાચાર સામે આવ્યા છે. જ્યાં એક યુટ્યુબરને સિક્યોરિટી ગાર્ડને કરાચીમાં ગોળી મારી દીધી હતી. આ ઘટનાના પગલે આસપાસ રહેતા લોકોમાં સન્નાટો છવાઈ ગયો હતો. યુટ્યુબર સાદ ભારત-પાકિસ્તાનની મેચ અંગે લોકોનો મત લઈ રહ્યો હતો. આ મેચ સાથે જોડાયેલા એક સમાચાર સામે આવ્યા છે, જ્યાં કરાચીમાં એક યુટ્યુબરને સુરક્ષા ગાર્ડે ગોળી મારી હતી.

### RSSનાં મુખપત્રએ કહી દીધી સ્પષ્ટ વાત

## લોકસભા ચૂંટણીના પરિણામો પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ટિપ્પણી કરી

### લોકસભાની ચૂંટણીનાં પરિણામો ઓવરકોન્ફિડેન્સ ધરાવતા મ્લઁનાં કાર્યકર્તાઓ માટે રિયાલિટી ચેક સમાન સાબિત થયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

લોકસભા ચૂંટણીના પરિણામો પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ટિપ્પણી કરી છે. આ અંગે ઈજીજીએ કહ્યું છે કે લોકસભા ચૂંટણીના આ પરિણામો બીજેપીના અતિઉત્સાહિત કાર્યકર્તાઓ અને નેતાઓનો રિયાલિટી ચેક છે, જે પોતાની દુનિયામાં મગ્ન હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વથી પ્રભાવિત હતા. આ જ કારણોસર આ લોકો સુધી સામાન્ય માણસોનો અવાજ પહોંચી રહ્યો નહોતો. RSSએ પોતાના મુખપત્ર ઓર્ગેનાઈઝરના તાજેતરના અંકમાં આ ટિપ્પણી કરી છે. માઉથપીસના લેખમાં કહેવામાં આવ્યું છે કે આરએસએસ ભાજપનું 'ક્ષેત્ર બળ' નથી. પરંતુ ભાજપના નેતાઓ અને કાર્યકરોએ ચૂંટણીમાં સહકાર માટે સ્વયંસેવકોનો સંપર્ક સુધ્ધાં કર્યો ન હતો. આ ચૂંટણી પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે આવા અનુભવી સ્વયંસેવકોની પણ અવગણના કરવામાં આવી હતી, જેમણે સોશિયલ મીડિયાના આ યુગમાં પ્રસિદ્ધિની લાલસા વિના અથાક મહેનત કરી છે. આરએસએસના સભ્ય રતન શારદાએ આ લેખમાં કહ્યું છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામો અતિ ઉત્સાહી કાર્યકરો અને ભાજપના ઘણા નેતાઓ માટે વાસ્તવિકતાની તપાસની જેમ આવ્યા છે. તેમને ખ્યાલ ન હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ૪૦૦ પાર કરવાનું સૂત્ર તેમના માટે લક્ષ્ય અને વિપક્ષ માટે પડકાર છે. આ ચૂંટણીમાં ભાજપ ને ૨૪૦ બેઠકો મળી છે, જે બહુમતીથી ઓછી છે પરંતુ દ્રઢછ ૨૯૩ બેઠકો સાથે બહુમતી મેળવવામાં સફળ રહ્યું છે.

કોંગ્રેસને ચૂંટણીમાં ૯૯ બેઠકો મળી હતી, જ્યારે ઈન્ડિયા બ્લોકને ૨૩૪ બેઠકો મળી હતી. આ ચૂંટણીમાં જીતેલા બે અપક્ષોએ કોંગ્રેસને સમર્થન આપ્યું, જેના પછી ઈન્ડિયા બ્લોકની સંખ્યા વધીને ૨૩૬ થઈ ગઈ. શારદાએ લખ્યું કે ધ્યેય ચૂંટણી ક્ષેત્રમાં સખત મહેનતથી પ્રાપ્ત થાય છે, સોશિયલ મીડિયા પર પોસ્ટર અથવા સેલ્ફી શેર કરીને નહીં.

## ન્યૂઝ બ્રિફ

### બી.જે. મેડિકલ કોલેજમાં કોન્સર્ટ યોજાતા સારવાર લઈ રહેલા દર્દીઓ હેરાન થઈ ગયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોમાં સપડાઈ છે. બી.જે. મેડિકલ કોલેજમાં શંકર મહાદેવનનો કોન્સર્ટ યોજાતા સારવાર લઈ રહેલા દર્દીઓ હેરાન થઈ ગયા હતા. ઘોંઘાટને કારણે દર્દીઓને હાલાકી ભોગવવાનો વારો આવતા હોસ્પિટલ તંત્ર સામે અનેક સવાલો ઊભા થયા છે. આરોગ્ય વિભાગનું મૌન રહેવું દર્દીઓના આરોગ્યને જોખમમાં જાણીજોઈને જોખમમાં મૂકી રહ્યું છે. અમદાવાદ શહેરમાં અસારવા સિવિલ હોસ્પિટલમાં જુનિયર ડોક્ટર્સ એસોસિયેશન દ્વારા પાંચ દિવસ મ્યુઝિક કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ મોટો સવાલ એ છે કે હોસ્પિટલને સાયલન્ટ ઝોન તરીકે જાહેર કરાઈ છે, તેમ છતાં કોલેજમાં કઈ રીતે પ્રોગ્રામ કરવાની મંજૂરી અપાઈ? ઘોંઘાટ વચ્ચે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓને કેટલું સહન કરવું પડ્યું હશે? માહિતી મુજબ હૃદય રોગના દર્દીઓએ ઘોંઘાટવાળા વિસ્તારથી દૂર રહેવું જોઈએ તેવી સલાહ આપવામાં આવે છે. તો સરકારના નેજા હેઠળ ચાલતી હોસ્પિટલમાં મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરતા પૂર્વે દર્દીઓના સ્વાસ્થ્ય અંગે વિચાર શા માટે કરવામાં ન આવ્યો? એટલું જ નહીં, શું શાહીબાગ પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી?

### સુરતમા ડ્રગ્સ લાવી વેચાણ કરતા પોલીસે ત્રણ આરોપીને ઝડપ્યા।

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરત ડ્રગ્સ, ચરસ, ગાંજાનું એપી સેન્ટર બની રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. પોલીસ ડ્રગ્સના દુષણનો નાશ કરવા માટે સતત પ્રયાસ કરી રહી છે.જો કે તેમ છતાં અવાર નવાર શહેરમાંથી લાખો રૂપિયાના ડ્રગ્સનો જથ્થો મળી આવતો હોય છે. તેવામાં ફરી એકવાર ડ્રગ્સ મળી આવતા પોલીસે આ મામલે ૩ આરોપીને દબોચી લીધા છે.આરોપીઓ કોણ છે, તેઓ કેવી રીતે ડ્રગ્સની હેરાફેરી કરતા હતા, તેમના પાસેથી કેટલું ડ્રગ્સ મળ્યું, તમામ સવાલોના જવાબ જોઈએ આ રિપોર્ટમાં. સુરત સિટી પોલીસ છેલ્લા ૩ વર્ષથી 'નો ડ્રગ્સ ઈન સિટી' અભિયાન ચલાવી રહી છે. જેમાં પોલીસે અનેક ગુનેગારોને ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યા છે. જો કે તેમ છતાં શહેરમાં ડ્રગ્સની હેરાફેરીની ઘટનાઓ નથી થમી રહી. તેવામાં રાંદેર વિસ્તારની વાત કરીએ તો અહીંથી પોલીસે ૩૪ ગ્રામ MD ડ્રગ્સ સાથે ૩ આરોપીની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીઓના નામ છે સુલેમાન ઉર્ફે ફારૂક, મોહમદ જાવીદ શેખ અને ઐજાઝ અયુબ સૈયદ. આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે. મોજ શોખ માટે આરોપીઓ ડ્રગ્સનું કરતા હતા.

### પૂર્વ અમદાવાદમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતી

# હાટકેશ્વરનો ખાડો મ્યુ. કોર્પોરેશને રાતોરાત કામ કર્યા વગર પુર્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાટકેશ્વરના ન્યુ કર્ણાવતી એપાર્ટમેન્ટ, ગુપ્તાનગર, શ્રવણ નગર ખાતે પાણીના નવા કનેક્શન આપવા માટે ખાડો ખોદીને પાણીનું કનેક્શન શોધવા માટેની કામગીરી ચાલી રહી હતી. જોકે પાણીનું કનેક્શન શોધવા જતા જ ગટરનું કનેક્શન તૂટી ગયું હતું. આ દરમિયાન એક બાળક ખાડામાં પડી ગયો હતો અને તંત્રએ છટકવા માટે રાતોરાત ખાડા પુરી દીધા હતા.

આ સંજોગોમાં જો આગામી દિવસોમાં ગટર લાઈન અને પીવાના પાણીની લાઈન બંને મિક્સ થઈ જશે તો આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળશે અને લોકો કોઈ પણ કારણ વગર રોગનો ભોગ બનશે. સામાન્ય રીતે શહેરના પૂર્વ વિસ્તારમાં પીવાના પાણી અને ગટરની સમસ્યાએ કોઈ નવી વાત નથી. આ સંજોગોમાં કોર્પોરેશન દ્વારા ધીમી ગતિએ કામગીરી કરાતા એક નિર્દોષ બાળકનું થોડા દિવસો અગાઉ જ મોત થયું હતું.

હાટકેશ્વર વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી પાણીનું કનેક્શન આપવા માટે ૧૫થી ૨૦ ફુટનો ઉંડો અને મોટો ખાડો ખોદવામાં આવ્યો છે. જોકે આટલા દિવસ છતાં કામદારોને લાઈન નહીં મળતા અને ધીમી ગતિએ કામ ચાલતા આસપાસના લોકો હેરાન થઈ રહ્યાં હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ આખા રોડ પર માટી અને ધૂળના કારણે સમગ્ર વિસ્તારમાં પોલ્યુશન વાળું વાતાવરણ ઉભું થવાથી શ્વસનતંત્ર સંબધિત રોગની તકલીફો ઉભી થઈ રહી હતી.

બીજી બાજુ પાણીની લાઈન શોધતા ગટર લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેનું મૂળ શોધવામાં તંત્રને દિવસો લાગી ગયા હતા. આ દરમિયાન શુક્રવારે આ જ વિસ્તારમાં રહેતો જયમીન પરમાર(ઉંમર૧૦ વર્ષ) પોતાના ઘરેથી નાસ્તો લેવા માટે નજીક આવેલી દુકાનેથી પાછો ફરતો હતો. ત્યારે નાછૂટકે ખાડા પાસેથી પસાર થતા તેનો પગ લપસી પડતા બેરીકેડ ન હોવાના કારણે જયમીન ૨૦ ફુટ ઉંડા ખાડામાં પડ્યો હતો.

આ ઘટનાના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બાળકને એલજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સોમવારે તેનું હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. હાટકેશ્વર વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી પાણીનું કનેક્શન આપવા માટે ૧૫થી ૨૦ ફુટનો ઉંડો અને મોટો ખાડો ખોદવામાં આવ્યો છે. જોકે આટલા દિવસ છતાં કામદારોને લાઈન નહીં મળતા અને ધીમી ગતિએ કામ ચાલતા આસપાસના લોકો હેરાન થઈ રહ્યાં હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ આખા રોડ પર માટી અને ધૂળના કારણે સમગ્ર વિસ્તારમાં પોલ્યુશન વાળું વાતાવરણ ઉભું થવાથી શ્વસનતંત્ર સંબધિત રોગની તકલીફો ઉભી થઈ રહી હતી. બીજી બાજુ પાણીની લાઈન શોધતા ગટર લાઈનમાં ભંગાણ પડ્યું હતું. જેનું મૂળ શોધવામાં તંત્રને દિવસો લાગી ગયા હતા. આ દરમિયાન શુક્રવારે આ જ વિસ્તારમાં રહેતો જયમીન પરમાર પોતાના ઘરેથી નાસ્તો લેવા માટે નજીક આવેલી દુકાનેથી પાછો ફરતો હતો. ત્યારે નાછૂટકે ખાડા પાસેથી પસાર થતા તેનો પગ લપસી પડતા બેરીકેડ ન હોવાના કારણે જયમીન ૨૦ ફુટ ઉંડા ખાડામાં પડ્યો હતો. આ ઘટનાના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને બાળકને એલજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં સોમવારે તેનું હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

### ઓફિસરની ટીમ અને પેટ્રોલ પંપ કર્મીઓ વચ્ચે ભારે બોલાચાલી

## વડોદરામાં દશરથ ખાતેના પેટ્રોલ પંપની ફાયર NOC મુદ્દે હોબાળો

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા શહેરના છેવાડે આવેલા દશરથ પેટ્રોલ પંપ ખાતે એનઓસી સહિતની અન્ય ત્રણ મંજૂરી બાબતે ગયેલી વુડાની રિજીયોનલ ફાયર ઓફિસરની ટીમ અને પેટ્રોલ પંપ કર્મીઓ વચ્ચે ભારે બોલાચાલી અને વિવાદ સર્જાયો હતો. મોડી રાત્રે થયેલી બોલાચાલી બાદ રિજીયોનલ ફાયર ઓફિસરની ટીમે નોટિસ ફટકારી પેપર્સ રજૂ કરવા બે દિવસની મુદત આપી હતી. પેટ્રોલ પંપના સ્ટાફનું કહેવું હતું કે અમારી પાસે તમામ પરમિશન છે. જોકે આ તમામ મંજૂરીઓ પેટ્રોલ પંપ ખાતે રાખવામાં આવી ન હોવાથી હાલ તુરત નોટિસ ફટકારી ઘટના પર પડદો પાડી વુડાની રિજનલ ફાયર ઓફિસરની ટીમ લીલા તોરણે પરત ફરી હતી. જોકે તપાસ માટે ગયેલી ટીમ દ્વારા બંદોબસ્ત અર્થે પોલીસ કાફલો રાખવામાં આવ્યો ન હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં ગેમ ઝોન અગ્નિકાંડ સર્જાયો હતો જ્યાં ફાયર બાબતેની કોઈ મંજૂરીઓ નહીં હોવાનું કહેવાય છે. આ અગ્નિકાંડમાં અનેક ભૂલકાઓ સહિત માનવ જિંદગીઓ જીવતી ભૂંજાઇ હતી. ઘોડા ભાગી છૂટ્યા બાદ તબેલાને તાળા મારવા જેવા હવાતીયા અંગે ફાયર એનઓસી સહિતની અન્ય મંજૂરીઓ બાબતે ગુજરાત સરકારે રાજ્યભરમાં તપાસ કરવા હુકમો કર્યા હતા. પરિણામે ફાયર બ્રિગેડ વિભાગે તંત્ર સાથે મળીને ઠેર ઠેર તપાસ આદરી હતી જેમાં અનેક જગ્યાએ બહુમાળી કોમ્પ્લેક્સ સિનેમા હોલ, કેટલાક મોલ સહિત વિવિધ જગ્યાએ સીલ મારવાની કામગીરી શરૂ કરી હતી. આ ઉપરાંત વિવિધ ધાર્મિક સ્થાનો અને હોસ્પિટલોને પણ સીલ મેરી દેવા ઉપરાંત નોટિસો પણ ફટકારવામાં આવી હતી. આવી જ રીતે શહેરના છેવાડે આવેલા દશરથ પેટ્રોલ પંપ પર વુડાની રિજનલ ફાયર ઓફિસરની ટીમ ફાયર એનઓસી સહિતની વિવિધ મંજૂરી બાબતે તપાસ માટે મોડી રાત્રે પહોંચી ગઈ હતી. જોકે આ ફાયર ટીમ સાથે પોલીસની ટીમ પણ બંદોબસ્ત અર્થે રાખવામાં નહીં આવી હોવાના અક્ષેપો થયા હતા. જોકે ફાયર એનઓસી સહિત બિલ્ડીંગ મંજૂરી અને ઓક્યુપ્રેશન સર્ટિફિકેટ વુડા ઓફિસમાંથી લેવાના હોય છે પરંતુ આ તમામ સર્ટિફિકેટો પેટ્રોલ પંપ ખાતે રાખવામાં નહીં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

### એસજીએસટી વિભાગે કડક કર વસૂલાત કરી

## ભાવનગર જિલ્લામાંથી કરોડો રૂપિયાની જીએસટી ચોરી ઝડપાઈ

। (એજન્સી) ભાવનગર, તા.૧૧ ।

ભાવનગર જિલ્લામાંથી કરોડો રૂપિયાની જીએસટી ચોરી સપડાઈ છે. એસજીએસટી વિભાગે કડક કર વસૂલાત કરી છે. એક. કે. બેગ્સ દ્વારા સવા કરોડની ચોરી કરવામાં આવ્યો હોવાનો ખુલાસો છે. એસ. કે. બેંગ્સને ૫૦ લાખ રૂપિયા જમા કરાવવા આદેશ કરવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લામાંથી કરોડો રૂપિયાની જીએસટી ચોરી સપડાઈ છે. એસજીએસટી વિભાગે કડક કર વસૂલાત કરી છે. એક. કે. બેગ્સ દ્વારા સવા કરોડની ચોરી કરવામાં આવ્યો હોવાનો ખુલાસો છે. એસ. કે. બેંગ્સને ૫૦ લાખ રૂપિયા જમા કરાવવા આદેશ કરવામાં આવ્યો છે. એસ કે. બેગ્સની પાંચ શાખામાં દરોડા પડ્યા હતા. કરચોરી ઝડપાતા ટેક્સ તેમજ પેનલ્ટી સહિત વસૂલાત કરવામાં આવી છે. બિલ વગરનો માલ વેચીને ચોરી કરવામાં આવી હતી.ભાવનગરના ઈતિહાસમાં સૌપ્રથમ વખત સ્થળ પર ટેક્સ અને પેનલ્ટીની આટલી મોટી રકમની વસૂલાત કરવામાં આવી હતી. સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા બે દિવસ પૂર્વે એસ.કે.બેગ્સ યુનિટની પાંચ શાખાઓ પર સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. દરોડા દરમિયાન એસ.કે. બેગ્સ એન્ટરપ્રાઈઝિસની પેઢીમાંથી પાંચ કરોડથી વધુની કરચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. આ પેઢીના આતાભાઈ રોડ, એમ.જી. રોડ, લીલા સર્કલ, દેસાઈનગર અને ગોડાઉન સહિત પાંચ સ્થળો પર સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું.

### જુનાગઢ મનપાની ઘોર બેદરકારી

## ચોમાસુ માથે છતાં વોકળાના ૨૦૦ જેટલા દબાણો હજી સુધી દૂર નથી કર્યા

। (એજન્સી) જુનાગઢ, તા.૧૧ ।

જુનાગઢ મહાનગરપાલિકાની ફરી એક વાર બેદરકારી સામે આવી છે. કાળવાના વોકળા કાંઠે આવેલા ૧૮૧ જેટલા દબાણો હજી સુધી દૂર નથી કર્યા. તંત્રએ ૮ મહિના પહેલા માત્ર નોટિસ આપીને સંતોષ માન્યો છે. નોટિસ બાદ પણ દબાણો દૂર નથી થયા ત્યારે, એ વાતનો ભય સર્જાયો છે કે ગત વર્ષની જેમ ફરી પૂર આવે તો સ્થિતિ ગંભીર બની શકે છે. અત્રે નોંધનિય છે કે નોટિસ બાદ ૭ દિવસમાં દબાણ દૂર કરી દેવાના હોય છે તો સ્વેચ્છાએ દબાણ દૂર ના થાય તો મનપાએ સ્વખર્ચે દબાણ તોડવાના હોય છે. પરંતુ, હજી સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. તંત્રને આ મુદ્દે સવાલ પૂછાયો, ત્યારે તેમણે જૂના કમિશનર પર ઢોળ્યું અને કહ્યું કે જૂના કમિશનરે નોટિસ આપી હતી.

તેઓ હવે બદલાઈ ગયા છે. સાથે, એવું પણ જણાવ્યું કે, કેટલાંક લોકોએ કોર્ટમાં અરજી કરી છે. કોર્ટ કાર્યવાહી ચાલતી હોવાથી મનાઈ હુકમના લીધે દબાણ દૂર નથી કર્યા. પરંતુ અહીં, સવાલ ઉઠે કે, જૂના કમિશનરે જે નોટિસ આપી હતી. તેમાં ટાઉન પ્લાનિંગ અધિકારીની પણ સહી છે અને ટાઉન પ્લાનિંગ અધિકારી તો બદલાયા નથી. છતાં કામગીરીમાં ઢીલાશ કેમ? આવા સવાલ ઉઠાવ્યા છે એડવોકેટ કિરીટ સંઘવીએ. એવા પણ આક્ષેપ લાગ્યા છે કે, શું મોટા માથા હોવાથી દબાણ તોડવામાં નથી આવી રહ્યા.

### મગફળીના ખેતરમાં કામ ઘટના બની

## છોટાઉદેપુર જિલ્લામાં રીંછના હુમલામાં મહિલા સહિત બે ને ઈજા

### રીછ દ્વારા પુડલીબેન ઉપર હાથ ઉપર બાવળાના ભાગે બચકું ભરી લીધું હતું

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૧૧ ।

છોટાઉદેપુર તાલુકાના વાગલવાડા ગામે આજરોજ વહેલી સવારે રીંછે પુડળીબેન ગુલજીભાઈ રાઠવા ઉ વર્ષ ૬૫ વહેલી સવારે ૮:૦૦ વાગ્યાના અરસામાં મગફળીના ખેતરમાં કામ કરતી હતી. તે સમયે રીછ દ્વારા પુડલીબેન ઉપર હાથ ઉપર બાવળાના ભાગે બચકું ભરી લીધું હતું. વૃદ્ધાએ બુમાબુમ કરતા રીંછ જંગલ તરફ ભાગી ગયું હતું. ઘટનાની જાણ થતાં વન વિભાગની ટિમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અને ઈજાગ્રત વૃદ્ધાને સારવાર અર્થે છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ખેતરમાં કામ કરતી વૃદ્ધા ઉપર અચાનક હુમલો થતાં વૃદ્ધા ભારે ડરી ગઈ હતી. જ્યારે છોટાઉદેપુર તાલુકાના ચીલીયાવાટ ગામે આધેડ ઉપર રીંછે હુમલો કર્યો હતો. જ્યારે ૧૧:૦૦ કલાકે આધેડ ઈજાગ્રસ્ત થયા હતા. ચીલીયાવાટ ગામ ખાતે ઓકલીયા ફળિયા ખાતે રહેતા ખુરસિંગભાઈ વિરસિંગભાઈ ધણાક ઘર પાસે સ્નાન કરી રહ્યા હતા. જ્યારે એક રીંછ ત્યાં આવી ગયું હતું. અને ખુરસિંગભાઈ ઉપર હુમલો કર્યો હતો. અને પગમાં બચકું ભર્યું હતું. જ્યારે ખુરસિંગભાઈ એ બુમાબુમ કરતા રીંછ ભાગી ગયું હતું.

રીછ ના હુમલામાં ઈજા પામેલા ખુરસીંગભાઈને સારવાર માટે ૧૦૮ મારફતે છોટાઉદેપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા એક જ તાલુકામાં બે અલગ અલગ જગ્યાઓ પર એક જ દિવસે રીંછ દ્વારા હુમલો થતા છોટાઉદેપુર પંથકમાં પ્રજાના ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### કેન્દ્રને મોકલાઈ દરખાસ્ત

## રવિ પાકોના ટેકાના ભાવમાં થઈ શકે છે ૮થી ૮.૫ ટકાનો વધારો

### ગાંધીનગરમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

હવે ચોમાસાની શરૂઆત થવાની છે. એટલે કે ખેડૂતો માટે રવિ પાકની સીઝન શરૂ થવાની છે. ખેડૂતોની કમાણી માટે રવિ પાક ખુબ મહત્વનો હોય છે. રવિ પાકની ખરીદી ટેકાના ભાવે થઈ શકે તે માટે ગાંધીનગરમાં કૃષિમંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. રાજ્ય કૃષિ ભાવપંચની મળેલી બેઠકમાં રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવાનો નિર્ણય લેવાયો હતો. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલો કરી છે. ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક ઉન્નતી તરફ આગળ વધે તેવા નેક હેતુસર વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને પાકોની ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિંત થઈ યોગ્ય પાકોનું વાવેતર કરી શકે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ રવિ પાકો પૈકી ગુજરાતના ઘઉં, ચણા, રાયડા અને શેરડી પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ગુજરાતના ખેડૂતોને સર્વોત્તમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ના ટેકાના ભાવ નક્કી કરવા ઘઉં માટે રૂ. ૪૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા માટે રૂ. ૭૦૫૦ પ્રતિ ક્વિન્ટલ, રાયડા માટે રૂ. ૭૨૦૦ પ્રતિ ક્વિન્ટલ અને શેરડી માટે રૂ. ૯૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવની ભારત સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું.

### વિશેષ

### પ્રાકૃતિક પદ્ધતિ અને ઘનિષ્ઠ ખેતી અપનાવીને અનિલભાઈએ પ્રતિ હેક્ટર ત્રણથી ચાર ગણું વાવેતર અને ઉત્પાદન મેળવ્યું


# બાગાયત વિભાગની સહાય અને માર્ગદર્શન થકી ફળપાક, કૃષિપાક અને હળદર જેવા નવીન પાકો તથા આંતરપાકોમાં સફળતા મેળવી રહ્યા છે અમદાવાદના ખેડૂતો

### પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામોનો ઉપયોગ કરી ગુણવત્તાયુક્ત પેદાશોનુ ઉત્પાદન મેળવ્યું તથા બગીચામાં આંબો, મોસંબી, કીન્નો સહિતના પાકો લઈને રાજસ્થાન ઓર્ગેનિક સર્ટિફિકેશન એજન્સી દ્વારા બગીચો સર્ટિફાઇડ કરાવ્યો : અનિલભાઈ પટેલ

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ જિલ્લામાં બાગાયત ક્ષેત્રે પ્રાકૃતિક કૃષિનો વ્યાપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. જિલ્લાના ખેડૂતો ફળપાકોમાં અવનવા પ્રયોગો અને પ્રાકૃતિક કૃષિ થકી સારું ઉત્પાદન મેળવી રહ્યા છે. અમદાવાદના માંડલ તાલુકાના વનપરડી ગામના અનિલભાઈ પટેલ પણ પોતાના ફાર્મમાં બાગાયત અને કૃષિ પાકોમાં પ્રાકૃતિક ખેતી થકી સફળતા મેળવી રહ્યા છે. અનિલભાઈએ સાત વર્ષ પહેલા પ્રાકૃતિક પદ્ધતિથી ૧ હેક્ટરમાં ૪૦૦ આંબાનું વાવેતર કર્યું હતું. આ પ્રાકૃતિક વાવેતરના આમ્રફળ અનિલભાઈ આજે મેળવી રહ્યા છે. આ સીઝનમાં તેમણે અંદાજે ૪ ટન જેટલી કેરીનું ઉત્પાદન મેળવ્યું છે. તેઓ બજારમાં ૧,૫૦૦ પ્રતિ ૧૦ કિલોના ભાવે આ પ્રાકૃતિક કેરીનું સીધું વેચાણ કરી રહ્યા છે. આંબાના વાવેતરમાં અનિલભાઈએ ઘનિષ્ઠ ફળપાક વાવેતર પદ્ધતિનો ઉપયોગ કર્યો છે, જેમાં જૂની પદ્ધતિની સરખામણીમાં એક હેક્ટરમાં ત્રણથી ચાર ગણું વાવેતર મેળવી શકાય છે. એટલું જ નહીં, અન્ય ૧ હેક્ટર જમીનમાં અનિલભાઈ






કીન્નો, મોસંબી જેવા ફળપાકો અને તુવેર, મગ, ચણા, બાજરી જેવા ખેતી પાકોનું પણ વાવેતર કરે છે. એમાં પણ તેઓ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે તથા જીવામૃત, ઘન જીવામૃત જેવા આયામો જાતે જ બનાવે છે. ગત વર્ષે પણ અનિલભાઈએ તેમના વિસ્તારમાં નવીન પાક ગણાતી હળદરનું પણ વાવેતર કરીને હળદરના પાવડરનું ગ્રાહકોને સીધું વેચાણ કરીને સારો એવો નફો મેળવ્યો હતો. આ અંગે વાત કરતા અનિલભાઈ જણાવે છે કે, તેઓ ઘણાં વર્ષોથી પ્રાકૃતિક ખેતીથી કૃષિ પાકો અને ફળ પાકોમાં સારું ઉત્પાદન મેળવી રહ્યા છે. તેમનો બગીચો રાજસ્થાન ઓર્ગેનિક સર્ટિફિકેશન એજન્સી દ્વારા સર્ટિફાઇડ થયેલો છે. બાગાયત વિભાગનું માર્ગદર્શન અને સહાય તેમને સતત મળતી રહી છે. જિલ્લાના ખેડૂતોને મળતી સહાયો અને અનિલભાઈની પ્રાકૃતિક કૃષિમાં સફળતા અંગે વાત કરતા અમદાવાદના નાયબ બાગાયત નિયામક શ્રી સુરેશભાઈ વાળા જણાવે છે કે, અમદાવાદ જિલ્લાના ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધ્યો છે. તેમાં પણ ખાસ કરીને ફળપાકનું વાવેતર કરતા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં સારા એવા પરીણામ મળ્યા છે. આ ઉપરાંત, શાકભાજી અને મસાલાપાકોમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયમોના ઉપયોગ વડે ખેડૂતો ઓછા ખર્ચે સારો એવો નફો મેળવતા થયા છે. બાગાયત ક્ષેત્રે અવનવા પ્રયોગો થકી જિલ્લાના ખેડૂતો સફળતા મેળવી રહ્યા છે. બાગાયત વિભાગ તરફથી ખેડૂતોને ઘનિષ્ઠ ફળપાકના વાવેતરમાં સહાય, પોસ્ટ હારવેસ્ટ પેકિંગ મટેરીયલ, ટુલ્સ તથા ઈક્વિપમેન્ટ્સ સાધનોમાં પ્લાસ્ટિક કેરેટ્સ અને વજન કાંટામાં સહાય, મસાલા પાકમાં સહાય તેમજ ખેતર પરના સોર્ટિંગ, ગ્રેડિંગ અને પેકિંગ યુનિટમાં સહાય આપવામાં આવે છે. અનિલભાઈએ પણ આ પ્રકારની સહાયો થકી ફળ પાકો અને નવીન પાકોમાં પ્રાકૃતિક કૃષિ અપનાવીને સફળતા મેળવી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા

# પીએમ મોદીના શપથ પર પાકિસ્તાન તરફથી અભિનંદન પાઠવ્યા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સમગ્ર કેબિનેટની સાથે પદના શપથ લીધા હતા. ૪ જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા ત્યારથી દેશ અને દુનિયાના નેતાઓ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સની જીત પર અભિનંદન પાઠવી રહ્યા છે. હવે આ દરમિયાન પાડોશી દેશ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પીએમ મોદીને અભિનંદન આપ્યા છે કે નરેન્દ્ર મોદીને ભારતના વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન. જવાહરલાલ નેહરુના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. અત્યાર સુધી જવાહરલાલ નેહરુ એકમાત્ર એવા વડાપ્રધાન હતા જેઓ સતત ત્રણ વખત સત્તા પર આવ્યા હતા. વિશ્વભરના દેશોના વડાઓએ મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ તેમને અભિનંદન આપતા કહ્યું હતું કે ૨૦૨૪ની ચૂંટણીમાં સતત ત્રીજી વખત સફળ થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને એનડીએને અભિનંદન. તેમણે કહ્યું હતું કે હું બંને દેશોની સમાન સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા આતુર છું. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા અને નવી ચૂંટણીની જીત અને સારા કામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તે નિશ્ચિત છે. કે અમે ઈટાલી અને ભારતને એક કરતી મિત્રતાને મજબૂત કરવા અને અમારા રાષ્ટ્રો-અમારા લોકોની સુખાકારી સાથે સંબંધિત મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું.

### શ્રીલંકા ભારત સાથે તેની ભાગીદારીને વધુ મજબૂત કરવા આતુર છે

**ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ કહ્યું હતું કે તેઓ ભારત સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા આતુર છે. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા બદલ મારા મિત્ર વડાપ્રધાન મોદી અને NDAને અભિનંદન. તે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છે. શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે એનડીએની જીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રગતિ અને સમૃદ્ધિમાં ભારતીય લોકોનો વિશ્વાસ દર્શાવ્યો છે. શ્રીલંકા, તેના સૌથી નજીકના પાડોશી તરીકે, ભારત સાથે તેની ભાગીદારીને વધુ મજબૂત કરવા આતુર છે. તમને જણાવી દઈએ કે ભાજપે લોકસભા ચૂંટણીમાં ૨૪૦ સીટો જીતી છે. જ્યારે NDAને ૨૯૨ બેઠકો મળી છે. ૨૦૧૯ની સરખામણીમાં આ વખતે NDAને ઘણું નુકસાન થયું છે. છેલ્લી ચૂંટણીમાં એનડીએને ૩૫૦થી વધુ બેઠકો મળી હતી. ત્યારે ભાજપે પોતાના દમ પર ૩૦૩ બેઠકો જીતી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા છે. તેમણે રાષ્ટ્રપતિ ભવનમાં તેમના નવા કેબિનેટ સાથે શપથ લીધા. મોદી સરકાર ૩.૦માં કુલ મંત્રીઓની સંખ્યા ૭૨ છે, જેમાંથી ૩૦ મંત્રીઓ કેબિનેટનો ભાગ હશે. આ સિવાય ૫ મંત્રીઓને સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. સાથે જ ૩૬ સાંસદોને રાજ્યકક્ષાનું મંત્રી પદ આપવામાં આવ્યું છે. મોદી કેબિનેટ ૩.૦માં આવા ઘણા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ મોદી સરકાર ૨.૦માં પણ મંત્રી હતા.**

**ન્યૂઝ બ્રિફ**

### માલાવીના ઉપરાષ્ટ્રપતિ સાઉલોસ ચિલિમાને લઈ જતું વિમાન ગુમ થયું



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।**
રાષ્ટ્રપતિ અને કેબિનેટ કાર્યાલયના જણાવ્યા અનુસાર, માલાવીના ઉપરાષ્ટ્રપતિ સાઉલોસ ક્લાઉસ ચિલિમા અને અન્ય નવ લોકોને લઈ જતું વિમાન ગુમ થઈ ગયું છે. દક્ષિણપૂર્વ આફ્રિકામાં સ્થિત દેશ માલાવીના રાષ્ટ્રપતિ કાર્યાલયે સોમવારે જણાવ્યું હતું કે દેશના ઉપરાષ્ટ્રપતિ સાઉલોસ ક્લાઉસ ચિલિમા અને અન્ય ૯ લોકોને લઈ જતું વિમાન ગુમ થઈ ગયું છે.રાષ્ટ્રપતિ કાર્યાલય અને કેબિનેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''એરક્રાફ્ટ રડારથી ગાયબ થઈ ગયું ત્યારથી તેનો સંપર્ક કરવાના ઉડ્ડયન અધિકારીઓના તમામ પ્રયાસો અત્યાર સુધી અસફળ રહ્યા છે.''નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૫૧ વર્ષીય ચિલિમા માલાવી ડિફેન્સ ફોર્સ એરક્રાફ્ટમાં સવાર હતા, જેણે રાજધાની લિલોંગવેથી સ્થાનિક સમય મુજબ સવારે ૯.૧૭ વાગ્યે (ભારતીય સમય મુજબ બપોરે ૧૨.૪૫ વાગ્યે) ઉડાન ભરી હતી. મળતી માહિતી મુજબ, વિમાન ગાયબ થયા બાદ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૨માં, ચિલિમાને તેના અધિકારોથી વંચિત કરવામાં આવી હતી.

### માતા વૈષ્ણો દેવી બાદ હવે અમરનાથ યાત્રાને લઈને એલર્ટ



**। (એજન્સી) જમ્મુ,તા.૧૧ ।**
જમ્મુના રિયાસી વિસ્તારમાં માતા વૈષ્ણો દેવી જઈ રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલી બસ પર આતંકી હુમલા બાદ કાશ્મીર ઘાટીમાં પણ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આતંકવાદીઓએ હવે સુરક્ષા દળોના વાહનોને બદલે સામાન્ય જનતાના વાહનોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. તમને જણાવી દઈએ કે ૨૯ જૂનથી શરૂ થનારી અમરનાથ યાત્રાને લઈને કડક ચેતવણી જારી કરવામાં આવી છે. સુરક્ષાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના મહાનિર્દેશક રશ્મિ રંજન સ્વૈને પુષ્ટિ કરી છે કે કાશ્મીર ઘાટીમાં હાલમાં ૭૦-૮૦ વિદેશી આતંકવાદીઓ સહિત ૧૫૦ થી વધુ આતંકવાદીઓ સક્રિય છે. ઉધમપુર રિયાસી રેન્જના ડીઆઈજી રઈસ મોહમ્મદ ભટે કહ્યું કે આતંકવાદી હુમલા અંગે અમને મળેલી કડીઓના આધારે અમે શોધ શરૂ કરી છે. અમારી ૧૧ ટીમો સક્રિય છે. તમામ સુરક્ષા દળો સંયુક્ત રીતે કામ કરી રહ્યા છે. અમે ઘણા લોકોને પૂછપરછ માટે બોલાવ્યા છે.

### કર્ણાટકમાં કોંગ્રેસ ૧૯ બેઠકો ગુમાવ્યા બાદ

## ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે કહ્યું હતું કે 'ચૂંટણીના પરિણામો એલાર્મ બેલ છે'

### કોંગ્રેસ શાસિત કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ કર્ણાટકમાં કોંગ્રેસના પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।**
૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકે એનડીએને સખત ટક્કર આપી છે. જ્યારે યુપીમાં, વિપક્ષી ગઠબંધન ૮૦ માંથી ૪૩ બેઠકો જીતવામાં સફળ રહ્યું છે, રાજસ્થાનમાં પણ, ભારતીય બ્લોકે ૨૫માંથી ૧૧ બેઠકો જીતી છે, જેના કારણે ભાજપને નુકસાન થયું છે.છેલ્લી લોકસભા ચૂંટણી (૨૦૧૯)ની તુલનામાં, કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ભારતીય બ્લોકને વધુ બેઠકો મળી છે. હજુ પણ ઘણા રાજ્યોમાં કોંગ્રેસ અપેક્ષા મુજબની



સફળતા મેળવી શકી નથી. કોંગ્રેસ શાસિત કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે પણ કર્ણાટકમાં કોંગ્રેસના પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું છે કે કર્ણાટકના ચૂંટણી પરિણામો એલાર્મ બેલ છે અને તેમાં સુધારાની જરૂર છે. કુમારકૃપા ખાતેના તેમના નિવાસસ્થાને ડીકે શિવકુમારે કહ્યું, 'તમામ નેતાઓ સાથે સમીક્ષા બેઠક યોજાશે. આ આત્મનિરીક્ષણ કરવાનો અને જરૂરી સુધારા કરવાનો સમય છે. હાલમાં બેંગલુરુ મતવિસ્તાર માટે સમીક્ષા બેઠક યોજાઈ રહી છે. રાજ્યના અન્ય મતવિસ્તારોમાં પણ આવી જ સમીક્ષા બેઠકોનું આયોજન કરવામાં આવશે. અમે ટૂંક સમયમાં આ સમીક્ષા બેઠકોની તારીખો જાહેર કરીશું.જ્યારે ડીકે શિવકુમારને કોંગ્રેસ અધ્યક્ષ દ્વારા કર્ણાટક અને હિમાચલ પ્રદેશના પરિણામો પર નારાજગી વ્યક્ત કરવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો.

### ઓક્સફર્ડ યુનિવર્સિટી તામિલનાડુના

## મંદિરમાંથી ચોરાયેલી ૫૦૦ વર્ષ જૂની પ્રતિમા ભારતને પરત કરશે

### તમિલનાડુના મંદિરમાંથી ચોરાયેલી કાંસ્ય મૂર્તિ માટે ભારત સરકારે બ્રિટિશ મ્યુઝિયમને ઔપચારિક વિનંતી મોકલી હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।**
બ્રિટનની પ્રખ્યાત ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ એક સંતની ૫૦૦ વર્ષ જૂની કાંસ્ય પ્રતિમા ભારતને પરત કરવા સંમતિ આપી છે. કહેવાય છે કે તે તમિલનાડુના મંદિરમાંથી ચોરાઈ હતી.યુનિવર્સિટીના અશ્મોલિયન મ્યુઝિયમ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૧૧ માર્ચ, ૨૦૨૪ના રોજ, ઓક્સફર્ડ યુનિવર્સિટીની કાઉન્સિલે અશ્મોલિયન મ્યુઝિયમમાંથી સંત તિરુમાનકાઈ અલવરની ૧૬મી સદીની કાંસ્ય પ્રતિમા પરત કરવાના



ભારતીય હાઈ કમિશનના દાવાને સમર્થન આપ્યું હતું. આ નિર્ણય હવે ચેરિટી કમિશન સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.સંત તિરુમાનકાઈ અલવરની ૬૦ સેમી ઊંચી પ્રતિમા ૧૯૬૭માં ડૉ. જે.આર. દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. તે બેલમોન્ટ (૧૮૮૬– ૧૯૮૧) નામના કલેક્ટરના સંગ્રહમાંથી સોથેબીના ઓક્શન હાઉસમાંથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના એશમોલીયન મ્યુઝિયમ દ્વારા હસ્તગત કરવામાં આવ્યું હતું. મ્યુઝિયમનું કહેવું છે કે ગયા વર્ષે નવેમ્બરમાં એક સ્વતંત્ર સંશોધકે તેને પ્રાચીન પ્રતિમાની ઉત્પત્તિ વિશે જાણકારી આપી હતી, ત્યારબાદ તેણે ભારતીય હાઈ કમિશનને એલર્ટ કર્યું હતું.તમિલનાડુના મંદિરમાંથી ચોરાયેલી કાંસ્ય મૂર્તિ માટે ભારત સરકારે બ્રિટિશ મ્યુઝિયમને ઔપચારિક વિનંતી મોકલી હતી.



નવી દિલ્હીમાં રેલ્વે રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાનું અધ્યક્ષ રેલ્વે બોર્ડ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું, તેમણે રેલ્વે રાજ્ય મંત્રી તરીકેનો ચાર્જ પણ સંભાળ્યો હતો.

**સોનાક્ષી સિન્હા પ્રભુતામાં પગલા માંડશે**

### સોનાક્ષી સિન્હા ઝહીર ઇકબાલ સાથે ૨૩ જૂને મુંબઈમાં લગ્ન કરશે



**। (એજન્સી) મુંબઈ,તા.૧૧ ।**
બોલીવુડના પીઢ અભિનેતા અને નેતા શત્રુઘ્ન સિંહની પુત્રી સોનાક્ષી સિન્હા અને ઝહીર ઈકબાલ ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા છે અને હવે આ કપલની લગ્નની તારીખો જાહેર થઈ ગઈ હોવાની વાત વહેતી થઈ છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલો અનુસાર, આ કપલ આજ મહિને લગ્નના બંધનમાં બંધાઈ જશે. સોનાક્ષી સિન્હાના માતા-પિતા શત્રુઘ્ન સિન્હા અને પૂનમ સિન્હા તેમની દીકરીના લગ્નને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. મીડિયા સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સોનાક્ષી અને ઝહીર ૨૩ જૂને તેમના મિત્રો અને પરિવારના સભ્યોની હાજરીમાં લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ દંપતીએ ડેસ્ટિનેશન મેરેજમાં જવાને બદલે મુંબઈમાં લગ્ન કરવાનું નક્કી કર્યું છે. અહેવાલો અનુસાર, લગ્ન મુંબઈમાં થશે. જોકે, લગ્નમાં દંપતીના નજીકના મિત્રો અને પરિવારના સભ્યોને જ આમંત્રણ આપવામાં આવશે. જો કે, લગ્ન પછી, આ દંપતી એક રિસેપ્શન પાર્ટીનું આયોજન કરશે, જેમાં બોલિવૂડ સ્ટાર્સ હાજરી આપશે. જો કે સોનાક્ષી, ઝહીર અને તેમના પરિવારે હજુ સુધી આ અહેવાલનો જવાબ આપ્યો નથી. સોનાક્ષી અને ઝહીર છેલ્લા ૪-૫ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. જોકે બંને ઘણીવાર સાથે પાર્ટી કરતા જોવા મળે છે, પરંતુ તેઓએ ક્યારેય જાહેરમાં તેમના સંબંધનો સ્વીકાર કર્યો નથી. બંનેએ હંમેશા કહ્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે. સૂત્રોનું માનીએ તો સોનાક્ષીના લગ્નનું આમંત્રણ મેગેઝીનના કવરની જેમ તૈયાર કરવામાં આવશે. તેના પર લખવામાં આવશે - 'અફવાઓ સાચી છે...' લગ્નમાં આવનાર તમામ મહેમાનોને ઔપચારિક રીતે હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે. આ ઉજવણી મુંબઈમાં થઈ શકે છે. આ રેસ્ટોરાંની માલિક બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી છે.સોનાક્ષી અને ઝહીર લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. જો કે અત્યાર સુધી બંનેએ આ અંગે ખુલીને વાત કરી નથી કે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. બંનેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ તેમના બોન્ડને જાહેર કરે છે. તાજેતરમાં જ સોનાક્ષીના જન્મદિવસ પર પણ ઝહીરે અભિનેત્રી સાથેના ઘણા ક્યૂટ ફોટા શેર કર્યા હતા. ૩૬ વર્ષીય ઝહીર ઈકબાલે ૨૦૧૯માં ફિલ્મ 'નોટબુક'થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી, તે ૨૦૨૨ માં સોનાક્ષી સિંહા અને હુમા કુરેશી સ્ટારર 'ડબલ એક્સએલ' માં જોવા મળ્યો હતો. પોતાની ૬ વર્ષની કારકિર્દીમાં ઝહીરે આ બંને ફિલ્મોમાં કામ કર્યું છે જે ફ્લોપ રહી હતી. ઝહીરના પિતા ઈકબાલ રત્નાસી પણ સલમાન ખાનના નજીકના મિત્ર છે. ઝહીરને લોન્ચ કરવામાં સલમાને પણ મદદ કરી હતી. આ પહેલા ઝહીર સલમાનના ભાઈ સોહેલની એક ફિલ્મમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર પણ હતો.

### એપલ કંપનીએ કરી મોટી જાહેરાત

## ૧૦ જૂનના રોજ યોજાયેલ Apple WWDC ૨૦૨૪માં થઈ જાહેરાત

**। (એજન્સી) મુંબઈ,તા.૧૧ ।**
૧૦ જૂનના રોજ યોજાયેલ Apple WWDC ૨૦૨૪માં ઘણી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. કંપનીએ આ ઈવેન્ટમાં Apple Intelligenceને iOS ૧૮ વિશે માહિતી આપી છે. જો કે, આ સમગ્ર કાર્યક્રમની સૌથી મોટી ખાસિયત એ છે, iPhone પર કોલ રેકોર્ડિંગની શરૂઆત થશે. એટલે કે હવે યુઝર્સ iPhone પર પણ કોલ રેકોર્ડિંગ કરી શકશે.જેને ફોન એપથી સીધા જ એક્સેસ કરી શકાય છે. આ માટે તમારે અન્ય કોઈ એપની જરૂર નહીં પડે. આઈફોનમાં પહેલા કોલ રેકોર્ડિંગ ફીચર ઉપલબ્ધ નહોતું, જેના કારણે ઘણા યુઝર્સ પરેશાન હતા. એપલના સોફ્ટવેર એન્જિનિયએ ઈવેન્ટમાં આ ફીચર વિશે માહિતી આપી હતી. ટૂંક સમયમાં iPhone યુઝર્સને એન્ડ અને મ્યૂટ બટન સાથે કોલ રેકોર્ડિંગનો વિકલ્પ મળશે. કંપનીએ યુઝર્સની પ્રાઈવસીનું પણ ધ્યાન રાખ્યું છે.જેમ જેમ કોઈ વ્યક્તિ રેકોર્ડિંગ ચાલુ કરશે કે તરત જ અન્ય પક્ષને તેના વિશે માહિતી મળી જશે.

### ફ્લાઈટને ઉડાવી દેવાની ધમકી

## ઉડાવી દેવાની ધમકી આપનારા ૧૩ વર્ષના બાળકની પોલીસે કરી ધરપકડ

**। (એજન્સી) ઉત્તરપ્રદેશ,તા.૧૧ ।**
એરપોર્ટ પોલીસે મેરઠથી એક ૧૩ વર્ષના સગીરની ધરપકડ કરી છે. આરોપ છે કે બાળકે ૪ જૂને રાત્રે ૧૧:૩૦ વાગ્યે એક ઈમેલ દ્વારા દિલ્હી પોલીસને ફ્લાઈટમાં બોમ્બ હોવાની જાણકારી આપી હતી. ઈમેલમાં બાળકે દિલ્હીથી ટોરોન્ટો જઈ રહેલી એર કેનેડાની ફ્લાઈટમાં બોમ્બ મુકવામાં આવ્યો હોવાની માહિતી આપી હતી. જેના કારણે તમામ એજન્સીઓ તરત જ એક્શનમાં આવી ગઈ હતી અને ફ્લાઈટને ૧૨ કલાકથી વધુ સમય માટે રોકવી પડી હતી. હવે આ કેસની તપાસ દરમિયાન એરપોર્ટ પોલીસે ૧૩ વર્ષના બાળકને પકડી પાડ્યો છે. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું કે જે ઈમેલ દ્વારા ધમકી આપવામાં આવી હતી તે માત્ર એક કલાક પહેલા જ બનાવવામાં આવી હતી. આ મેલ ઉત્તર પ્રદેશના મેરઠથી મોકલવામાં આવ્યો હતો. જ્યારે પોલીસે મેરઠ જઈને તપાસ શરૂ કરી તો સામે આવ્યું કે આ મેઈલ ૧૩ વર્ષના બાળકે મોકલ્યો હતો.

## પરીક્ષાને રદ કરવા-કાઉન્સિલિંગ પર રોક લગાવવાથી કોર્ટનો ઈન્કાર

**। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।**
નીટ યુજી પરિણામ સામે આવ્યા પછીથી મેડિકલ ફિલ્ડમાં ખળભળાટ મચી ગયો છે. રિઝલ્ટ જોયા પછી ટોપર્સનું લિસ્ટ અને ગ્રેસ માર્ક્સ વિદ્યાર્થીઓને હેરાન કરી રહ્યાં છે. મેડિકલ વિદ્યાર્થીઓએ નીટ પરીક્ષામાં બેદરકારી રાખવામાં આવતી હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે. એનટીએની વિરુદ્ધ તમામ અરજીઓ દાખલ કરવામાં આવી છે. જોકે સુપ્રીમ કોર્ટે આજે થયેલી સુનાવણીમાં કહ્યું કે તે એનટીએની દલીલ પણ સાંભળવા માંગશે. ઉલ્લેખનીય છે કે નીટ યુજી રિઝલ્ટ જાહેર થઈ ગયા







પછી વિદ્યાર્થીઓનો ગુસ્સો એનટીએ પર ઉભરી રહ્યો છે. મેડિકલ સ્ટુડન્ટ્સે પરીક્ષા આયોજિત કરનારી એજન્સી એનટીએ પર ઘણા સવાલો કર્યા છે. વિદ્યાર્થીઓનું માનવું છે કે આ વખતે પરીક્ષામાં કોઈને કોઈ ગડબડ થઈ છે. ઈતિહાસમાં પ્રથમ વખત એવું બન્યું છે કે ૬૭ સ્ટુડન્ટ્સના ફુલ માર્ક્સ આવ્યા છે. આ સિવાય એક જ સેન્ટરમાંથી ઘણા બધા ટોપર નીકળવાના પગને લોકો નીટ પર શંક કરી રહ્યાં છે. જેને લઈને સોશિયલ મીડિયા અને રોડ પર સ્ટુડન્ટ્સ પ્રોટેસ્ટ કરી રહ્યાં છે.

નીટ પરીક્ષાને લઈને એનટીએની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં ઢગલાબંધ અરજી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કઉન્સિલિંગ પર રોક લગાવવા અને રી-એક્ઝામ લેવાથી ઈંકાર કર્યો છે. આજે સુપ્રીમ કોર્ટ માં નીટ પરીક્ષાને લઈને સુનાવણી થઈ છે. સુપ્રીમ કોર્ટે કાઉન્સિલિંગ પર રોક લગાવવા અને રી-એક્ઝામ લેવાથી ઈંકાર કર્યો છે. સાથે જ આગામી સુનાવણીમાં એનટીએનો પક્ષ પણ સાંભળવામાં આવશે.

## તંત્રી લેખ...

### આતંકવાદના ગઢ સમા પુલવામામાં 30 વર્ષ પછી ખુલ્યું મંદિર

જમ્મુ-કાશ્મીરનાં પુલવામાં જિલ્લાનાં એક ગામમાં અંદાજે ત્રીસ વર્ષ પછી એક મંદિર ખુલ્યું છે. કાશ્મીરી પંડિતોએ મુર્રાન ગામમાં બરારીમાં આવેલા મંદિરમાં આજે ખાસ પાર્થના કરી છે. મુર્રાન ગામના પંડિત અને મુસ્લિમ સમુદાયના સભ્યોએ ત્રણ દાયદાથી વધુ સમય પછી મંદિરના દ્વાર ખોલ્યા અને વિશેષ પ્રાર્થના કરી અને પ્રસાદ વહેંચ્યો હતો. મંદિર ખુલવાથી ગામના પંડિતો ખૂબ જ ખુશ હતા. બંને સમુદાયોએ મળીને હવન કર્યો હતો. પંડિતોએ મીડિયાને જણાવ્યું કે મુર્રાન ગામમાં પરંપરા છે કે હિન્દુ અને મુસ્લિમ બંને સમુદાયોના સભ્યો ભેગા થઈને આ પ્રસંગની ઉજવણી કરે છે. પંડિતોએ કહ્યું  અમે ઘણા સમય પછી અમારા પંડિત ભાઈઓ સાથે અહીં ભેગા થયા છીએ. અમે અમારી ધાર્મિક માન્યતાઓ મુજબ હવન કરીએ છીએ અને અહીં મુસ્લિમો હંમેશા તેમની સાથે ખભે ખભા મિલાવીને ચાલતા આવ્યા છે. ૧૯૮૯માં ગામ છોડીને ભાગી ગયેલા પંડિતોની મિલકતો સલામત છે અને તે જ હાલતમાં છે. જ્યારે તેઓએ હવનમાં હાજરી આપી ત્યારે ગામના મુસ્લિમોએ તેમનું દિલથી સ્વાગત કર્યું હતું અને દાયકાઓ પછી એક સાથે ધાર્મિક પ્રસંગો ઉજવવાનું જૂનું વાતાવરણ ગામમાં જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે પુલવામા હંમેશાથી આતંકવાદનો ગઢ રહ્યો છે. અવારનવાર આતંકવાદ સાથે જોડાયેલા સમાચાર અહીંથી આવે છે. મંગળવારે પુલવામામાં બે વિસ્ફોટક ઉપકરણોની પુનઃપ્રાપ્તિના સંબંધમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ ઓવર ગ્રાઉન્ડ શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. લગભગ છ કિલોગ્રામ વજનનું વિસ્ફોટક ઉપકરણ રવિવારે મળી આવ્યું હતું અને તેને નષ્ટ કરી દેવામાં આવ્યું છે.  જમ્મુ અને કાશ્મીર પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૩ જૂને ન્ કમાન્ડર રિયાઝ ડાર અને તેના સહયોગી રઈસ ડારના મૃત્યુ પછી વધુ તપાસ દરમિયાન, પોલીસે માર્યા ગયેલા આતંકવાદીઓના ઓવર ગ્રાઉન્ડ વર્કર નેટવર્કમાંથી વિસ્ફોટકો જપ્ત કર્યા છે. તેમણે કહ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓને આશ્રય અને લોજિસ્ટિક સપોર્ટ આપવા બદલ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. હજુ બે દિવસ પહેલા જ જમ્મુ-કાશ્મીરના રિયાસી વિસ્તારમાં આતંકવાદીઓ દ્વારા શ્રદ્ધાળુઓથી ભરેલી બસ પર હુમલો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ બસ કાબૂ બહાર ગઈ હતી અને ખાઈમાં પડી હતી.

### દુનિયાનું એવું અસ્તિત્વ નથી હોતું જેવું સાક્ષાત્કારના પામેલી વ્યકિત માટે હોય



આ દુનિયામાં દરેક સ્વરૂપ ચેતનાની અભિવ્યક્તિ છે. આ દુનિયામાં બધું ગતિશીલ છે. પર્વત પણ સ્થિર નથી. દરેક અણુ સ્વભાવે ગતિશીલ છે. આ તમામ ઉત્ક્રાંતિના અમુક તબક્કામાંથી પસાર થાય છે. સમસ્ત સર્જન પંચમહાભૂત અને દસ ઈન્દ્રિયો-પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનું બનેલું છે. આ સમસ્ત સર્જન તમને આનંદ અને રાહત આપવા સર્જાયું છે. જે કંઈ તમને આનંદ આપે છે તે તમને રાહત પણ આપતું હોવું જોઈએ. નહીંતર એ જ આનંદ દર્દ બની જાય છે. હું તમને એક ઉદાહરણ આપુંઃ તમને એપલ પાઈ ભાવે છે, પરંતુ એક સાથે પાંચ ખાવી એ તમારા માટે થોડું અઘરું પડી શકે છે. જે વસ્તુ તમને આનંદ આપતી હતી તે જ હવે તમને અકળાવે છે. સમસ્ત સર્જન તમને આનંદ અને મુક્તિ આપે છે. તમારે ક્યારેક તો આ બધાથી મુક્તિ મેળવવી જોઈએ નહીંતર આનંદ દર્દ બની જાય છે. આત્મ સાક્ષાત્કાર પામેલી વ્યકિત માટે આ દુનિયાનું એવું અસ્તિત્વ નથી હોતું જેવું સાક્ષાત્કારના પામેલી વ્યકિત માટે હોય છે, દુનિયાનું અસ્તિત્વ તેના વિરોધાભાસી સ્વરુપોમાં ચાલુ રહે છે. જે વ્યકિત જ્ઞાન થકી જીવે છે તેને હવે કશું પીડાકારક રહેતું નથી. તેને દુનિયા એકદમ અલગ જણાય છે. તેને માટે આ સર્જનનો દરેક ઈંચ પરમાનંદથી ભરેલો છે અથવા પોતાનો એક હિસ્સો લાગે છે. પરંતુ અન્યો સર્જનને જે રીતે જુએ છે તેવું તેમને જણાય છે. તમારું શરીર ત્રણ ગુણોનું બનેલું છે-સત્વ, રજસ અને તમસ-અને તમારા વિચારો તથા વર્તણૂકની ઢબ એ પ્રમાણે બદલાય છે. તમસ મંદપણું, નિંદ્રા, સુસ્તીમાં વૃદ્ધિ કરે છે. રજસ અજંપો, ઈચ્છાઓ અને વેદના આપે છે. જ્યારે મનમાં સત્વનો પ્રભાવ હોય છે ત્યારે તે આનંદિત, ચપળ અને ઉત્સાહી હોય છે. જ્યારે આ ત્રણ ગુણો તમારા શરીરમાં તેમની પ્રકૃતિ પ્રમાણે કાર્ય કરે છે ત્યારે આ જુદા જુદા લક્ષણોનો પ્રભાવ હોય છે. તમારામાં ઉઠતી માનસિક વૃત્તિઓનું અવલોકન કરો અને એવું ના માનશો કે તમે એ વૃત્તિઓ છો. એક વાર્તા છે. એક મહાન સાધુ હતા,જે હિમાલયમાં રહેતા હતા. તેઓ કોઈ પ્રતિબંધ વગર ક્યાંય પણ જઈ શકતા. લોકો તેમને પ્રેમ કરતા અને આવકારતા. દરરોજ આ સાધુ રાજાના મહેલમાં સવારના ભોજન માટે જતા. રાણી તેમને સોનાના થાળી વાટકીમાં ભોજન પીરસતી. તેઓ જમીને નીકળી જતા. એક દિવસ જમ્યા પછી તેઓએ ચાંદીના પ્યાલા અને સોનાની ચમચીની ઉઠાંતરી કરી અને ચાલી નીકળ્યા. તેમણે કોઈને કહ્યું પણ નહીં કે તેમને એ જોઈતા હતા. મહેલમાં લોકોને આશ્ચર્ય થયું. "સાધુને શું થઈ ગયું છે? તેમણે ક્યારેય આવી રીતે કોઈ વસ્તુ નથી લીધી, તો આજે શું થઈ ગયું હશે કે કોઈને કહ્યા વગર વસ્તુઓ લઈ ગયા?"તેઓને અચંબો લાગ્યો. ત્રણ દિવસ પછી સાધુ એ વસ્તુઓ પાછી લાવ્યા એનાથી લોકોને વધારે મુંઝવણ થઈ. રાજાએ સાધુના વર્તનને સમજવા બધા જ્ઞાની લોકોને બોલાવ્યા. પંડીતો અને જ્ઞાનીઓએ તે દિવસે સાધુને શું જમાડવામાં આવ્યું હતું તેની તપાસ આદરી. તેઓએ જાણ્યું કે કોઈ લુંટારાઓ પાસેથી જપ્ત કરેલા અનાજથી રસોઈ કરવામાં આવી હતી અને સાધુને પીરસાઈ હતી તેને લીધે તેમણે ઉઠાંતરી કરી હતી! આમ, દર્દના મૂળભૂત કારણને દૂર કરવા માટે એક ચોક્કસ સમજની જરૂર હોય છે. શરીર, મન અને સમસ્ત દુનિયા હર સમયે બદલાતા રહે છે. સમસ્ત વિશ્વ તરલ સ્વરુપમાં છે. નક્કર જ્ઞાન એ છે કે, 'હું શરીર નથી, હું આત્મા છું, હું અવકાશ છું, હું મારી આસપાસની દુનિયાથી અવિનાશી, અલિપ્ત અને અવિચલ છું.

**જીંદગીની સંતાકૂકડી કે જેમાં ધૂપ છાવ આવે છે પણ એનાં સમયે! અને આપણે એની ઉતાવળા થયાં વગર રાહ જોવાની હોય છે!**

# આગમનની સોહામણી કલ્પના જ ગમનને વળી આગમનનાં એંધાણ એ જ આ સૃષ્ટિનો નિયમ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગામને પાદર આવતી શહેરની બસનો અવાજ દૂર દૂર સંભળાય છે, ગગો આવવામાં જ હશે! તો થોડા રૂપ રંગ સરખા કરી લેજો, આ ચૂલાની મશ ઉડી હશે! અને હા હવે તમે પણ થોડો આરામ કરો, આ ભાભાને તો હું વાળું કરવા આપી દઈશ! એ હા બા એમ કરીને ચંપા ઓરડા તરફ ચાલી.**

મિત્રો હવે ચોમાસું નજીક આવી રહ્યુ છે અને એનાં આગમનની સોહામણી કલ્પના જ આપણને રોમાંચિત બનાવી દે છે. જેમ પ્રકૃતિમાં એક ઋતુ જાય અને પછી બીજી આવે, એમ જ વ્યક્તિગત જીવનમાં પણ કોઈ વાર બળબળતો ઉનાળો, તો કોઈ વાર હર્યુંભર્યું ચોમાસુ, એમ સૌનું જીવન એક યા બીજા ભાવની પૂર્તિ કરતું વીતતું હોય છે. પરંતુ આપણી નજર કોઈ વાર ગમન પર, એટલે કે જીવનમાં ગુમાવ્યા પર એટલી બધી ચોંટી જતી હોય છે કે, આપણને બીજું કંઈક આગમન પણ થયું, એટલે કે જીવનમાં સારી ઘટના પણ ઘટી એ તરફ જોવા દેતી નથી. એમાં પણ પ્રકૃતિ રૂઠી હોય એવું કોઈને લાગે, ત્યારે તો એ બહુ અઘરું થતું હોય છે, અને એવો જ કિસ્સો, આજે આપણે બોધકથામાં જોઈશું. પસાભાઈ ખેતરને શેઢે બેઠા હતા અને પોતાનું ખેતર નિહાળી રહ્યાં હતાં, અને જો આ ચોમાસું સારું જાય તો... ઋતુઓની રાણી વર્ષાનું આગમન પ્રકૃતિને નવચેતન બક્ષી રહ્યું હતું, ખુદનાં મનમાં પણ ગગાનાં લગ્ન માટે કેટકેટલા ભાવ ઉભરાતા હતાં. થોડીવાર પ્રકૃતિનો આનંદ લઈ પસાભાઈ ઘરે આવે છે, અને ધર્મ પત્ની પાર્વતીને સાદ કરે છે, પાર્વતી!! વર્ષાનાં વધામણાં થઈ ગયાં છે, ગગાનાં લગ્નની ઘડી પણ નજીક આવી રહી છે, અને પત્ની હાશકારો કરીને થોડીવાર પતિની બાજુમાં ઢોલિયે બેસે છે, પતિ-પત્ની બંને પુત્રવધૂના આગમનનું સ્વપ્ન જોવા લાગ્યા. બા! બાપુજીનું ભાત લઈને ખેતરે જાઉં છું, જોઈલો તો બધું બરાબર છે ને! વહુ બેટા એક ડુંગળીનો દડો અને ગોળ વધારાનો મૂકી દે, ભાભાને એ વગર રોંઢો કરવાનું ફાવશે નહીં, અને છાસમાં જોજે જરા પણ પાણી નહીં નાખતી! એ હો બા એમ કરતી રૂમઝૂમ કરતી ચંપા ખેતર બાજુ ચાલી. ગળા સુધીનો ઘૂમટો તાણી અને ચંપા બોલી બાપજી, વેળા થઈ ગઈ છે, હવે રોંઢો કરી લ્યો! સોટી લાવો ઘડીક હું ખેતરમાં આંટો મારીને ઓલા કાબર ચકલાને કાગડા ઉડાડી આવું! નહીં તો પાક બેઠા પહેલા જ ફોલી ખાશે! સાંજની વેળા થઈ અને પસાભાઈ ઘર ભણી પાછાં વળ્યાં! ફળિયાના ઢોલિયે જ પાર્વતીને આડી પડેલી જોઈ બોલ્યાં, એલી વાહ તારા તો નસીબ ઉઘડી ગયાં, પુત્રવધૂના આગમનથી રસોડું છૂટ્યું, પણ આ અમારે નસીબે તો હજી હળ અને બળદ જ છે! એ ના હો!! એમ કરતી પાર્વતી બોલી, તમારે રૂડા પકવાન અને રેશમી તળાઈમાં પોઢવાના નસીબ છે જ વળી, પણ ગગા સાથે શહેરમાં રહેવાની ના પાડો તો શું થાય! અને રોજ રોજ બાપજી બાપજી કહેતી આગળ પાછળ ફરતી પુત્રવધૂની લ્હાણ તમે ક્યાં નથી લેતાં! તોય તારી જેટલું તો નહીં જ ચૂલો ચક્કો છૂટ્યો, અને ધુમાડાથી કાળુ મશ થઈ ગયેલું મોઢું જો તો, કેવું ચમકવા લાગ્યું, જાણે પૂનમનો ચાંદ! છોડો હવે! પુત્ર પુત્રવધુ નું જોઈ ભાભા ને કંઈ જુવાની ફૂટી છે કે શું! તે વળી શું થયું! મારી ઘરવાળીને જ કહું છું, કંઈ પાડોશી ને થોડો કહેવા જાઉં છું! અને ઘરડા ઘરડા અંગો પણ એકબીજાને અડીને હસી પડે છે. વહુ બેટા! ગામને પાદર આવતી શહેરની બસનો અવાજ દૂર દૂર સંભળાય છે,ગગો આવવામાં જ હશે! તો થોડા રૂપ રંગ સરખા કરી લેજો, આ ચૂલાની મશ ઉડી હશે! અને હા હવે તમે પણ થોડો આરામ કરો, આ ભાભાને તો હું વાળું કરવા આપી દઈશ! એ હા બા એમ કરીને ચંપા ઓરડા તરફ ચાલી. અરીસામાં મોઢું જોતાં ચંપા બોલી, બાની વાત સાચી છે, આ મશને કારણે મોઢું તો જો કાળું થઈ ગયું છે! ફટાફટ મોઢું ધોઈ વળી પાછી અરીસા આગળ આવી. ગુલાબી કલરનુ ઓઢણું ઓઢ્યું, અને વાળ છૂટા કરી પસવાર્યા! કમરથી નીચે ઝૂલતા વાળ,રતુંમડા ગાલ, ગુલાબી હોઠ, કજરાળી આંખો, અને ફાટફાટ થતી ચોળી માંથી બહાર ડોકિયું કરતાં અંગો જોઈ, અને ચંપા પોતાના રુપ પર મોહી પડી, અને પિયું મિલનનાં સપને સરી પડી! ત્યાં ઓહ આ લટ તો જો કેટલી આડી આવે છે! આ સુરજ મુખી જેવો તારો ચમકતો ચહેરો દેખાતો પણ નથી, એમ કહી એને કડેથી પકડી, જાણે કે વૃક્ષ લત્તાને તેની બાંહોમાં જકડતું હોય! લે તમે વળી કયારે આવી ગયાં! આ ગુલાબી ઓઢણું અને ગુલાબી હોઠ ક્યારના બોલાવતાં હતાં, તે મારે તો આવવું જ પડે ને! એય ક્યાં હાલી આવ એમ કરી.... ઓહ તમે પણ શું! આ બા બોલાવશે! ના હો ક્યાંય જવાનું નથી લગ્ન પછી પૂરાં છ મહિને આવું છું સમજી! આ વખતે તો ઘરનું પણ નક્કી કરીને આવ્યો છું! બા આજે સવારથી ઉલટી જેવું થાય છે, આજ બાપજી ને ભાત દેવા ખેતરે નહીં જવાય ! શું કહ્યું વહું બેટા! ઉલટી જેવું થાય છે! ગગા ઢોલીને બોલાવ, ને ઢોલ વગડાવો! નાના મહેમાન નાં આગમન નાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. કહું છું સાંભળો છો! ગામના સુથાર વાલજીભાઈને ત્યાં આંટો મારી આવજો અને એક પારણું બનાવવાનું કહેતા આવજો! અને હા કહી દઉં છું કે સાગ સિસમનું મોર પોપટ વાળું એકદમ સરસ પારણું બનાવવાનું છે, એમાં જરાયે લોભ નહીં ચાલે, અને માથે ઓલું ફરતું ઝુમ્મર તો ખરું જ સમજ્યા! પાર્વતી અંધારું થયું પાણિયારે દીવો તો કર! આ દિવસનાં વળી કયું સપનું જોવા મંડી હતી! એ તમને ના ખબર પડે, હાલો હવે ઝટઝટ મહેમાનોનું લીસ્ટ બનાવો, ગગાના લગ્નની કંકોત્રી છપાવવી પડશે ને! ગગાના લગ્ન થયાં ઢોલ શરણાઈ વાગી, ગામ આખું જમવા આવ્યું, ને વરઘોડિયાને સૌ એ સુખી થવાનાં આશીર્વાદ પણ આપ્યા,પણ બધું સપનામાં, અને એક દિવસ એક બસના અવાજે જીવતર રોળાઈ ગયું....અને એ દિવસથી પાર્વતી બા સુનમુન થઈ ગયાં.અલી પાર્વતી ઉભી થા હવે જે થવાનું હતું તે થયું, છોડ હવે આપણાં નસીબ બીજું શું! પણ ગગાનાં બાપુ આ મુઈ બસ ખરે ટાણે જ ખાબકી ને આગમન પહેલાં જ ઈશ્વરે ગમનના વાવડ કેમ આપ્યા! ત્યાં જ બહારથી સાદ સંભળાયો પસાભાઈ અંદર આવું કે! આ ઓલે શહેરથી કોઈ બાઈ માણહ ક્યારનું તમારી ડેલીનું સિરનામુ પુછે છે,તે મને થયું કે હું જ ઘર બતાવતો આવું! અને એક યુવાન શહેરી યુવતી એ અંદર પ્રવેશ કર્યો. સાડીનો છેડો માથે નાખતા એ યુવતી બોલી બા બાપજી! હું સંધ્યા છું,અને તમારા દીકરા સંદીપ સાથે જ એની ઓફિસમાં કામ કરું છું,અમે બંનેએ લગ્ન કરી લીધા હતાં, અને આ ખબર દેવા જ એ દિવસે એ શહેરથી ગામ આવ્યાં હતાં, પણ ત્યાં બસનો એક્સિડન્ટ થયો, અને એ હંમેશા માટે અમુક વાત મનમાં લઈ ચાલ્યા ગયાં! પણ એક વાત મારે તમને બંનેને જણાવવી છે!! અને ત્યાં આવનારી યુવતીને એકદમ ઉલટી જેવું થતાં, એ ઘરના વાડામાં દોડી ગઈ! અને છેલ્લા બે અઠવાડિયાથી ઢોલિયે પડેલાં પાર્વતી બા એકાએક ઉભા થયાં! સાંભળો છો!!જાવ વાલજીભાઈને ઘેર અને પારણું બનાવવાનું છે, એમ કહેતા આવો!! પસાભાઈ તો જોઈ જ રહ્યાં. અંતે એક મહેમાનનાં આગમનનાં ઢોલ વાગ્યાં ખરાં. પાર્વતી બા ઉભા થયાં, અને સંધ્યાને ગળે લગાવી બોલ્યા, વહું બેટા આવો! આવો! હે હરિ તારો લાખ લાખ ધન્યવાદ! ગમન માં આગમન નાં વાવડ આપીને અમારી જીવન સંધ્યા થોડી રંગીન બનાવવા બદલ! તો મિત્રો આ છે જીંદગીની સંતાકૂકડી કે જેમાં ધૂપ છાવ આવે છે પણ એનાં સમયે! અને આપણે એની ઉતાવળા થયાં વગર રાહ જોવાની હોય છે! જે આપણાથી નથી થતું.

**શ્રી રામકૃષ્ણની સાધનાવસ્થાની સ્થિતિને કોઈ સમજી શકયું ન હતું અને લોકો તેમને પાગલ બ્રાહ્મણ કહેતા હતા**


# એકવાર પ્રભુ સાથે સંબંધ બંધાઈ ગયા પછી દુનિયાના લોકોના શબ્દોની તેમના પર કોઈ અસર થતી નથી?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સુખ-દુઃખ માન-અપમાન, નિંદા-સ્તુતિ, હાંસી- પ્રશંસાનું મનની જે સ્થિતિમાં મહત્ત્વ રહેલું છે, એ સ્થિતિથી તેઓ કયાંય આગળ નીકળી ગયા હોય છે, એમનું ચિત્ત તો એમના ભગવાનમાં લીન હોય છે, તેથી કોઈપણ પરિસ્થિતિમાં તેમને તો સહજ આનંદ જ હોય છે, આજે વિષ્ણુ પુરાણમાં ભગવાન બુદ્ધની એક વાત કરીએ.**

ભગવાનની સમીપ જવાથી વ્યક્તિનું મન બદલાઈ જાય છે. તેનામાં સ્થિરતા આવે છે. શાંતિ આવે છે. પણ બાહ્ય જગત કંઈ બદલાતું નથી.બહારની પરિસ્થિતિ તો એવીને એવી જ હોય છે. કદાચ વધારે મુશ્કેલ પણ બનવા સંભવ છે. કેમકે ભક્તનો ભગવાન સાથેનો સંબંધ બહારના લોકો તો સમજી શકતા નથી. એની આસ પાસ રહેલા લોકો પણ સમજી શકતા નથી. એમની તો એ ભૂમિકા નથી. દૃષ્ટિ નથી. આથી તેઓ તેને મૂરખ કે પાગલ માની હાંસી પણ ઉડાવે. શ્રી રામકૃષ્ણની સાધનાવસ્થાની સ્થિતિને કોઈ સમજી શકયું ન હતું અને લોકો તેમને પાગલ બ્રાહ્મણ કહેતા હતા. પરંતુ જેમનો એકવાર પ્રભુ સાથે સંબંધ બંધાઈ ગયો, તેને પછી દુનિયાના લોકોના શબ્દોની શી અસર થાય ? એ શબ્દો તેની આંતર ચેતના સુધી પહોંચતા જ ન હોય. અને પછી તો તેના માટે દુનિયાના લોકોનું અસ્તિત્વ જ કયાં રહ્યું હોય ? એ તો એના જ પ્રભુના જુદાં જુદાં રૂપો હોય છે. બધાં પ્રભુની માયાને આધીનપ્રકૃતિ પ્રમાણે વર્તન કરી રહ્યાં હોય છે. આથી લોકોના વર્તનનું એમને કોઈ દુઃખ થતું નથી.વળી સુખ-દુઃખ માન-અપમાન,નિંદા-સ્તુતિ, હાંસી- પ્રશંસાનું મનની જે સ્થિતિમાં મહત્ત્વ રહેલું છે, એ સ્થિતિથી તેઓ કયાંય આગળ નીકળી ગયા હોય છે. એમનું ચિત્ત તો એમના ભગવાન માં લીન હોય છે. તેથી કોઈપણ પરિસ્થિતિમાં તેમને તો સહજ આનંદ જ હોય છે.આજે વિષ્ણુ પુરાણમાં ભગવાન બુદ્ધની એક વાત કરીએ. કપિલવસ્તુ નગર બુદ્ધના સ્વાગત માટે શોભાયમાન થઈ ઉઠયું. નગરવાસીઓના મનમાં અપૂર્વ આનંદ ઉમટી રહ્યો હતો. કારણ કે વિશ્વ માટે જ્યોતિ બનેલ ભગવાન બુદ્ધ એમના નગરના નિવાસી હતા રાજકુમાર સિદ્ધાર્થ એમના શાસક બનીને રહેત પરંતુ તેઓ સમસ્ત વિશ્વની માનવતાના સમ્રાટ બન્યા. આ વાતનો ગર્વ કરતાં નગરવાસી સૌએ એમના સ્વાગત માટે પથ પર પુષ્પો બિછાવ્યાં. પોતાના પ્રિય પુત્રને વાત્સલ્યપૂર્ણ હદયે આલિંગન દેવા માટે વૃદ્ધ મહારાજા શુદ્ધોધનનું હદય પુલિકત થયું. નગરમાં બુદ્ધ પ્રવેશ કરી રહ્યા હતા. કરૂણાસભર નયનો અને ગંભીર મુખમુદ્રાએ પધારનાર બુદ્ધની પાછળ અપાર જનસમૂહ બુદ્ધમ શરણમ ગચ્છામી, ધર્મમ શરણમ ગચ્છામી સંઘ શરણમ ગચ્છામીના ઘોષ કરતો હતો. આ બાજુ રાજમહેલમાં યશોધરા, રાહુલ તથા મહારાજ શુદ્ધોદન મહેલની સીડીઓ ઉતરી બુદ્ધની પ્રતીક્ષા કરી રહ્યા હતાં. સારથિ ચેન્ન મહેલના પ્રાંગણમાં ઊભા રહી આનંદાશ્રુ વહેવરાવતાં તે પોતાના પ્રિય કુમાર સિદ્ધાર્થની રાહ જોઈ રહ્યા હતા. બુદ્ધ ભિક્ષા પાત્ર લઈ મહેલની સામે આવ્યા.રાહુલે દોડી પિતાજી ના ચરણોમાં પ્રણામ કર્યા. અનેક વર્ષો બાદ દર્શન દેનાર એના પતિ દેવને પ્રસન્નવદને એકીટશે જોતી યશોધરા ઘડીભર સ્તબ્ધ થઈ પછી એના ચરણોમાં મસ્તક નમાવ્યું. એના નેત્રોનાં અશ્રુબિંદુએ બુદ્ધના ચરણોને પખાળ્યા. બુદ્ધનું આલિંગન કરવા માટે હાથ લંબાવી ઊભા રહેલ મહારાજા શુદ્ધોદન એમના પરિવ્રાજક રૂપ તથા ભિક્ષાપાત્રને જોઈ અવાક્ થઈ ગયા. એ વૃદ્ધ મહારાજનું મન ભિક્ષુ રૂપમાં પાછા ફરેલ પુત્રને



જોઈ વ્યાકુળ થઈ ઉઠયું. એમના નયનોમાંથી અશ્રુ ધારાઓ વહેવા લાગી. 'બેટા, સિદ્ધાર્થ, ગૌતમ, આ શું? તું આ શું કરી બેઠો?'' આમ કહી મતિભ્રષ્ટ વ્યક્તિની જેમ બૂમ પાડતા વૃદ્ધ મહારાજા થોડી જ ક્ષણોમાં બેભાન થઈ ગયા. બુદ્ધે પિતાનું મસ્તક ગોદમાં લીધુંને પોતાના ગેરુવર્ણી વસ્ત્રથી પંખો નાખવા માંડયો. પુત્રના સ્પર્શથી શુદ્ધોદનને સહેજ કળ વળી. બુદ્ધે કહ્યું, "પિતાજી,હું આપના ચરણો માં પ્રણામ કરું છું. હું સિદ્ધિનો સંપૂર્ણ અર્થપ્રાપ્ત વ્યક્તિરૂપ બની પાછો ફર્યો છું.'' આ વાત શુદ્ધોદન ના કાનમાં અમૃતતુલ્ય પ્રતીત થઈ. બુદ્ધના નેત્રોમાંથી જ્યોત્સનાના કિરણો ફૂટી રહ્યા હતાં. બુદ્ધના મુખ મંડળ પર દિવ્ય ઓજસ ટપકી રહ્યું હતું. કોઈ અપરિચિત પ્રભાવે શુદ્ધોદનને ઉત્તેજિત કર્યો. અશાંતિથી શાંતિ તરફ અંધકારથી પ્રકાશ તરફ તથા ભ્રમથી સત્ય તરફ એ પ્રભાવ લઈ ગયો બુધ્ધમ શરણમ ગચ્છામી શબ્દો એમના કાનોમાં પ્રતિધ્વનિત થઈ રહ્યા હતા. શુદ્ધોદનના મુખમાંથી પણ આ શબ્દો નીકળી રહ્યા હતા. રાહુલ આ શબ્દો વારંવાર બોલી રહ્યો હતો.ત્યાં એકત્ર થયેલ લોકો માં પણ આ શબ્દ ઘોષિત થઈ રહ્યા હતા. યશોધરા પોતાના નેત્રો મીંચી વક્ષ પર હાથ મૂકી ધ્યાન મુદ્રામાં બુધ્ધમ શરણમ ગચ્છામી નો જપ કરી રહી હતી. આ સ્થિતિમાં બુદ્ધે રાહુલના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું, "હું તને આશીર્વાદ દઉં છું કે તું પણ બુદ્ધ બની ધર્મ તથા સંઘનું અનુસરણ કરતાં માનવતા માટે સાર્થકતા પ્રદાન કરીશ. જાણે છે બુદ્ધનો અર્થ શું છે? તારી ધારણા મુજબ કેવળ હું જ બુદ્ધ નથી. ઉત્તમ ધર્મ તથા અહિંસાનું આચરણ કરનાર સર્વે લોકો બુદ્ધ જ છે. બુદ્ધત્વ જ માનવતા છે. બુદ્ધત્વ પ્રાપ્ત કરનાર માનવ જ બુદ્ધ હોય છે.આવા માનવ જન્મને સાર્થક બનાવનાર જ બુદ્ધ જ આ જગત માટે આવશ્યક છે. પ્રાણી જગત માટે શરણ્ય છે. બુદ્ધોદ્વારા ઉપદેશેલ ધર્મ જ માનવ જગતને સાચી શાંતિ પ્રદાન કરે છે. ધર્મજ આ જગત માટે શરણ્ય છે. બુદ્ધો નો સંઘ જ આ વિશ્વ માટે શરણ્ય છે.''ત્યાર બાદ યશોધરા પોતાના નેત્રો ખોલી બુદ્ધ તરફ નિશ્ચલ દૃષ્ટિ પ્રસારિત કરતાં બોલી,સ્વામી, હું મારી જાતને આપના હાથમાં ભિક્ષાના રૂપમાં સમર્પિત કરું છું. આજ સુધી હું એક ગૃહિણી બની રહી. હવે હું માનવ માત્રની સૈવા ધર્મને માટે અર્પણ કરી રહી છું. તેથી પરિવ્રાજિકા છું. આપના ચરણ ચિહ્નો પર ચાલતાં જીવન વ્યાપન કરવું એ જ મારો ધર્મ છે. તેથી કૃપા કરી નારી સમાજને માટે પણ બૌદ્ધ સંઘમાં યોગ્ય સ્થાન પ્રદાન કરો.'' આમ નિવેદન કરી ભક્તિ પૂર્વક યશોધરાએ ભગવાન બુદ્ધના ચરણોમાં પ્રણામ કર્યા. આમ યશોધરા બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરનાર પ્રથમ મહિલા હતી. ત્યાર બાદ હર્ષનાં આંસુ વહેવરાવ નાર અને બુદ્ધની ભગવાનારૂપમાં આરાધના કરનાર બે હાથ જોડી ઊભા રહેલ સારથિ ચેન્નને બુદ્ધે જોયો. એને વાત્સલ્યપૂર્ણ આલિંગ ન દેવા તેઓ આગળ વધ્યા. એટલે ચેન્ન બુદ્ધને પ્રણામ કરવા લાગ્યો. એને અટકાવતાં બુદ્ધ બોલ્યો,ચેન્ન, મનુષ્ય ગમે તેટલો મહાન બને પણ નાનાએ મોટેરાંનો આદર કરવો જોઈએ. અત્યારે મારે માટે તમે પૂજનિય છો. મને આ કપિલવસ્તુ નગરથી વિશાળ વિશ્વમાં પ્રવેશ કરાવનાર પુણ્યાત્મા તમે જ છો. મેં જે સત્યો અને ધર્મોનું કજ્ઞાન પ્રાપ્ત કર્યું એ આધાર કોઈ મને ભગવાન માને યા ભગવાન માની મારી આરાધના કરે મે હું કદાપિ પસંદ નહિ કરું. કોઈ માનવીની રાધના કરવી અનુચિત છે. એજ પ્રમાણે કનવાન મનાવવાની ભાવના પણ એટલી જ યોગ્ય છે. સહુથી મુખ્ય વાત તો માનવ નું આચરણ કરવું એ જ છે.બુદ્ધ ભગવાનનાં વચન સાંભળી અભ્યથનાના સ્વરમાં ચેન્ન બોલ્યો, "બુદ્ધને ભગવાન માનવામાં જ અમને એક પ્રકારનો સંતોષ થાય છે. આ ભાવનાને કારણે જ ધર્મા ચરણ તથા સંઘ સેવા પ્રત્યે અમારા હૃદયમાં જ અવિચળ ભક્તિ અને શ્રદ્ધા જન્મશે. અને એક શક્તિશાળી સંબંધ જોડાશે. તેથી કૃપા કરી આપને ભગવાન માની આપની આરાધના કરવાની ભાવનાની સ્વેચ્છાને રોકશો નહિ.''એ સમય થી બુદ્ધભગવાન યા ભગવાન બુદ્ધ નામથી ઓળખાયા. તેઓ બુદ્ધદેવ કહેવાયા. ઉત્તમ માનવ જ દેવ છે. શાક્ય વંશના મુઠ્ઠીભર લોકો સિવાય અન્ય સહુએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો.સાથે બુદ્ધની આજ્ઞા ઓ અને ઉપદેશોને પ્રસાર કર્યો. તેઓ સહુ ભિક્ષુ બન્યા. પોતાની સમસ્ત સંપત્તિને સંઘને અર્પણ કરી દીધી ને સેવા કરવા તૈયાર થયા.દેવદત્ત પ્રારંભથી જ બુદ્ધનો વિરોધી બની રહ્યો. તેણે ઈર્ષ્યાથી પ્રેરિત થઈ બૌદ્ધ ધર્મનો વિરોધ કર્યો અને બુદ્ધથી વિરુદ્ધ પોતાનું સંગઠન શરૂ કર્યું. બુદ્ધ કપિલ વસ્તુ નગરમાંથી ચાલ્યા.તે સમયે એમની સાથે એમના અનુયાયીઓ તથા શિષ્યો સાથે યશોધરા અને રાહુલ પણ હતાં. પાછાં ફરતાં બુદ્ધ સુજાતાને ઘેર ભિક્ષુ બની આવ્યા. ભગવાને સુજાતાના પુત્રને આશીર્વાદ દીધાને રાહુલને કહ્યું, "રાહુલ, સુજાતા નો પુત્ર તારો મિત્ર છે. તમે બન્ને મિત્ર બની ભ્રાતૃભાવ- પૂર્વક રહોને જાતિ-વર્ણથી અલિમ રહેતાં વિશ્વ માં માનવતા અને વસુદેવ કુટુંબની ભાવનાનો પ્રસાર કરો.'' સુજાતા બુધની શિષ્ય તરીકે યશોધરા સાથે રહી. બુદ્ધે એને આદેશ દીધો કે ગૃહણીઓનો ધર્મ નિર્વાહ કરતાં નારીઓ બૌદ્ધ ધર્મ અવલંબન કરી બાળકોને ઉત્તમ મનુષ્ય બનાવનાર વાળી માતા બને.આ સંદેશનોનારી જગતમાં પ્રચાર કરતાં "ધર્મ સંચાલન બુદ્ધે એમના અનુયાયીઓ શિષ્યોને ધર્મ ચક્રનું સંચાલન કરવા માટે ચારે દિશાઓમાં મોકલી આપ્યા. ઉપરાંત યશોધરા તથા રાહુલને સમજાવ્યું કે તેઓ બન્ને કપિલ વસ્તુ પાછા ફરી વૃદ્ધ શુદ્ધો દનની સંભાળ રાખે અને શાક્ય વંશને ધર્મમાર્ગ પર ચલાવે.ત્યારબાદ બુદ્ધ એકલા જ માર્ગમાં નીકળી પડયા.



### નોરા ફતેહીના ગીતમાં તેણે તેના જીવનની સફર દર્શાવાઈ

## નોરાએ પોતાના વારસાને જાળવવા 'નોરા' બનાવ્યું

એક્ટ્રેસ અને ડાન્સિંગ દીવા નોરા ફતેહીએ તાજેતરમાં જ પોતાનું એક સિંગલ 'નોરા' રિલીઝ કર્યું છે. જેના વિશે નોરાએ એક ઈન્ટર્વ્યુ આપ્યું હતું. તેમાં નોરાએ કહ્યું કે, આ ગીતમાં મોરક્કો, કૅનેડા અને ભારતમાં નોરાએ પોતાનું સ્થાન કઈ રીતે બનાવ્યું એ સફર દર્શાવવામાં આવી છે. નોરાએ જણાવ્યું, "'નોરા' બનાવવું એ મારા માટે એક અવિશ્વસનીય યાત્રા રહી છે. તેના માટે મારા મોરોક્કન, કૅનેડીઅન અને ભારતીય મૂળને એક માળામાં પરોવી દીધું છે. મોરક્કન ધૂનથી ગીતમાં નવી એનર્જી અનુભવાય છે. ગીતના શબ્દો અંગ્રેજી અને દરીજા(મોરક્કન ભાષા)માં લખાયા છે." નોરાએ આગળ કહ્યું, "આ ગીત દર્શાવે છે કે મોરક્કો, કૅનેડા અને ભારતમાં મારી ઓળખ કઈ રીતે બની. આ મારા વારસા અને મારી વ્યક્તિગત સફળતાની કહાણી છે, જે દુનિયાને બતાવવાની મારી રીત છે. મને આશા છે કે આ ગીત દરેકને પોતાની અનોખી ઓળખને અપનાવવા, પોતાનાં વૈવિધ્યની ઉજવણી કરવી અને પોતાની સાંસ્કૃતિક ઓળખમાં આનંદ શોધવા માટે પ્રેરણા આપશે." નોરા મૂળ નોરક્કોની છે, તેનો જન્મ કૅનેડામાં થયો હતો. તેણે ૨૦૧૪થી તેની પહેલી ફિલ્મ 'રોરઃ ટાઈગર્સ ઓફ ધ સુંદરબન'થી ડેબ્યુ કર્યું હતું. ત્યાર બાદ તેણે 'બિગ બોસ સીઝન ૯' અને 'ઝલક દિખલા જા' જેવા રિયાલિટી શોમાં ભાગ લીધો હતો.

# કંગનાને થપ્પડની ઘટનાથી બોલિવૂડ બે ફાંટામાં વહેચાયું



### રિતિક રોશન, આલિયા ભટ્ટ, અનુપમ ખેર કંગનાના ટેકામાં, વિશાલ દદલાણીના નિવેદને વિવાદ જગાવ્યો






અભિનેત્રીમાંથી તાજી રાજકારણી બનેલી કંગના રણૌત લોકસભાની ચૂંટણીમાં હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરથી જીત્યા બાદ ચંદીગઢથી દિલ્હી જઈ રહી હતી ત્યારે ચંદીગઢ એરપોર્ટ પર એક સીઆઈએસએફ મહિલાકમીએ ઝાપટ મારી દીધી હતી. ત્યાર બાદ કંગનાએ એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો અને લોકોના પ્રતિભાવ આવવાના શરૂ થઈ ગયા હતા. સામે મહિલા સુરક્ષાકમી કુલવિંદર કૌર વિરુદ્ધ પગલાં પણ લેવાયા હતા. આ ઘટના બાદ શબાના આઝમી અને અનુપમ ખેર જેવા કલાકારોએ આ ઘટનાની ટિકા કરી હતી. હવે આ ટીમમાં કંગનાનો કહેવાતો એક્સ બોયફ્રેન્ડ હિતિક રોશન અને આલિયા ભટ્ટ પણ જોડાયા છે. રવિવારે એક પત્રકાર ફેયી ડિસોઝાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી. જેમાં લખ્યું હતું, "એમપી કંગના રણૌત સાથે એરપોર્ટ પર ઝાપટ મારવાની ઘટના સંદર્ભે, હિંસા ક્યારેય જવાબ હોઈ શકે નહીં. ખાસ કરીને આપણા દેશમાં જેનો જન્મ જ ગાંધીના અહિંસાના મૂલ્યોથી થયો છે. આપણે કોઈના મત કે નિવેદનોથી ગમે તેટલાં અસહમત હોઈએ, તેનાથી કોઈ ફરક પડતો નથી. આપણે હિંસાથી તેનો જવાબ ન આપી શકીએ અને તેને કોઈ સ્થિતિમાં સમર્થન આપી શકીએ નહીં. ખાસ કરીને કોઈ વદીધારી સુરક્ષાકમી જ્યારે હિંસાત્મક પગલું લે છે તે વધુ ખતરનાક છે. કલ્પના કરો કે, છેલ્લા દસ વર્ષમાં આપણામાંથી જેણે પણ સત્તા સામે પ્રશ્ન ઉઠાવ્યો છે, તેને સરકારના સમર્થનમાં રહેલાં એરપોર્ટના કોન્સ્ટેબલ દ્વારા પરેશાન કરવામાં આવ્યા હોત તો.." આ પોસ્ટને આલિયા ભટ્ટ, હિતિક રોશન, સોની રાઝદાન, ઝોયા અખ્તર, સોનાક્શી સિંહા, અર્જૂન કપુર જેવા અનેક લોકોએ લાઈક કરી હતી. જ્યારે સંગીતકાર અને ગાયક વિશાલ દદલાણીએ આ ઘટના સંદર્ભે પોતાની ઈસ્ટાગ્રામ સ્ટોરીમાં કંગનાનો વીડિયો શેર કરીને લખ્યું હતું, "હું ક્યારેય હિંસાને ટેકો આપતો નથી. પરંતુ હું આ સીઆઈએસએફ કર્મચારીના ગુસ્સાને સારી રીતે સમજું છું. જો સીઆઈએસએફ દ્વારા તેની વિરુદ્ધ કોઈ પણ પગલાં લેવાશે તો હું ખાતરી આપીશ કે તેના માટે એક નોકરી રાહ જોતી હોય, જો એને કરવાની ઈચ્છા હોય તો. જય હિંદ, જય જવાન, જય કિસાન." હવે ગાયિકા સોના મહાપાત્રાએ એક્સ પર વિશાલ દાદલાણીનાં નિવેજન સંદર્ભે એક પોસ્ટ કરીને કંગનાને ટેકો જાહેરકર્યો છે. સોનાએ પહેલાં એક ટ્વીટ પર પોતાનું રિએક્શન આપ્યું હતું.

# અમૃતા રાવ પણ 'જોલી એલએલબી ૩'માં જોડાઈ



### આગળની બંને ફિલ્મમાં જસ્ટીસ ત્રિપાઠીનો રોલ કરી ચૂકેલા સૌરભ શુક્લા પણ ફરી જોવા મળશે

'જોલી એલએલબી ૩'માં પહેલી બંને ફિલ્મની કાસ્ટ એક સાથે જોવા મળશે. સુભાષ કપુર દિગ્દર્શિત 'જોલી એલએલબી ૩'માં આગળની બંને ફિલ્મમાં જસ્ટીસ ત્રિપાઠીનો રોલ કરી ચૂકેલા સૌરભ શુક્લા પણ ફરી જોવા મળશે. આ ફિલ્મ સાથે સંકલાયેલાં એક સોર્સના જણાવ્યા અનુસાર હવે અમૃતા પણ આ ફિલ્મમાં જોડાઈ રહી છે અને રાજસ્થાનમાં તેનું શૂટિંગ પણ શરૂ થઈ ચૂક્યું છે. "રાજસ્થાનના એક બહુ અંતરિયાળ ગામમાં ફિલ્મનું શૂટિંગ થયું હતું. આ જગ્યા એટલી દૂર અને એવી જગ્યાએ હતી કે ત્યાં વાહન લઈને જવું પણ શક્ય નહોતું અને લોકોએ સેટ સુધી પહોંચવા માટે ચાલીને જવું પડતું હતું." હાલ આ ફિલ્મનું શૂટ મુંબઈમાં ચાલે છે. સૂત્રના જણાવ્યા અનુસાર "ફિલ્મનું આગળનું શૂટ દિલ્હીમાં થશે.




### અશ્મિત પટેલે ઝઘડા અંગે કર્યો ખુલાસો

# નાઈટક્લબમાં સોહેલ-સિકંદર વચ્ચે ઝઘડો

### અશ્મિતે જણાવ્યું કે એકવાર સલમાન ખાનના ભાઈ સોહેલ ખાન અને અનુપમ ખેરના પુત્ર સિકંદર ખેર વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી



અભિનેતા અશ્મિત પટેલ તેની કારકિદીની શરૂઆતમાં ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. ૨૦૦૪માં આવેલી ફિલ્મ 'મર્ડર'માં ઈમરાન હાશ્મી અને મલ્લિકા શેરાવત સાથે જોવા મળેલા અશ્મિત પટેલની ખૂબ ચર્ચા થઈ હતી. પરંતુ તે પછી તે ઈન્ડસ્ટ્રીમાંથી એવી રીતે ગાયબ થઈ ગયો કે લોકો તેનું નામ પણ ભૂલી જવા લાગ્યા.' કહો ના પ્યાર હૈ' અને 'ગદર'ની અભિનેત્રી અમીષા પટેલના ભાઈ અશ્મિતે હવે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. અશ્મિતે જણાવ્યું કે એકવાર સલમાન ખાનના ભાઈ સોહેલ ખાન અને અનુપમ ખેરના પુત્ર સિકંદર ખેર વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી. લડાઈને તોડવા માટે અશ્મિતે બંને તરફથી મુક્કાનો સામનો કરવો પડ્યો હતો. અશ્મિતે સિદ્ધાર્થ કન્નન સાથેના ઈન્ટરવ્યુમાં કહ્યું, 'સોહેલ ખાન અને સિકંદર ખેર વચ્ચે લડાઈ થઈ હતી. હું તેમાં સામેલ પણ નહોતો. હું બંનેને અલગ કરવાનો





પ્રયાસ કરી રહ્યો હતો. મેં સિકંદરને ત્યાંથી લઈ જવાનો પ્રયત્ન કર્યો. તે આગ્રહ રાખતો હતો કે તે સોહેલ સાથે વાત કરશે. મેં તેને કહ્યું કે આ યોગ્ય સમય નથી અને જ્યારે બધા શાંત હોય ત્યારે તેણે વાત કરવી જોઈએ.સિકંદર સાથેની મિત્રતા તૂટવા અંગે વાત કરતાં અશ્મિતે કહ્યું, 'ત્યારબાદ સોહેલ ભાઈ બહાર આવ્યા અને ફરી તેઓ એકબીજા પર મુક્કા મારવા લાગ્યા. અને મેં ફરીથી બંનેને રોકવાની કોશિશ શરૂ કરી. એક તબક્કે સિકંદરે મને ધક્કો મારીને કહ્યું, 'કેમ દખલ કરી રહ્યા છો?' હું વાસ્તવમાં બંને બાજુથી ફટકો પડી રહ્યો હતો કારણ કે જ્યારે તમે લડાઈની વચ્ચે હોવ ત્યારે તમે ન ઈચ્છતા હોવ તો પણ તમને ફટકો પડે છે. પછી મને ગુસ્સો આવ્યો. હું તેને બચાવવાની કોશિશ કરી રહ્યો હતો અને તેણે મારા પર હાથ ઉપાડીને મારી સાથે દુર્વ્યવહાર કર્યો. પછી કદાચ મેં પણ તેના પર હાથ ઉપાડ્યો.

### ડિસેમ્બરમાં શૂટ શરૂ | બોબીના બદલે આ રોલ રાણા દગ્ગુબાતીને અપાયો

# શાહિદ અને રાણા મહત્ત્વપૂર્ણ પાત્ર ભજવશે

શાહિદ કપુરના ખાતામાં હાલ બે મોટી ફિલ્મો છે, પહેલી - 'અશ્વત્થામા - ધ સાગા કન્ટિન્યુઝ' અને બીજી 'છત્રપતિ શિવાજી મહારાજ'. તાજતરમાં જ તેની ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' રિલીઝ થઈ હતી, જેને બોક્સ ઑફિસ પર ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. ત્યારે હવે તેની ફિલ્મ 'છત્રપતિ શિવાજી મહારાજ' અંગે મોટી અપડેટ મળી છે. આ પહેલાં શાહિદ કપુર ઐતિહાસિક ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે, તેમાં 'પદ્માવત' જેવી ફિલ્મો સામેલ છે, જેમાં શાહિદે રાજા રાવલ રતન સિંહની ભૂમિકા નીભાવી હતી. હવે ટૂંક સમયમાં તે 'છત્રપતિ શિવાજી મહારાજ' માટે શૂટિંગ શરી કરશે. આ ફિલ્મને અમિત રાય ડિરેક્ટ કરી રહ્યા છે. શાહિદની આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતે શરૂ થશે, જેમાં ઔરંગઝેબનું પાત્ર સાઉથની ફિલ્મોના સુપરસ્ટાર રાણા દગ્ગુબાતી નીભાવશે. તે આ રોલ મટે અમિત રાયની પહેલી પસંદ હતો. શાહિદ આ ફિલ્મ માટે ઘણો ઉત્સાહિત છે. સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ચૂકી છે અને પ્રી પ્રોડક્શનનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. ડિસેમ્બર સુધીમાં શૂટ શરૂ થશે, આ છત્રપતિ શિવાજીના જીવન





પર આધારીત પિરયડ ડ્રામા છે. શાહીદ આ પાત્ર માટે ઘણી મહેનત કરી રહ્યો છે. બૉબી દેઓલ ટૂંક સમયમાં સાઉથની ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તે ઉપરાંત તે વધુ એક સાઉથની ફિલ્મ કરશે - 'હરિ હર વીરમલ્લુ'. આ ફિલ્મમાં બૉબી દેઓલ ઔરંગઝેબ બનશે. ટીમ ૨૦૨૪ ના અંત સુધીમાં ફિલ્માંકન શરૂ કરવાનું લક્ષ્ય રાખે છે. શાહિદ કપૂર શિવાજી મહારાજની ભૂમિકા માટે સઘન તૈયારીઓમાંથી પસાર થવાની તૈયારી કરી રહ્યો છે. દરમિયાન, રાણા દગ્ગુબાતી ઔરંગઝેબના પાત્રમાં એક અનોખી તીવ્રતા લાવશે તેવી અપેક્ષા છે. અભિનેતા બાહુબલી શ્રેણીમાં તેની ભૂમિકા માટે સૌથી વધુ જાણીતો છે. તાજેતરના અહેવાલો અનુસાર, દગ્ગુબાતી સાથે પ્રારંભિક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. વધુમાં, લૉજિસ્ટિક્સને આખરી ઓપ અપાયા બાદ વધુ નક્કર વાટાઘાટો કરવામાં આવશે.

### કૌશલની પોસ્ટ વાયરલ | સન્નીએ ઇન્સ્ટાગ્રામ પર શર્વરીને ટેગ કરીને સ્પેશિયલ પોસ્ટ કરી

# શું સન્ની કૌશલ અને શર્વરી વાઘે પોતાની રિલેશનશિપ પોસ્ટ દ્વારા કન્ફર્મ કરી છે?

વિક્કી કૌશલનો ભાઈ અને કેટરિના કેફનાં દિયર સન્ની કૌશલની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટથી સન્નીના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. તેઓ અંદાજ લગાવી રહ્યા છે કે મુંજ્યાની એક્ટ્રેસ શર્વરી વાઘ અને સન્ની કૌશલ બંને રિલેશનશિપમાં છે. સન્નીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ કરીને તેમાં પોતાના દિલની વાત લખી છે. જેનાથી સન્ની અને શર્વરીના ફૅન્સ ઘણા ખુશ છે. સન્નીએ ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. હવે સન્નીએ પોતાની કહેવાતી ગર્લફ્રેન્ડ શર્વરીની ફિલ્મ 'મૂંજ્યા' જોઈ અને એ તેના વખાણ કરતાં થાકતો નથી. સન્ની કૌશલે ઈન્સ્ટાગ્રામની પોસ્ટમાં લખ્યું, "શું જોરદાર ફિલ્મ છે, તેના દરેક સીને મનોરંજન કરાવ્યું છે. તેના ગીતો, ફિલ્મની દરેક બબાત જોરદાર છે. તેના ડિરેક્ટર આદિત્ય સરપોતદારે જબરદસ્ત કામ કર્યુ છે. આ આખી ફિલ્મ એક જાદુ છે." સન્નીએ આગળ લખ્યું, "અભય વર્મા તમે બિટ્ટુની જેમ જ પ્રેમાળ અને પરફેક્ટ છો. મોના સિંઘ મેમ તમને જોઈને આનંદ થયો. તમારા જેવું કોઈ નહીં." અંતે સન્નીએ શર્વરી વાઘ



માટે એક સ્પેશિયલ નોટ લખી. સન્ની કૌશલે કહ્યું, "શર્વરી તમે આખી ફિલ્મમાં ચમકતાં દેખાયાં. ખાસ કરીને નશાવાળા સીનમાં. હું એ સીન જોઈને મોટે-મોટેથી હસતો હતો. શર્વરી અને અભય વર્મા મુખ્ય ભૂમિકામાં અભિનિત, બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ છે. તેની રજૂઆતના માત્ર ચાર દિવસમાં, સુપરનેચરલ હોરર-કોમેડી ફિલ્મે ભારતમાં પ્રભાવશાળી રૂ. ૨૪.૧૫ કરોડની કમાણી કરી છે. વિવેચકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળવા છતાં, હૉરર અને કૉમેડીથી ભરપુર આ ફિલ્મે પ્રેમમાં હોવાનો મતલબ શું થાય એ સમજાવ્યું છે." સન્નીની આ પોસ્ટ બાદ બંનેના ફૅન્સ બંનેને સાથે જોવા માગે છે અને શર્વરી વાઘને શુભેચ્છાઓ આપે છે. વિક્કી કૌશલનો ભાઈ અને કેટરિના કેફનાં દિયર સન્ની કૌશલની એક પોસ્ટ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટથી સન્નીના ફૅન્સ ઉત્સાહમાં આવી ગયા છે. તેઓ અંદાજ લગાવી રહ્યા છે કે મુંજ્યાની એક્ટ્રેસ શર્વરી વાઘ અને સન્ની કૌશલ બંને રિલેશનશિપમાં છે.

# અલ્લુ અર્જુનની 'પુષ્પા' સાથે જહોનની 'વેદા' ભીડાશે







અલ્લુ અર્જૂનની 'પુષ્પા' ૨૦૨૧માં રિલીઝ થઈ હતી ત્યારથી તેના ફૅન્સ 'પુષ્પા ૨'ની રાહ જોઈ રહ્યા હતા. 'પુષ્પા'એ તો કમાણીના બધાં જ રેકોર્ડ તોડી નાંખ્યા હતા. હવે અંતે જ્યારે ફૅન્સની આતુરતાનો અંત આવી રહ્યો છે. આમાં પણ અલ્લૂ અર્જૂન સાથે રશ્મિકા મંદાના લીડ રોલમાં જોવા મળશે. જેમાં ફરહાદ ફાઝિલ પણ છે એવી આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. પરંતુ હવે સમાચાર એવા છે કે આ જ દિવસે જોહ્ન અબ્રાહમની જે ફિલ્મની સૌથી વધુ રાહ જોવાઈ રહી હતી તેવી 'વેદા' પણ આ જ દિવસે રિલીઝ થશે. તરણ આદર્શે ટ્વીટ કરીને આ માહિતી આપી હતી. ૧૫ ઓગસ્ટે આ બંને ફિલ્મો વચ્ચે મહાક્લેશ થશે. હવે જોવાનું છે કે આ બંનેમાંથી દર્શકોને કઈ ફિલ્મ પસંદ પડે છે. તરણ આદર્શે ટ્વીટ કરતાં લખ્યું કે, "જહોન અબ્રાહમ, નિખિલ અડવાણી અને ઝી સ્ટુડિયોઝની 'વેદા' ૧૫ ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસે રિલીઝ થશે. 'બાટલા હાઉસ' અને 'સત્યમેવ જયતે' બાદ જહોન અબ્રાહમ અને નિખિલ અડવાણીની એક સાથે ત્રીજી ફિલ્મ હશે. જે સ્વતંત્રતા દિવસ પર રિલીઝ થશે."

# 'હમારે બારાહ'ના વિવાદાસ્પદ ડાયલોગ ડિલીટ કરવા આદેશ મુંબઈ હાઈકોર્ટે કર્યો

### અન્નુ કપુરની 'હમારે બારાહ'નું ટ્રેઇલર લોંચ થયું તેના પહેલાંથી આ ફિલ્મ અલગ અલગ વિવાદોમાં સપડાતી છે

અન્નુ કપુરની 'હમારે બારાહ'નું ટ્રેઈલર લોંચ થયું તે પહેલાંથી આ ફિલ્મ અલગ અલગ વિવાદોમાં સપડાતી રહી છે. આ ફિલ્મ ૭ જૂને રિલીઝ થવાની હતી, પરંતુ રિલીઝ પહેલાં જ ૫ જૂને બૉમ્બે હાઈકોર્ટે આ ફિલ્મ પર ૧૪ જૂન સુધી સ્ટે ઓર્ડર આપી દીધો છે. પરંતુ ૭ જૂને ફિલ્મના મેકર્સ વિવાદાસ્મપદ ડાયલોગનો સીન ડિલીટ કરવા રાજી થયા બાદ રિલીઝ કરવાની મંજુરી મળી ગઈ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના એક અંદરના સૂત્રના જણાવ્યા અનુસાર, "આ એક અભૂતપૂર્વ કે રેર ઘટના છે, જ્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા પાસ થયેલી ફિલ્મમાં વધારે કટ કરવાનો ઓર્ડર અપાયો હોય. સામાન્ય રીતે જ્યારે કોઈ પણ આ રીતે કોઈ ફિલ્મની વિરુદ્ધ કોર્ટમાં કોઈ અરજી થાય તો તેને મહત્વ અપાતું નથી અને એવું કહેવામાં આવે છે કે ફિલ્મને સેન્સર બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવે છે." જોકે, કોર્ટે ચુકાદામાં કહ્યું છે, "અમારું એવું મંતવ્ય છે કે જો અમ સીબીએફસી દ્વારા મંજુર કરાયેલી ફિલ્મો પર આ અરજીની જેમ મંજુરી આપતા રહીશું તો તેનાથી ફિલ્મ પ્રોડ્યુસર્સને બાનમાં લેવા પ્રયત્ન કરશે." સેન્સર બોર્ડ દ્વારા પહેલાં જ આ ફિલ્મમાં ૩ કટ કરાવાયા હતા. ફિલ્મની શરૂઆતમાં 'અલ્લા હુ અકબર'ના નારા હતા, જેને મ્યુટ કરવામાં આવ્યા હતા. આ સિવાય એક ડાયલોગ "શોહર મઝાઝ-એ-ખુદા હોતા હૈ ઔર મઝાઝ-એ-ખુદા કે ખિલાફ જાના કુફ્ર હૈ, કુફ્ર કી સહા મૌત હૈ" અને "ઔરત સલવાર કે નાડે કી તરાહ હોની ચાહિએ, જબ તક અંદર રહેગી, બહેતર રહેગી." અઝર બાશા તંબોલી દ્વારા કરવામાં આવેલી અરજી મુજબ, દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મમાં સિનેમેટોગ્રાફ એક્ટ ૧૯૫૨ની જોગવાહીનો સદંતર ભંગ કરવામાં આવ્યો હતો. કુરાનની એક પંક્તિના આધારે આ ફિલ્મમાં મુસ્લિમ સમાજની પરિણીત મહિલાઓને સમાજમાં એક સ્વતંત્ર વ્યક્તિ તરીકેનો કોઈ અધિકાર નથી. અરજી કરનારના મતે, ફિલ્મના મેકર્સ દ્વારા આ પંક્તિ અંગે ગેરસમજ કરવામાં આવી છે.



### પ્રાકૃતિક ખેતી....કૂદરતનું સાનિધ્ય, ઉપજ અને આવક બમણા...

# દેત્રોજ વિસ્તારમાં ઘન જીવામૃતનો પ્રથમ પ્રયોગ કરનાર મહેન્દ્રભાઈ બાગાયતી પાકોના બમણા બજાર ભાવ મેળવે છે

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

'મારી પાસે લગભગ ૭૦ વિઘા જમીન છેપહું પહેલા સામાન્ય ખેતી કરતો હતો... પણ રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીની અપીલ કરી અને મેં પહેલ કરી...આજે હું મારી બધી જમીનમાં પ્રાકૃતિક ખેતી કરુ છુ....મારાપિતાજીહંમેશા ગાયની સેવા કરવાનું કહેતા...મારા પિતાજીની એ સલાહ અમે અક્ષરસઃ અપનાવી... જો કે અમને એમાં રાજ્ય સરકારની યોજનાનો લાભ મળ્યો...આજે ગાયનું છાણ મને પ્રાકૃતિક ખેતી કરવામાં અત્યંત ઉપયોગી થયું છે...અને મારી ઉપજ અને આવક બન્ને બમણા થયા છે...' અમદાવાદ જિલ્લાના દેત્રોજ નજીક શિહોર ગામના ખેડૂત શી મહેન્દ્રભાઈ રાવલના આ શબ્દો ઘણું બધુ કહી જાય છે..

શ્રી મહેન્દ્રભાઈ આમ તો મોટા ખેડૂત છે, ખાસ્સી જમીન પણ છે...અને બાગાયતી ખેતીક-રે છે. એમણે રાજ્ય સરકારની દૂધાળા પશુ સ્વરોજગાર યોજના (૧૨ દૂધાળા પશુ ફાર્મ સ્થાપના)નો લાભ લીધો છે.. રૂ. ૪,૭૦,૦૦૦ની સબસીડીનો લાભ સાથે એક એક કરતા આજે ૪૦ જેટલી ગીર ગાયો ધરાવે છે. ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ તેમણે પુર્ણ સ્વરૂપે અપનાવ્યો છે. શ્રી મહેન્દ્રભાઈ આ ગીર ગાયોનો ખુબ સારી રીતે ઉછેર કરે છે... વાર્ષિક ૩૦,૦૦૦ લીટર દૂધ ઉત્પાદનમાંથી વાર્ષિક આવક અંદાજે રૂ. ૨૫ લાખ અને તેમાંથી અંદાજે ૧૦લાખનો ચોખ્ખો નફો મેળવે છે., પણ આ ગાયના છાણમાંથી તેઓ ઘન જીવામૃત પણ બનાવે છે...

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે કહે છે કે, 'મહેન્દ્રભાઈને દૂધાળા પશુ સ્વરોજગાર યોજના (૧૨ દૂધાળા પશુ ફાર્મ સ્થાપના)નો લાભ તો મળ્યો જ છે, પરંતુ પશુપાલનખાતાના માર્ગદર્શન હેઠળ તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવી તેના આગવા પરિણામ પણ મેળવ્યા છે... અમદાવાદ જિલ્લામાં ધીમે ધીમે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાછે...' એમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી મહેન્દ્રભાઈ કહે છે કે, 'પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત એ પાયો છે... ૨૦૦ લિટર પાણીમાં ૧૦ કિલો છાણ,૧૦ લિટર ગૌમૂત્ર,૧ કિલો કઠોળનો લોટ,૧ કિલો દેશી ગોળઅને ૫૦૦ ગ્રામવડ નીચેનીમાટીનું મિશ્રણ કરી જીવામૃત તૈયાર કરતો હતો...પણ મેં આ વિસ્તારમાં ઘન જીવામૃત બનાવવાની આગવી પધ્ધતિ વિક્સાવી છે...ગાયના ૧૦૦કિલો ગ્રામ છાણ,૧ કિલો દેશી ગોળ, ૧ કિલો ચણાનો લોટનું મિશ્રણ કરી તેમાં ૨ લિટર જીવામૃત ઉમેરીને આ મિશ્રણને ૪૮ કલાક છાયામાં રાખ્યા બાદ દિવસમાં ૩-૪ વખત ઉપર નીચે કરી તે સુકાયા બાદગાંગડાનો ભુકો કરીઘન જીવામૃત બનાવ્યું છે...શક્ય છે કે, રાજ્યમાં અન્ય જગાએ કોઈ બનાવતુ હશે પણ દેત્રોજની આસપાસના વિસ્તારમાં મેં પ્રથમ પ્રયોગ કર્યો છે...' એમ તે ઉમેરે છે....

શ્રી મહેન્દ્રભાઈ ગીર ગાયોના ખવડાવવા માટે પ્રાકૃતિક ઘાસ ઉગાડે છે...કપાસની પાંખડી, યુરિયા કે ખાતર વિનાનું ઘાસ અને જરૂરી મિનરલ્સ, વિટામીન પણ આપે છે. તો ઘન જીવામૃતના સથવારે પ્રાકૃતિક ખેતી કરીને કૂદરતના સાનિધ્ય સાથે ઉપજ અને આવક બમણી મેળવે છે...મહેન્દ્રભાઈએ ૨ વિઘામાં દાડમના પ્લાન્ટનો ઉછેર કર્યો છે... અંદાજે રૂ ૮ લાખ તેમાંથી મેળવ્યા છે... તો બાકીની ૫ વિઘા જમીનમાં કિન્નુ, લીંબુ, માલ્ટા, સંતરા, વાવ્યા છે. આ ઉપરાંત ૩.૫ શક્કર ટેટી વાવીને ૧૯ ટન ઉત્પાદન મેળવ્યુ, એટલું જ નહી પરંતુ ૪ લાખની બમ્પર આવક પણ મેળવીછે... બઝારમાં જે ભાવ હોય તેના કરતા બમણો ભાવ મને મળે છે...'એમ તેઓ ઉમેરે છે... આમ આ યોજનાના પગલે શ્રી મહેન્દ્રભાઈએ કૂદરતનું સાનિધ્ય તો મેળવ્યું જ છે પરંતુ સાથે સાથે આવક અને ઉપજ પણ બમણા કર્યા છે...

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુરના ટ્રેડ ઇલેક્ટ્રોનિક્સ મિકેનિકના તાલીમાર્થી સાલ્વી પંકજ રમેશભાઈએ 'વર્લ્ડ સ્કીલ કોમ્પિટિશન-૨૦૨૪'માં રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, સરસપુર અમદાવાદ શહેરની મધ્યમાં આવેલી છે. આ સંસ્થા સને ઈ.સ.૧૯૩૯થી કાર્યરત છે. જેમાં વિવિધ પ્રકારના કૌશલ્યને લગતી અદ્યતન તાલીમ આપવામાં આવે છે. આ સંસ્થાના ટ્રેડ ઈલેક્ટ્રોનિક્સ મિકેનિકના તાલીમાર્થી સાલ્વી પંકજ રમેશભાઈની 'વર્લ્ડ સ્કીલ કોમ્પિટિશન-૨૦૨૪'માં ઈલેક્ટ્રોનિક્સ સ્કિલમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવી રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી થઈ છે, જે ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુર માટે ગૌરવપૂર્ણ છે. આ અંગે વાત કરતા તાલીમાર્થી સાલ્વી પંકજે કહ્યું કે, હું એક સામાન્ય પરિવારમાં થી આવું છું. મારા પિતા છૂટક દરજી કામ કરે છે. મેં ધોરણ ૧૦માં સારા માર્કસ મેળવ્યા હતાં અને ત્યારબાદ હું હાયર એજ્યુકેશન મેળવવા માંગતો હતો. પરંતુ મારી આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે હાયર એજ્યુકેશનમાં પ્રવેશ મેળવી શકું એમ નહોતો. એટલે મેં વર્ષ ૨૦૨૨માં આઈ.ટી.આઈ સરસપુર ખાતે ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક ટ્રેડમાં બે વર્ષના કોર્ષમાં પ્રવેશ મેળવ્યો અને હાલમાં બીજા વર્ષમાં તાલીમ લઈ રહ્યો છું.

સાલ્વી પંકજે વર્લ્ડ સ્કિલ સ્પર્ધા-૨૦૨૪ની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઈલેક્ટ્રોનિક્સ સ્કિલમાં ભાગ લઈ ૧૦૦માંથી ૯૮ માર્ક્સ સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે અન્વયે તેને રૂ. ૫૧૦૦૦ની રકમનું પારિતોષિક ગુજરાત સરકાર દ્વારા જાહેર થયું છે. દિલ્હી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા-૨૦૨૪માં ભાગ લઈ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ પણ કર્યું છે, જે



ઔદ્યોગિક તાલીમ સંસ્થા સરસપુર માટે પ્રસંશનીય બાબત છે તાલીમાર્થી સાલ્વી પંકજે ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં ટ્રેડ તાલીમ દ્વારા ઘણા બધા પ્રોજેક્ટ પણ બનાવેલ છે. જેમાનો એક પ્રોજેક્ટ જે વન્યજીવોનાં રક્ષણ માટે અને તેઓને થતાં અકસ્માત નિવારણ માટે **'Use of Ultrasonic Sensor to Warning Alarm'**નો પ્રોજેક્ટ બનાવ્યો છે. આમ, પંકજ ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો કોર્ષ પૂર્ણ કર્યા બાદ ભારતની પ્રતિષ્ઠિત સંસ્થા **ISRO** ખાતે રિસર્ચ સેન્ટરમાં યોગદાન આપવાની મહત્ત્વાકાંક્ષા ધરાવે છે.

# યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૪' પ્રકાશિત

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

યુવાઓને રોજગાર અને કારકિર્દી ક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી પ્રતિવર્ષની પરંપરાની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૪' પ્રકાશિત કરવામાં આવ્યો છે. ધો.૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ અભ્યાસક્રમો, કોલેજો, યુનિવર્સિટીઓ, કારકિર્દીના વિવિધ વિકલ્પો, રોજગારી-સ્વરોજગારીની તકો, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વિવિધ અભ્યાસક્રમો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા અને ન્યૂ મીડિયા ક્ષેત્રમાં તકો અને બેન્કિંગ ક્ષેત્રમાં કારકિર્દી સહિતનું માર્ગદર્શન તેમજ યુ.પી.એસ.સી, જી.પી.એસ.સી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષયક માર્ગદર્શન ઉપરાંત પ્રેરણાદાયી લેખો પણ આ અંકમા સમાવવામાં આવ્યા છે. કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક મેળવવા માટે પ્રાદેશિક માહિતી કચેરી પોલીટેકનિક કેમ્પસ, અમદાવાદ ખાતેથી રૂ.૨૦/- ની કિંમતે વહેલા તે પહેલાના ધોરણે મેળવી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા મહિનામાં બે વખત ગુજરાત પાક્ષિક તેમજ દર અઠવાડિયે રોજગાર સમાચાર પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી તથા સામાન્ય નાગરિકને ઉપયોગી નીવડે તે મુજબની સરકારની યોજનાલક્ષી માહિતીનો સમાવેશ હોય છે. આ પાક્ષિક અને રોજગાર સમાચારનું લવાજમ પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ખાતે ભરી શકાય છે. અંકો ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને નિઃશુલ્ક પણ પૂરા પાડવામાં આવે છે. જે કોઈ વિદ્યાર્થીઓ ઘરે બેઠા ગુજરાત પાક્ષિક અને રોજગાર સમાચાર મેળવવા ઈચ્છતા હોય તો તેઓએ ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રૂપિયા ૫૦/- અને રોજગાર સમાચારનું વાર્ષિક લવાજમ રૂપિયા ૩૦/- ભરીને ઘરે બેઠા સરકારની આ સેવાનો લાભ મેળવી શકે છે.

# પ્રાકૃતિક ખેતી કરી મબલખ કમાણી મેળવતા ધોલેરાના વાલીન્દા ગામના ખેડૂત કરશનભાઈ ચૌહાણ



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવા વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં પણ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય, તે દિશામાં જિલ્લા વહીવટીતંત્ર કાર્ય કરી રહ્યું છે. વાત છે, અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના વાલીન્દા ગામના ખેડૂત કરશનભાઈ ચૌહાણની કે જેમણે પ્રાકૃતિક ખેતી આપનાવી અને ખૂબ જ ટૂંકા ગાળામાં વાવેતર અને ઉત્પાદન કરી મબલખ કમાણી મેળવી છે.

વર્ષ ૨૦૨૦થી પ્રાકૃતિક ખેતીના માર્ગે ચાલી રહેલા ખેડૂત કરશનભાઈ ચૌહાણ પોતાના ખેતરમાં જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃતના આધારે બિનપિયત જુવાર અને સુવાદાણાનું વાવેતર કરી ઉત્પાદન કરી રહ્યા છે. કરશનભાઈ ચૌહાણ પોતાના ૧૫ વિઘા જેટલા ખેતરમાં વાર્ષિક સરેરાશ ૮૦૦ મણ બિનપિયત જુવારનું ઉત્પાદન કરી સારી એવી કમાણી મેળવે છે. આ ઉપરાંત અમુક ભાગોમાં પ્રાકૃતિક રીતે સુવાદાણાનું પણ ઉત્પાદન કરી બજારમાં સારા ભાવે વેચે છે. ખેડૂત કરશનભાઈ ચૌહાણે સૌ પ્રથમ આત્મા દ્વારા યોજાયેલ કૃષિ વિષયક તાલીમમાં ભાગ લઈ પ્રાકૃતિક ખેતી વિશેના ફાયદા અને વિસ્તૃત જાણકારી મેળવી હતી. ત્યારબાદ તેઓએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હરિયાણાના કુરુક્ષેત્ર સ્થિત પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈ અચંબિત થયા હતા અને પોતે પણ પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવશે તેના માટે સંકલ્પબદ્ધ બન્યા હતા.

ખેડૂત કરશનભાઈ ચૌહાણની સિદ્ધિ વિશે વાત કરીએ તો, આજે તેઓ પોતે ધોલેરા તાલુકાના ૧૧ જેટલા ગામોમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી વિશે તાલીમ આપવા જાય છે અને ખેડૂતોને રસાયણમુક્ત ખેતી કરવા પ્રોત્સાહિત કરે છે. પ્રાકૃતિક ખેતી વિશે વાત કરતા ખેડૂત કરશનભાઈ ચૌહાણ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતી કરીને પાકના ઉત્પાદન અને આવક બંનેમાં વધારો થયો છે. સાથે સાથે જમીનની ગુણવત્તામાં પણ સુધારો થયો છે. તેમણે સૌ ખેડૂતોને અપીલ કરતા જણાવ્યું હતું કે, જમીનને રસાયણમુક્ત બનાવવા પ્રાકૃતિક ખેતી તરફ અવશ્ય વળવું જોઈએ.

### વિરમગામ, માંડલ, દેત્રોજ અને નળકાંઠા મતવિસ્તારમાં વર્ષ ૨૦૨૪-૨૫ની

# વાર્ષિક ગ્રાન્ટમાંથી પ્રથમ ચરણમાં વિકાસ કામો માટે કુલ રૂ. ૨૮ લાખ ૫૦ હજાર ફાળવવામાં આવ્યા : હાર્દિક પટેલ

### દેત્રોજ તાલુકાના શિહોર ગામે શ્રી શિહોરી માતાજી સંસ્થા દ્વારા આયોજિત પાટોત્સવમાં ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલની પ્રેરક ઉપસ્થિતિ



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ જિલ્લાના દેત્રોજ તાલુકાના શિહોર ગામે શ્રી શિહોરી માતાજી સંસ્થા દ્વારા આયોજિત એક દિવસીય પાટોત્સવમાં ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલની વાર્ષિક ગ્રાન્ટમાંથી બનાવેલ આરસીસી રસ્તો તેમજ સંસ્થા દ્વારા તૈયાર કરાયેલું માતાજીના સન્મુખ પ્રવેશદ્વારનું ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ તેમજ લોકસભાના સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી હાર્દિક પટેલે કહ્યું કે, ધારાસભ્ય તરીકે ગામડાંઓમાં તેમજ ધાર્મિક જગ્યાઓના વિકાસ માટે અગ્રેસર રહીને કામ કરી રહ્યો છું. એટલું જ નહીં, વિરમગામ, માંડલ, દેત્રોજ અને નળકાંઠા મતવિસ્તારમાં વર્ષ ૨૦૨૪- ૨૦૨૫ની વાર્ષિક ગ્રાન્ટમાંથી પ્રથમ ચરણમાં વિકાસ કામો માટે કુલ રૂ. ૨૮ લાખ ૫૦ હજાર ફાળવવામાં આવ્યા છે. જેમાં વિરમગામ શહેરના વિવિધ વિસ્તારોમાં બેસવા માટે રૂ. ૪ લાખ ૫૦ હજારના ખર્ચે ૧૫૦ નંગ બાકડા, વિરમગામ તાલુકાના ગામડાંઓમાં બેસવા માટે રૂ. ૪ લાખ ૫૦



હજારના ખર્ચે ૧૫૦ નંગ બાકડા, માંડલ તાલુકાનાં ગામડાઓમાં બેસવા માટે રૂ. ૩ લાખના ખર્ચે ૧૦૦ નંગ બાકડા, દેત્રોજ તાલુકાના ગામડાઓમાં બેસવા માટે રૂ. ૩ લાખના ખર્ચે ૧૦૦ નંગ બાકડાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિરમગામ તાલુકાના નીલકી ગામે મુખ્ય બજારમાં રૂ. ૪ લાખના ખર્ચે આરસીસી રસ્તાનું કામ, માંડલ તાલુકાના સોલગામમાં મુખ્ય બજારમાં રૂ. ૪ લાખના ખર્ચે પેવર બ્લોકનું કામ અને દેત્રોજ તાલુકાના ઘેલડા ગામે પટેલ પરામાં રૂ. ૫.૫૦ લાખના ખર્ચે આરસીસી રસ્તાનું કામ પૂર્ણ કરાશે, એમ વિરગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલે વધુમાં ઉમેર્યું હતું.

# અમદાવાદ મંડળની કેટલીક સાપ્તાહિક ટ્રેનો પરિવર્તિત માર્ગ પર દોડશે

। અમદાવાદ, તા.૧૧ ।

ઉત્તર મધ્ય રેલવે પર પ્રયાગરાજ સ્ટેશનના મેજર અપગ્રેડેશનના કામના સંબંધમાં પ્લેટફોર્મ નંબર ૪ અને ૦૫ બંધ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ, અમદાવાદ-પટના એક્સપ્રેસ અને અમદાવાદ-પટના સ્પેશ્યલ સાપ્તાહિક ટ્રેનો પરિવર્તિત કરાયેલામાર્ગ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

● ૧૪ જૂનથી ૧૯ જુલાઈ, ૨૦૨૪ સુધી, અમદાવાદ થી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૫૬૦ અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માણિકપુર-પ્રયાગરાજ-પ્રયાગરાજ રામબાગ-વારાણસીને બદલે પરિવર્તિત માર્ગ વાયા માણિકપુર-પ્રયાગરાજ છિવકી-વારાણસી થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

● ૧૨ જૂનથી ૨૪ જુલાઈ ૨૦૨૪ સુધીં દરભંગાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૫૫૯ દરભંગા-અમદાવાદ અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ વાયા વારાણસી-પ્રયાગરાજ રામબાગ-પ્રયાગરાજ-માણિકપુર ના બદલે પરિવર્તિત માર્ગ વાયા વારાણસી-પ્રયાગરાજ છિવકી-માણિકપુર થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

● ૧૬ જૂનથી ૨૧ જુલાઈ ૨૦૨૪ સુધી અમદાવાદ થી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૨૧ અમદાવાદ-પટના સાપ્તાહિક એક્સપ્રેસને તેના નિર્ધારિત માર્ગ વાયા માણિકપુર-પ્રયાગરાજ-પ્રયાગરાજ રામબાગ - વારાણસી- પં. દીનદયાલ ઉપાધ્યાય ના બદલે પરિવર્તિત માર્ગ વાયા માનિકપુર - પ્રયાગરાજ છિવકી - પં. દીનદયાળ ઉપાધ્યાય થઈને ચાલશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યો છે.

● ૧૮ જૂનથી ૨૩ જુલાઈ ૨૦૨૪ સુધી પટનાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૨૨ પટના-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસને તેના નિર્ધારિત માર્ગ વાયા પં. દીનદયાલ ઉપાધ્યાય-વારાણસી-પ્રયાગરાજ રામબાગ-પ્રયાગરાજ-માણિકપુર ના બદલે પં. દીનદયાલ ઉપાધ્યાય-પ્રયાગરાજ છિવકી-માણિકપુરના રસ્તે ચાલશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યો છે.

● ૧૨ જૂનથી ૨૪ જુલાઈ ૨૦૨૪ સુધી અમદાવાદ થી ઉપડનારી ટ્રેન નંબર ૦૯૪૪૭ અમદાવાદ-પટના સાપ્તાહિક વિશેષ તેના નિર્ધારિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજ-પં. દીનદયાલ ઉપાધ્યાય ના બદલે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-લખનઉ-પં.દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને મુલાકાત લઈ શકે છે

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા માટે કામ કરવાનું થોડું રહી શકે છે. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.



**સિંહ (મ,ટ) :**

આજે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે અને તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. કોઈ મોટી બિઝનેસ ડીલ પાર પાડી રહ્યા હો ત્યારે તમારી લાગણીઓ પર અંકુશ રાખો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી લાગણીઓ પર થોડો અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો। જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું.

## ન્યૂઝ બ્રિફ

### PAYTMએ 3,૫૦૦ કર્મચારીઓની છટણી કરતા, સંખ્યા ઘટીને ૩૬,૫૨૧ થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વૈશ્વિક બજારમાં આવેલા ઉતાર - ચઢાવને પગલે ડોલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો અને સોમવારે ૮૩.૫૦ પર બંધ થયો હતો. ભારતના ચલણ આવેલી આ નબળાઈ માટે સ્થાનિક શેરબજારો જવાબદાર ગણવામાં આવે છે તેની સાથે અમેરિકન કરન્સી મજબૂત થવાને કારણે પણ રૂપિયામાં ઘટાડો થયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૮૩.૪૮ પર ખુલ્યો હતો. પાછલા સત્રમાં તે ૮૩.૪૦ પર બંધ રહ્યો હતો. Paytm ની માલિકીની કંપની One97 Communications એ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં લગભગ ૩,૫૦૦ કર્મચારીઓની છટણી કરી છે. વેચાણ વિભાગમાં આ છટણી કરવામાં આવી છે. આ સાથે પેટીએમ કર્મચારીઓની સંખ્યા ઘટીને ૩૬,૫૨૧ થઈ ગઈ છે. કંપનીએ કહ્યું કે, તે કર્મચારીઓના સરળ ટ્રાન્સફર માટે આઉટપ્લેસમેન્ટ સહાય પૂરી પાડી રહી છે. ૨૦૨૩-૨૪ના ચોથા ક્વાર્ટરમાં કંપનીની ખોટ વધીને ૫૫૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ડોલર સામે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો અને સોમવારે ૮૩.૫૦ પર બંધ થયો હતો.

### 'પાકિસ્તાની આતંકવાદીઓને ભારતમાં પ્રવેશવા ન દો...'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં રવિવારે સાંજે આતંકવાદીઓએ તીર્થયાત્રીઓની બસ પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે જ્યારે ૩૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે નેધરલેન્ડના જમણેરી નેતા અને સાંસદ ગીર્ટ વિલ્ડર્સે આ ઘટના પર પ્રતિક્રિયા આપી છે.ગીર્ટે રિયાસી હુમલા માટે પાકિસ્તાની આતંકવાદીઓની સીધી નિંદા કરી છે. તેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે પાકિસ્તાની આતંકવાદીઓને હિંદુઓને મારવા માટે કાશ્મીર ખીણમાં પ્રવેશવાની મંજૂરી આપવી જોઈએ નહીં. ભારત પોતાના લોકોને બચાવે. ગીર્ટે આ પોસ્ટ સાથે 'હેશટેગ ઓલ આઈઝ ઓન રિયાસી' પણ લખ્યું છે.તમને જણાવી દઈએ કે આ ઘટના જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં રવિવારે સાંજે લગભગ ૬.૧૫ વાગ્યે બની હતી. ઓચિંતો છાપો મારીને બેઠેલા આતંકવાદીઓએ બસ પર ફાયરિંગ કર્યું, જે બાદ બસ કાબૂ બહાર ગઈ અને ઊંડી ખાઈમાં પડી. બસ પર હુમલો કરનાર આતંકવાદીઓ પહાડી વિસ્તારમાં છુપાયેલા છે.આ હુમલાની જવાબદારી લશ્કર સાથે જોડાયેલા આતંકી સંગઠન એ લીધી છે. આ આતંકવાદીઓએ છેલ્લા એક મહિનામાં રાજૌરી અને પુંછમાં અનેક હુમલા કર્યા છે. સૂત્રોનું કહેવું છે કે આ હુમલામાં બેથી ત્રણ આતંકવાદીઓ સામેલ હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર રિયાસીમાં યાત્રાળુઓની બસ પર હુમલો કરનારા આતંકવાદીઓ પાકિસ્તાની હતા. આતંકવાદીઓનું આ એ જ જૂથ છે, જે પીર પંજાલના દક્ષિણમાં છેલ્લા બે વર્ષથી સક્રિય છે.

અમેરિકા પ્રસ્તાવ લાવ્યું હતું

# યુએન સિક્યુરિટી કાઉન્સિલે ઇઝરાયેલ-હમાસ યુદ્ધવિરામ યોજનાને સમર્થન આપ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



હમાસે યુએસ દ્વારા તૈયાર કરાયેલા પ્રસ્તાવની સ્વીકૃતિનું સ્વાગત કર્યું અને કહ્યું કે તે યોજનાના સિદ્ધાંતોના અમલીકરણમાં મધ્યસ્થી સાથે સહયોગ કરવા તૈયાર છે જે આપણા લોકોની માંગ અને પ્રતિકાર સાથે સુસંગત છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદએ સોમવારે ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ માટે રજૂ કરાયેલા પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. આ પ્રસ્તાવ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને રજૂ કર્યો હતો. તે યુદ્ધનો અંત લાવવા અને કરાર સ્વીકારવા વિનંતી કરે છે. એજન્સીના જણાવ્યા અનુસાર, હમાસે યુએસ દ્વારા તૈયાર કરાયેલા પ્રસ્તાવની સ્વીકૃતિનું સ્વાગત કર્યું છે અને કહ્યું છે કે તે આપણા લોકોની માંગ અને પ્રતિકારને અનુરૂપ યોજનાના સિદ્ધાંતોને લાગુ કરવામાં મધ્યસ્થી સાથે સહયોગ કરવા તૈયાર છે.રશિયા યુએનના મતથી દૂર રહ્યું, જ્યારે બાકીના ૧૪ સુરક્ષા પરિષદના સભ્યોએ ૩૧ મેના રોજ બિડેન દ્વારા નિર્ધારિત ત્રણ-પગલાની યુદ્ધવિરામ યોજનાને સમર્થન આપતા ઠરાવની તરફેણમાં મત આપ્યો, જેને તેણે ઈઝરાયેલી પહેલ તરીકે વર્ણવ્યું. ઠરાવમાં યુદ્ધવિરામના નવા પ્રસ્તાવને આવકારવામાં આવ્યો છે. તેણે કહ્યું કે ઈઝરાયેલે તેને સ્વીકાર્યું છે, હમાસને તેની સાથે સંમત થવા હાકલ કરી છે અને "બંને પક્ષોને કોઈપણ વિલંબ કર્યા વિના તેની શરતોનો સંપૂર્ણ અમલ કરવા વિનંતી કરવામાં આવે છે."કાઉન્સિલના એકમાત્ર આરબ સભ્ય અલ્જેરિયાએ ઠરાવને સમર્થન આપ્યું હતું. અલ્જીરિયાના યુએન એમ્બેસેડર અમ્ર બેન્ડજામાએ કહ્યું, "અમારું માનવું છે કે આ તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ તરફ આગળનું પગલું હોઈ શકે છે. આ પેલેસ્ટિનિયનો માટે આશાનું કિરણ છે. આ હત્યા રોકવાનો સમય છે."

અમેરિકન શીખ વકીલ કમલા હેરિસને મળ્યા

# ખાલિસ્તાની અમૃતપાલને જેલમાંથી બહાર લાવવા વિદેશી લોબીંગ!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



વારિસ પંજાબ દેના વડા અમૃતપાલ સિંહની એપ્રિલ ૨૦૨૩ માં પંજાબના મોગામાં આત્મસમર્પણ કર્યા પછી ધરપકડ કરવામાં આવી હતી. આનાથી તે એક મહિનાથી ફરાર હતો. પંજાબ પોલીસે તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ હેઠળ કેસ નોંધ્યો હતો.એક તરફ જેલમાં બંધ ખાલિસ્તાન તરફી નેતા અમૃતપાલ સિંહ લોકસભા ચૂંટણી જીતીને સાંસદ બની ગયા છે. તે જ સમયે, તેને જેલમાંથી છોડાવવા માટે અમેરિકામાં અભિયાન શરૂ થયું છે.અમેરિકન શીખ વકીલ જસપ્રીત સિંહ ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને મળ્યા છે અને તેમને ભારતીય જેલમાં બંધ અમૃતપાલ સિંહની મુક્તિ માટે દરમિયાનગીરી કરવા વિનંતી કરી છે.જસપ્રીત કહે છે કે તેણે આ કેસનો સંપૂર્ણ અભ્યાસ કર્યો છે અને તે માને છે કે અમૃતપાલની ધરપકડ ખોટી છે. જસપ્રીત સિંહે અમૃતપાલ સિંહની મુક્તિ માટે અમેરિકન ધારાશાસ્ત્રીઓ પર દબાણ લાવવાની યોજના બનાવી છે.જસપ્રીતે એક યુટ્યુબ વિડિયોમાં કહ્યું કે હું છેલ્લા બે-ત્રણ મહિનામાં બે વખત કમલા હેરિસને મળ્યો છું. મેં તેમની સાથે ઈમિગ્રેશનના મુદ્દે વાત કરી. મેં તેની સાથે વાત કરી. તેમણે મને તેમની ઓફિસ આવવા માટે એપોઈન્ટમેન્ટ આપી. હું તેને ૧૧ જૂને મળીશ.તમને જણાવી દઈએ કે પંજાબની ખડુર સાહિબ લોકસભા સીટ પરથી અપક્ષ ચૂંટણી જીતનાર અમૃતપાલ હાલ આસામની ડિબ્રુગઢ જેલમાં બંધ છે. ડિબ્રુગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહે કોંગ્રેસના કુલબીર સિંહને લગભગ બે લાખ મતોથી હરાવ્યા હતા. જસપ્રીતે કહ્યું કે અમૃતપાલે જંગી જીત મેળવી છે અને તેની ધરપકડ માનવાધિકાર પર ગંભીર સવાલો ઉભા કરે છે.વારિસ પંજાબ દેના વડા અમૃતપાલ સિંહની એપ્રિલ ૨૦૨૩ માં પંજાબના મોગામાં આત્મસમર્પણ કર્યા પછી ધરપકડ કરવામાં આવી હતી.



કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે સત્તાવાર રીતે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનો હવાલો સંભાળ્યો.

૩૭ કરોડના રોકડ કૌભાંડમાં ફસાયેલા

## મંત્રી આલમગીર આલમે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ટેન્ડર કમિશન કૌભાંડમાં જેલમાં બંધ ઝારખંડના મંત્રી આલમગીર આલમે મુખ્યમંત્રી ચંપાઈ સોરેનની કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું છે. તેમના પુત્ર



તનવીર આલમે આ વાતની પુષ્ટિ કરી છે.તનવીર આલમે કહ્યું કે તેના પિતાએ શનિવારે રાજીનામું આપી દીધું છે. પરંતુ જેલ મેન્યુઅલના કારણે રાજીનામાનો પત્ર શનિવારે મોકલવામાં આવ્યો હતો પરંતુ તે સોમવારે સીએમઓ પહોંચ્યો હતો. આ પહેલા સીએમ સોરેને તેમની પાસેથી તમામ વિભાગો છીનવી લીધા હતા. તમને જણાવી દઈએ કે આલમગીર આલમની ૧૫ મેના રોજ ધરપકડ કરવામાં આવી હતી.આલમગીર આલમના સેક્રેટરીના નોકરના ઘરેથી ૩૭ કરોડ રૂપિયાથી વધુની રોકડ મળી આવી હતી, આ સંબંધમાં પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.મંત્રીના રિમાન્ડની માંગણી કરતી વખતે, ઈડીએ કોર્ટને કહ્યું હતું કે તે જાણવા મળ્યું છે કે જહાંગીર આલમના નામ પર નોંધાયેલા ફ્લેટમાંથી જપ્ત કરાયેલ ૩૨.૨ કરોડ રૂપિયાની રોકડ આલમગીર આલમની છે અને જહાંગીરે સંજીવ કુમાર લાલની સૂચના પર એકત્રિત કરી હતી. આલમગીર આલમ માટે કોણ કરી રહ્યો હતો. ઈડીએ કહ્યું હતું કે ગ્રામીણ વિકાસ વિભાગના મંત્રી આલમગીરના અંગત સચિવ સંજીવ કુમાર લાલ સાથે 'લેટરહેડ' પર ઘણા સત્તાવાર દસ્તાવેજોની હાજરી સાબિત કરે છે કે લાલ આલમગીર સાથે સંબંધિત દસ્તાવેજો, રેકોર્ડ્સ, રોકડ અને અન્ય વસ્તુઓ સ્ટોર કરવા માટે જગ્યાનો ઉપયોગ કરી રહ્યો હતો. રાખવાના હતા.આલમગીર આલમ પાકુર વિધાનસભામાંથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી હતા. આ પહેલા આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા. રાજકારણનો વારસો મેળવ્યા બાદ, આલમગીરે સરપંચની ચૂંટણી જીતીને રાજકારણમાં પ્રવેશ કર્યો. તેઓ ૨૦૦૦માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ત્યારથી અત્યાર સુધીમાં ૪ વખત ધારાસભ્ય બન્યા છે.૨૦૦૫માં આલમગીર આલમ પાકુરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ઝારખંડ મુક્તિ મોરચાના અકીલ અખ્તરને ૧૮૦૬૬ મતોથી હરાવ્યા. ૨૦૦૯માં જેએમએમના અકીલ અખ્તર ધારાસભ્ય બન્યા હતા. પરંતુ ૨૦૧૪માં અચાનક રાજકીય પરિવર્તન આવ્યું. કોંગ્રેસમાંથી ધારાસભ્ય બનેલા આલમગીર આલમ પછી ઝારખંડ મુક્ત મોરચાની ટિકિટ પર ચૂંટણી લડ્યા અને જીત્યા.

જો કોઈ રીલ કરશે તો મોબાઈલ જપ્ત કરવામાં આવશે

# ઉત્તરાખંડમાં ચાર ધામ બાદ હવે નૈના મંદિરમાં પણ રીલ બનાવવા પર પ્રતિબંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।




ઉત્તરાખંડમાં ચાર ધામ બાદ હવે નૈના મંદિરમાં પણ રીલ બનાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તો અને પ્રવાસીઓના વસ્ત્રો અંગે પણ સૂચના જારી કરવામાં આવી છે કે તેઓએ મંદિરમાં શિષ્ટ વસ્ત્રો પહેરીને પ્રવેશ કરવો.ઉત્તરાખંડના ચાર ધામ બાદ હવે નૈનીતાલના વિશ્વ પ્રસિદ્ધ મા નૈના દેવી મંદિરમાં રીલ બનાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ઉપરાંત, મંદિર પ્રબંધન દ્વારા મંદિરમાં આવતા ભક્તોને શિષ્ટ વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.માહિતી આપતાં, મંદિરનું સંચાલન કરતા અમર ઉદય ટ્રસ્ટ મેનેજમેન્ટના પ્રવક્તા શૈલેન્દ્ર મેલકાણીએ જણાવ્યું કે, મા નૈના દેવી મંદિર ૫૧ શક્તિપીઠોમાં સામેલ છે. મા નૈના દેવી મંદિરના દર્શન કરવા માટે દેશના ખૂણે-ખૂણેથી ભક્તો આવે છે. આવી સ્થિતિમાં મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ દ્વારા રીલ બનાવવામાં આવે છે, જેના પર મંદિર મેનેજમેન્ટ દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત મંદિરમાં આવતા ભક્તો માટે ભારતીય સંસ્કૃતિ મુજબના વસ્ત્રો પહેરવા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે.શૈલેન્દ્ર મેલકાણીએ જણાવ્યું હતું કે તાજેતરમાં એક મહિલાએ મંદિર પરિસરમાં વાંધાજનક રીલ બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી હતી, જેના કારણે હજારો ભક્તોની લાગણી દુભાઈ છે, જેને ધ્યાનમાં રાખીને મંદિર મેનેજમેન્ટે આ નિર્ણય પર રોક લગાવી દીધી છે. મંદિરમાં રીલ્સ. જો કોઈ ભક્ત કે પ્રવાસી મંદિર પરિસરમાં રીલ બનાવતો જોવા મળશે તો તેનો મોબાઈલ જપ્ત કરવામાં આવશે અને તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ED તરફથી પાસપોર્ટ પરત મળશે

# છગન ભુજબળને કોર્ટમાંથી રાહત, પરિવાર સાથે વિદેશ જવાની પરવાનગી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।



છગન ભુજબળે ૨૪મી મેના રોજ તેમના વકીલ સુદર્શન ખવાસે મારફત ફેમિલી હોલિડે ટ્રાવેલ માટે અરજી દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે કોર્ટની પરવાનગી મેળવ્યા બાદ જ પરિવાર વિઝા અને અન્ય ઔપચારિકતા માટે જશે. મુંબઈની વિશેષ અદાલતે સોમવારે મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અને NCP (અજિત પવાર)ના નેતા છગન ભુજબળ, તેમના પુત્ર, ભત્રીજા પંકજ અને સમીર ભુજબળને રજાઓ પર વિદેશ જવાની મંજૂરી આપી હતી. ભુજબળ પરિવાર જુલાઈ મહિનામાં પારિવારિક પ્રવાસ દરમિયાન યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ આરબ અમીરાત અને શેંગેન દેશોની મુલાકાત લેવાની તૈયારી કરી રહ્યો છે. મહારાષ્ટ્ર સદન કૌભાંડમાં ભુજબળ પરિવાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કાર્યવાહીનો સામનો કરી રહ્યો છે. ૨૪મી મેના રોજ ભુજબળે તેમના વકીલ સુદર્શન ખવાસે મારફત ફેમિલી હોલિડે ટ્રાવેલ માટે અરજી દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે પરિવાર કોર્ટની પરવાનગી મેળવ્યા બાદ જ વિઝા અને અન્ય ઔપચારિકતાઓ માટે જશે. આ માટે ભુજબળનો પાસપોર્ટ જામીનની શરત તરીકે ED પાસે જમા હોવાથી કામચલાઉ સમય માટે પાસપોર્ટ પરત કરવાની માંગણી પણ કરવામાં આવી હતી.ભુજબળ ઉપરાંત આ કેસના અન્ય એક આરોપી નિલેશ શાહુએ પણ ભુજબળ સાથે તે જ દેશોમાં પ્રવાસ કરવા માટે જુલાઈ મહિનામાં આવી જ અરજી કરી હતી, જેમને પ્રવાસની પરવાનગી મળી છે. જ્યારે EDએ પરિવારની મુસાફરીની યોજનાનો વિરોધ કર્યો હતો, ત્યારે વિશેષ અદાલતે ભુજબળને રજા પર જતા પહેલા તપાસ એજન્સીને મુસાફરીનો કાર્યક્રમ આપવાનો નિર્દેશ આપ્યો હતો.

ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવ પણ વધી રહ્યા છે

# લોકસભા ચૂંટણી બાદ દેશમાં ડુંગળી બટાકાના ભાવ આસમાને પહોંચ્યા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

લોકસભા ચૂંટણી સમાપ્ત થઈ ગઈ છે. ભાજપની આગેવાની હેઠળની NDAની કેન્દ્રમાં સરકાર બની ગઈ છે. આ સાથે જ ડુંગળીના ભાવમાં ધરખમ વધારો થયો છે. દિલ્હી-NCRના માર્કેટમાં છેલ્લા એક અઠવાડિયાથી ડુંગળીના ભાવમાં ૫૦%નો વધારો થયો છે. હાલમાં આકરી ગરમીના કારણે પહેલાથી જ લીલી શાકભાજીના ભાવ આસમાને છે. આ સાથે જ ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવ પણ વધી રહ્યા છે. દિલ્હીના બજારમાં એક અઠવાડિયાથી જ ડુંગળી ૫૦% મોંઘી થઈ ગઈ છે. ગત રવિવારે એટલે કે, ૨ જૂન ૨૦૨૪ના રોજ રિટેલ બજારમાં ડુંગળીની કિંમત ૨૫થી ૩૦ રૂપિયા કિલો હતી. ૯ જૂનના રોજ આ જ બજારમાં ડુંગળીની કિંમત ૩૪થી ૪૦ રૂપિયા કિલો થઈ ગઈ. આજે એટલે કે ૧૧ જૂને સારી ડુંગળીની કિંમત ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. એક શાકભાજી વેચનારનું કહેવું છે કે આઝાદપુર માર્કેટમાં જ ડુંગળીની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. રિટેલ માર્કેટમાં તે ઓછામાં ઓછા રૂ. ૫૦ પ્રતિ કિલોના ભાવે તો વેચાશે જ. ડુંગળીની સાથે-સાથે બટાકાના ભાવમાં પણ ઉછાળ આવ્યો છે. હાલમાં ગરમીના કારણે લીલી શાકભાજીની કિંમત આસમાને છે. તેના કારણે ઓછી આવક વાળા લોકો બટાકા પર શિફ્ટ થઈ ગયા છે. ત્યારે હવે બજારમાં સાધારણ બટાકાની કિંમત ૩૫થી ૪૦ રૂપિયા કિલો સુધી પહોંચી ગઈ છે. જો તમે ચિપ્સોના અથવા પહાડી બટાકા ખરીદવા જશો તો તે ૪૫ રૂપિયા કિલો મળશે. આગામી સોમવારે જ બકરી ઈદ છે. આ તહેવાર દરમિયાન દેશભરમાં ડુંગળીની માગ વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને વેપારી પહેલાથી જ સ્ટોક કરવાનું શરૂ કરી દે છે. દેશમાં ડુંગળીનું સૌથી મોટું માર્કેટ નાસિકની લાસલગામ માર્કેટમાં ગત સોમવારે ડુંગળીનો સરેરાશ જથ્થાબંધ ભાવ ૨૬ રૂપિયા પ્રતિ કિલો હતો, જ્યારે ૨૫ મેના રોજ તે ૧૭ રૂપિયા પ્રતિ કિલો હતો. કુલ કારોબાર માત્રામાં નાનો હિસ્સો ધરાવતી શ્રેષ્ઠ ગુણવત્તાવાળી ડુંગળીની કિંમત ૩૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે.

લો કોલેજમાં ભણાવતા સંજીદા કાદરે ૫ જૂને રાજીનામું આપ્યું

# યુનિવર્સિટીમાં હિજાબ પહેરવાથી રોકવામાં આવતા એક શિક્ષકે આપ્યું રાજીનામું

। (એજન્સી) કલકત્તા,તા.૧૧ ।

અધિકારીઓ દ્વારા હિજાબ પહેરવાથી દૂર રહેવાની વિનંતી કરવામાં આવ્યા બાદ કલકત્તા યુનિવર્સિટી સાથે જોડાયેલી એક ખાનગી કાયદા સંસ્થાના શિક્ષકે રાજીનામું આપ્યું છે. જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યા પછી વિરોધ શરૂ થયો, ત્યારે સંસ્થાના અધિકારીઓએ દાવો કર્યો કે તે વાતચીતના અભાવને કારણે થયું છે અને તે રાજીનામું પાછું ખેંચીને કામ પર પાછા ફરશે. છેલ્લા ત્રણ વર્ષથી એલજેડી લો કોલેજમાં ભણાવતા સંજીદા કાદરે ૫ જૂને રાજીનામું આપ્યું હતું. તેનો આરોપ હતો કે કોલેજ પ્રશાસને તેણીને ૩૧ મે પછી કાર્યસ્થળ પર હિજાબ ન પહેરવાની સૂચના આપી હતી. શિક્ષિકા સાથે એકતા વ્યક્ત કરતા પશ્ચિમ બંગાળના મંત્રી અને જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ સિદ્દિકુલ્લાહ ચૌધરીએ કહ્યું કે, કોલેજ ગવર્નિંગ બોડીના આદેશથી મારા મૂલ્યો અને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી છે. વરિષ્ઠ મુસ્લિમ નેતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે શું કોલેજ સત્તાવાળાઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને ભારતીય જનતા પાટી૦(BJP)ના ઈશારે કામ કરી રહ્યા છે. મંત્રીએ આરોપ લગાવ્યો કે સંસ્થાનું મેનેજમેન્ટ વિદ્યાર્થીઓમાં પ્રતિકૂળ મૂલ્યો જગાડી રહ્યું છે અને હિજાબ પહેરેલા શિક્ષક સામે તેમને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ચૌધરીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા એક વીડિયોમાં કહ્યું કે, 'લો સ્ટડીઝ ઈન્સ્ટિટ્યૂટના મેનેજમેન્ટના વડા આવો આદેશ કેવી રીતે આપી શકે? ધ્યાનમાં રાખો કે આવી સંસ્થામાં બાળકો પાસેથી બંધારણ અને કાયદાઓ વિશે શીખવાની અપેક્ષા રાખવામાં આવે છેપ અમે સાંભળ્યું છે કે શીખ પુરુષો પાઘડી પહેરે છે અને સ્ત્રીઓ તેમના માથા પર દુપટ્ટો બાંધે છે તેનાથી તેમને કોઈ વાંધો નથી. તો પછી તે મુસ્લિમોને કેમ નિશાન બનાવી રહ્યો છે?તેમને કહ્યું કે, 'સંજીદા હિજાબ પહેરવાને કારણે મહિલાને નોકરી છોડવા માટે મજબૂર કરવા બદલ સંબંધિત સંસ્થા સામે શું પગલાં લઈ શકાય તે માટે હું સરકાર વતી આ મુદ્દો ઉઠાવીશ માર્ચ-એપ્રિલથી કામ પર અને ગયા અઠવાડિયે આ મુદ્દો ચર્ચામાં આવ્યો.

બિઝનેસમેન પાસેથી ૧ કરોડની ખંડણી માંગવાનો આરોપ

# સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ વિરુદ્ધ ૧૦ જૂને FIR નોંધવામાં આવી

। (એજન્સી) પટના,તા.૧૧ ।

બિહારના પૂર્ણિયાથી નવા ચૂંટાયેલા સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ વિરુદ્ધ ૧૦ જૂને FIR નોંધવામાં આવી છે. FIRમાં પપ્પુ યાદવ પર એક બિઝનેસમેન પાસેથી ૧ કરોડ રૂપિયાની ખંડણી માંગવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ખંડણીની રકમ નહીં ચૂકવે તો વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ બાબતે ફરિયાદ કરનાર વેપારી પૂર્ણિયામાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. વેપારીએ પોતાની લેખિત અરજીમાં જણાવ્યું છે કે, ૪ જૂને મતગણતરી સમયે પપ્પુ યાદવે તેને પોતાના ઘરે બોલાવ્યો અને ૧ કરોડ રૂપિયા આપવા કહ્યું. જો તે ૧ કરોડ રૂપિયા નહીં આપે તો તેને મારી નાખવામાં આવશે. વેપારીને એમ પણ કહેવામાં આવ્યું હતું કે, જો તે આગામી ૫ વર્ષ સુધી શાંતિથી જીવવા માંગે છે તો તેણે ખંડણી કર ચૂકવવો પડશે. નહીં તો તેણે પૂર્ણિયા છોડી દેવી જોઈએ.પોલીસને ફરિયાદ કરતા વેપારીએ જણાવ્યું કે, ૨ એપ્રિલ, ૨૦૨૧ના રોજ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવ દ્વારા તેની પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણીની માંગણી કરવામાં આવી હતી. આ સિવાય બિઝનેસમેને એ પણ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં દુર્ગા પૂજા દરમિયાન વોટ્સએપ કોલ પર તેની પાસેથી ૧૫ લાખ રૂપિયા અને બે સોફા સેટની માંગની સાથે-સાથે ધમકીઓ અને અપશબ્દો પણ કરવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે, પૂર્ણિયાના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં સાંસદ પપ્પુ યાદવ અને તેમના નજીકના સાથી અમિત યાદવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૫/૫૦૪/૫૦૬/૩૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલે સાંસદ પપ્પુ યાદવે પ્રતિક્રિયા આપતાં સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને લખ્યું કે, આજે દેશ અને પ્રદેશની રાજનીતિમાં મારા વધતા જતા પ્રભાવ અને સામાન્ય લોકોના વધતા પ્રેમથી પરેશાન લોકોએ પૂર્ણિયામાં ઘૃણાસ્પદ ષડયંત્ર રચ્યું છે. એક અધિકારી અને વિરોધીઓના આ ષડયંત્રનો પર્દાફાશ થશે. સુપ્રીમ કોર્ટ હેઠળ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જે પણ દોષિત હોય તેને ફાંસી આપવી જોઈએ."

# ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણીમાં જીતેલા પાંચ ધારાસભ્યોએ શપથ લીધા

। ગાંધીનગર,તા.૧૧ ।

ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪માં ચૂંટાયેલા પાંચ નવ નિયુક્ત ધારાસભ્યોને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ આજે વિધાનસભા ખાતે ધારાસભ્ય પદ માટેના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત રાજ્ય મંત્રી મંડળના સભ્યોએ નવ નિયુક્ત ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. વિધાનસભા અધ્યક્ષના કાર્યાલયમાં યોજાયેલ શપથવિધિ સમારંભમાં વિજાપુર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા, પોરબંદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા,માણાવદર વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય અરવિંદ લાડાણી, ખંભાત વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ચિરાગ પટેલ અને વાઘોડિયા વિધાનસભા બેઠકથી ચૂંટાયેલા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ધારાસભ્ય પદના શપથ ગ્રહણ કર્યા હતા. હવે વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનું સંખ્યા બળ ૧૬૧ થયું છે અને કોંગ્રેસ પાસે માત્ર ૧૩ જ ધારાસભ્યો રહ્યાં છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને વિક્રમી ૧૫૬ બેઠકો મળી હતી. જેમાં કોંગ્રેસ માત્ર ૧૭ બેઠકો પર સિમિત રહી ગઈ હતી. આમ આદમી પાર્ટીને પાંચ બેઠકો પર વિજય થયો હતો. આ ચૂંટણી બાદ આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણીએ રાજીનામું આપી દીધું હતું અને ભાજપમાં જોડાયા હતાં.



જો કે હજી વિસાવદર બેઠક પર પેટાચૂંટણી યોજાઈ નથી. ત્યાર બાદ ખંભાતથી ચિરાગ પટેલ, પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, વિજાપુરથી સી.જે. ચાવડા અને વાઘોડિયા બેઠક પરથી અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ રાજીનામું આપ્યું હતું અને ભાજપ માં જોડાઈ ગયાં હતાં. વિધાનસભામાં ૬ બેઠકો ખાલી પડતાં પેટાચૂંટણી યોજાઈ હતી. વિધાનસભાની પોરબંદર, વિજાપુર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પોરબંદરથી ભાજપના અર્જુન મોઢવાડિયા ૧૩૩૧૬૩ મત મેળવીને ૧૧૬૮૦૮ મતોની લીડથી ચૂંટણી જીત્યાં છે.વિજાપુર બેઠકની વાત કરીએ તો ભાજપના સી.જે ચાવડાને ૧૦૦૬૪૧ મત મળ્યાં છે. સી.જે. ચાવડા ૫૬૨૨૮ મતે ચૂંટણી જીત્યા હતાં. માણાવદર બેઠક પર ભાજપના અરવિંદ લાડાણીને ૮૨૦૧૭ મત મળ્યા હતાં અને તેઓ ૩૧૦૧૬ મતે ચૂંટણી જીતી ગયાં હતાં. એજ રીતે ખંભાત બેઠક પર ભાજપે કોંગ્રેસના ચિરાગ પટેલને ટીકિટ આપી હતી.ચિરાગ પટેલને ૮૮૪૫૭ મત મળ્યા હતાં. ચિરાગ પટેલ ૩૮૩૨૮ મતની લીડથી ચૂંટણી જીતી ગયાં હતાં. વાઘોડિયા બેઠક પર અપક્ષ તરીકે ચૂંટણી જીતેલા ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતાં. તેઓ આ બેઠક પર ભાજપની ટીકિટ પર ચૂંટણી લડ્યા અને કોંગ્રેસના કનુભાઈ ગોહિલ સામે ૮૨૧૦૮ મતની લીડથી જીતી ગયાં હતાં. વિધાનસભાની પોરબંદર, વિજાપુર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં પોરબંદરથી ભાજપના અર્જુન મોઢવાડિયા ૧૩૩૧૬૩ મત મેળવીને ૧૧૬૮૦૮ મતોની લીડથી ચૂંટણી જીત્યાં છે.વિજાપુર બેઠકની વાત કરીએ તો ભાજપના સી.જે ચાવડાને ૧૦૦૬૪૧ મત મળ્યાં છે. સી.જે. ચાવડા ૫૬૨૨૮ મતે ચૂંટણી જીત્યા હતાં. માણાવદર બેઠક પર ભાજપના અરવિંદ લાડાણીને ૮૨૦૧૭ મત મળ્યા હતાં અને તેઓ ૩૧૦૧૬ મતે ચૂંટણી જીતી ગયાં હતાં. એજ રીતે ખંભાત બેઠક પર ભાજપે કોંગ્રેસના ચિરાગ પટેલને ટીકિટ આપી હતી.ચિરાગ પટેલને ૮૮૪૫૭ મત મળ્યા હતાં. ચિરાગ પટેલ ૩૮૩૨૮ મતની લીડથી ચૂંટણી જીતી ગયાં હતાં. વાઘોડિયા બેઠક પર અપક્ષ તરીકે ચૂંટણી જીતેલા ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતાં. તેઓ આ બેઠક પર ભાજપની ટીકિટ પર ચૂંટણી લડ્યા અને કોંગ્રેસના કનુભાઈ ગોહિલ સામે ૮૨૧૦૮ મતની લીડથી જીતી ગયાં હતાં.

### વાલીઓના માથે વધુ એક બોજ

## એસોસિએશન દ્વારા સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં વધારો

### સ્કૂલ વાનમાં રૂપિયા ૨૦૦ અને સ્કૂલ રિક્ષામાં ૧૦૦ રૂપિયા ભાડાનો વધારો કરવામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૧ ।

ગુજરાતમાં આગામી ૧૩ જૂનથી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. ત્યારે નવા સત્રથી જ વાલીઓના માથે વધુ બોજ નાંખવામાં આવ્યો છે. આ વર્ષથી સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં એસોસિએશન દ્વારા વધારો કરવા નિર્ણય કર્યો છે. RTOમાં પાસિંગ ખર્ચનો બોજો, ઈન્સ્યોરન્સ, પરમીટ સહિતના ખર્ચને લઈને ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. સ્કૂલ વાનમાં એક કિમી દીઠ ૨૦૦ અને સ્કૂલ રિક્ષામાં કિમી દીઠ ૧૦૦ રૂપિયા ભાડા વધારાનો નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લે ૨૦૨૧માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો, ત્યારે હવે ફરી ત્રણ વર્ષે ભાવ વધારો કરવામાં આવ્યો છે. સ્કૂલ વાન અને રિક્ષાચાલકો સામે RTO દ્વારા લાલ આંખ કરી કડકપણે નિયમોનું પાલન કરવા જાહેરાત કરીછે. જેથી અમદાવાદ સ્કૂલવર્ધી એસોસિએશનની બેઠક મળી હતી. આ બેઠકમાં RTOના નિયમોને લઈને ૫૦ હજાર રૂપિયા જેટલો ખર્ચ થઈ રહ્યો છે. જેથી સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. સ્કૂલ વર્ધી એસોસિએશન સાથે અમદાવાદના ૧૫ હજાર અને રાજ્યના ૮૦ હજાર જેટલા વાન અને રિક્ષા ચાલકો જોડાયેલા છે. દર ત્રણ વર્ષે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા સ્કૂલ વાન અને રિક્ષાના ભાડામાં વધારો કરવામાં આવે





છે. છેલ્લે ૨૦૨૧માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો.નવો ભાવ વધારો આગામી શૈક્ષણિક સત્રથી લાગુ થશે.સ્કૂલ વર્ધી એસોસિએશનના પ્રમુખ ધર્મેન્દ્ર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, છેલ્લા ૩ વર્ષથી અમે ભાડા વધારો કર્યો નહતો, પરંતુ આ વર્ષે પસિંગ સહિતના ખર્ચ વધ્યા છે. ઉપરાંત મોંઘવારી વધી છે, જેને ધ્યાનમાં રાખીને અમે ભાડામાં વધારો કર્યો છે. ભાડામાં એક કિમી દીઠ રિક્ષામાં ૧૦૦ રૂપિયા, જ્યારે વાનમાં ૨૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

### ગુજરાત કોંગ્રેસ ગેનીબેન ઠાકોરનું સન્માન કરશે

## ૧૩ જુને અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે સન્માન સમારંભનુ આયોજન કરવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ,તા.૧૧ ।

લોકસભાની ચૂંટણી બાદ કેન્દ્ર સરકારના મત્રીઓએ શપથ ગ્રહણ કરી લીધા છે. ગુજરાતમાં છેલ્લી બે ટર્મથી ભાજપે ૨૬ બેઠકો પર જીત મેળવીને આ વખતે પણ હેટ્રિક કરવા માટે એડીચોટીનું જોર લગાડી દીધું હતું.પરંતુ બનાસકાંઠાની એક બેઠક પર કોંગ્રેસની જીત થતાં ભાજપનું ક્લિન સ્વીપનું સપનું અધુરૂ રહી ગયું છે. બનાસકાંઠાની બેઠક પર જીતેલા કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરની ચારેબાજુ ચર્ચાઓ થઈ રહી છે. ત્યારે હવે ગુજરાત કોંગ્રેસ ગેનીબેન ઠાકોરનું સન્માન કરવા જઈ રહી છે.૧૩ જુન ના રોજ બપોરે ૨.૦૦ કલાકે અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે સન્માન સમારંભનુ આયોજન કરવામાં આવ્યું છે.બનાસકાંઠામાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોરનો ભાજપના રેખાબેન ચૌધરી સામે ૩૦,૪૦૬ મતોથી પ્રચંડ વિજય થયો હતો. ગેનીબેન ઠાકોરને ૬,૭૧,૮૮૩ મત મળ્યા હતા. તો રેખાબેનને ૬,૪૧,૪૭૭ મત મળ્યા હતા. ગુજરાતમાંથી કોંગ્રેસના એકમાત્ર સાંસદ તરીકે ગેનીબેન ઠાકોર ચૂંટાઈને આવ્યા છે. ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકની હાજરીમાં સન્માન અને અભિવાદન સમારોહ યોજાશે. જેમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહેશે. ગેનીબેને જીત બાદ મતદારોને સંબોધન કર્યુ હતું. પોતાના સંબોધનમાં કોંગ્રેસની ખામીઓ પણ કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, હું કોંગ્રેસ પાર્ટીને એક જ સંદેશો આપવા માંગુ છું કે ગ્રાઉન્ડ ઝીરો પર કામગીરમાં ભાજપની સરખામણીએ આપણી સિસ્ટમમાં ઘણો મોટો અભાવ છે. જેના કારણે કોંગ્રેસનો ઉમેદવાર ચૂંટણી લડતો હોય એટલે એને પોતાના દમ ઉપર પોતાના સમાજની તાકાત ઉપર ચૂંટણી લડવું પડે છે. તેના બદલે જો પાર્ટી પેરેલર ચૂંટણી લડતી થશે, તો કોંગ્રેસ મજબૂતાઈ ચૂંટણી મેદાનમાં જઈને જન આશીર્વાદ મેળવતી થશે. એની શરૂઆત બનાસકાંઠાથી થઈ છે.

## શ્રી વિનીત અભિષેકે પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનો ચાર્જ સંભાળ્યો

। અમદાવાદ, તા.૧૧ ।

શ્રી વિનીત અભિષેક, ૨૦૧૦ની સિવિલ સર્વિસીસ બેચના ભારતીય રેલવે ટ્રાફિક સર્વિસ (IRTS) ના અધિકારી, ૧૦મી જૂન, ૨૦૨૪ના રોજ પશ્ચિમ રેલવેના નવા મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO) તરીકે જોડાયા છે. મેનેજમેન્ટ સ્નાતક, શ્રી વિનીત શહેરી આયોજન અને પરિવહનમાં ૧૯ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે અને જાહેર, કોર્પોરેટ અને નોન-પ્રોફિટ સેક્ટરમાં ફેલાયેલ છે. મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ડિવિઝનલ કમર્શિયલ મેનેજર તરીકેના તેમના અગાઉના પદ પર, ટિકિટ ચેકિંગ અને બિન-ભાડા આવકના ક્ષેત્રમાં તેમણે બહુવિધ પહેલનું નેતૃત્વ કર્યું હતું જેના કારણે ડિવિઝને તેના ઈતિહાસમાં પ્રથમ વખત વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૪૦૦૦ કરોડની આવકનો આંકડો પાર કર્યો હતો.



શ્રી વિનીતે વર્ષ ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૧-૨૦૨૩ દરમિયાન મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (MIT), યુએસએ ખાતે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન કર્યું, જ્યાં હાર્વર્ડ કેનેડી સ્કૂલ ઑફ ગવર્નમેન્ટમાં ક્રોસ નોંધણી સાથે, તેમણે સતત પરિવહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, મ્યુનિસિપલ ફાઈનાન્સિંગ, બજેટિંગ અને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPPs)માં વિશેષતા મેળવી હતી. એમઆઈટીમાં, તેમણે એચ એચ હમ્ફ્રેન્ડ લીબ્રાઈટ ફેલોશિપ, જેએન ટાટા ફેલોશિપ અને એમઆઈની ગવર્ન્સ ઈનોવેશન વિવિધ રિસર્ચ ફેલોશિપ જેવી ફેલોશિપ સભા હતી.તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન, શ્રી વિનીતે વિવિધ ઓન-સાઈટ પ્રોજેક્ટ્સમાં ભાગ લીધો - જેમ કે મેસેચ્યુસેટ્સ બાય ટ્રાન્સપોર્ટેશન ઓથોરિટી સાથે TOD પ્રોજેક્ટ, ITDP આફ્રિકા સાથે અર્બન ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સિંગ પ્રોજેક્ટ, વર્લ્ડ બેંક સાથે ચેન્નાઈ સિટી પાર્ટનરશિપ પ્રોજેક્ટ, નૈરોબી મેટ્રોપોલિટન એરિયા ટ્રાન્સપોર્ટ સાથે પબ્લિક બસ ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ. ઑથોરિટી અને ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સપોર્ટેશન એન્ડ ડેવલપમેન્ટ પોલિસી (ITDP) ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ પબ્લિક ટ્રાન્સપોર્ટ (UITP).જૂનથી ઑગસ્ટ, ૨૦૨૩ ની વચ્ચે, શ્રી વિનીત અભિષેક દેશમાં સિવિલ સર્વિસિસ રિફોર્મ્સ પર સંશોધન કરવા માટે દેશના ગવર્નન્સ અને ઈનોવેશન મંત્રાલય (MGI) સાથે સંયુક્ત-સહયોગી પ્રોજેક્ટ પર MIT ગવર્નમેન્ટ/લેબ ફેલો તરીકે બ્રાઝિલમાં હતા. સિવિલ સર્વિસમાં જોડાતા પહેલા, શ્રી વિનીતે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત, આંધ્રપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોમાં ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા, સામાજિક માળખાકીય સુવિધા, સરકારી સલાહકાર, પ્રોજેક્ટ ફાઈનાન્સિંગ અને CSR સાથે સંકળાયેલા બહુવિધ પ્રોજેક્ટ્સ પર છ વર્ષ સુધી કામ કર્યું હતું.

તેમની વ્યાવસાયિક વ્યસ્તતાઓ ઉપરાંત, શ્રી વિનીત સતત પરિવહન અને જાહેર નીતિના મુદ્દાઓ પર ઉત્સુક વિવેચક છે અને તેમના સંશોધન પત્રો, સંપાદકીય અને પુસ્તક સમીક્ષાઓ ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી, હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ હિન્દુ વગેરેમાં પ્રકાશિત થયા છે.

### સરકારી આવાસમાં ભાડુંઆતોની સંખ્યા વધી

## સુરતના પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસના લાભાર્થીઓની ચિંતા વધી

। (એજન્સી) સુરત,તા.૧૧ ।

સુરત પાલિકા અને સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ આવાસ વિહોણા લોકો માટે આવાસ બનાવવામાં આવી રહ્યાં છે. પરંતુ છેલ્લા કેટલાક વખતથી પાલિકા સરકાર આવાસ તો બનાવે છે પણ તેનો દુરુપયોગ થતો હોવાની ફરિયાદ બહાર આવી રહી છે. પાલિકાના અઠવા ઝોન વિસ્તારમાં આવેલા વેસુના પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના બિલ્ડીંગોમાં ભાડુઆતોની વધતી સંખ્યા લાભાર્થીઓ માટે આફતરૂપ બની રહી છે. આ અંગે લાભાર્થીઓએ ફરિયાદ કરી છે છતાં નિયમોનો ભંગ કરનારા લોકો સામે કોઈ કાર્યવાહી થતી નથી. સુરત પાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના ઉપરાંત અન્ય આવાસ યોજના હેઠળ હજારો આવાસ બન્યા છે. સુરત પાલિકાના અઠવા ઝોનમાં રાહુલરાજ મોલ પાછળ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સુમન મલ્હાર બિલ્ડીંગ બનાવવામાં આવ્યા છે. આ આવાસના ડી-બિલ્ડીંગમાં લાભાર્થીઓની સાથે ભાડુઆતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેના કારણે બિલ્ડીંગમાં અનેક સમસ્યા થતી હોવાથી સુમન મલ્હાર ડી-બિલ્ડીંગમાં નિયમ વિરુદ્ધ રહેલ ભાડુઆત પર કાયદાકીય કાર્યવાહી કરવા પાલિકાના એફોર્ડેબલ હાઉસીંગ સેલને ફરિયાદ કરી છે. ફરિયાદ કરનારા લોકોએ પાલિકા સમક્ષ રજૂઆત કરતાં કહ્યું છે કે, આ આવાસ યોજના હેઠળ ગરીબોને મકાન આપવામાં આવ્યા છે, તેમાં જે ખરેખર જરૂરિયાતમંદ લોકો હતા તે લોકો રહેવા આવી ગયા છે. પરંતુ તે સિવાયના મકાન માલિક સુરત મહાનગરપાલિકાના નીતિ નિયમો નેવે મૂકીને પોતાના મકાન અન્ય લોકોને ભાડે આપી કમાણીનું સાધન બનાવી દીધું છે. આવા લોકોને સુરત મહાનગર પાલિકાના નિયમનો કોઈપણ પ્રકારનો ડર રહ્યો નથી, જેથી અમારી બિલ્ડીંગમાં દિવસેને દિવસે ભાડુઆતની સંખ્યા વધી રહી છે.

## દ્વારકાના મોજપ દરિયાકાંઠેથી મળ્યુ બિનવારસી ચરસ

। દ્વારકા,તા.૧૧ ।

સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી અવારનવાર ડ્રગ્સ પકડાય છે. ત્યારે ફરી એકવાર દ્વારકાના મોજપ દરિયાકાંઠેથી બિનવારસી ચરસ મળ્યુ છે. અંદાજિત ૪૨ લાખ રૂપિયાનું ચરસ મળી આવતા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી રહી છે. મીઠાપુર પોલીસના કોમ્બિંગ દરમિયાન ચરસ જપ્ત કરાયુ છે. અગાઉ પણ એસઓજી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ૩૨ કિલો ચરસ મળી આવ્યું હતું. દ્વારકાના મોજપ દરિયાકાંઠેથી ૮૫૦ ગ્રામ બિનવારસી ચરસ મળ્યુ છે. જેની અંદાજિત ૪૨ લાખ રૂપિયા છે. મીઠાપુર પોલીસે આ સંદર્ભમાં તપાસ હાથ ધરી છે. થોડા દિવસ પહેલાં દ્વારકાના દરિયાકાંઠેથી એસઓજી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ૩૨ કિલો ચરસ મળી આવ્યું છે. જેની કિંમત આસરે ૧૬ કરોડ રૂપિયા બતાવવામાં આવી રહી છે. પોલીસે ચરસના ૩૦ પેકેટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ડ્રગ્સ માફિયાઓએ હવે નવો પેતરો અપનાવ્યો છે. જેમાં ઈન્ટરનેશનલ સી બોર્ડર પરથી ડ્રગ્સના પેકેટ પ્લાસ્ટીકની કોથળીમાં પેક કરી દરિયામાં ફેંકી દેવામાં આવે છે જે તણાઈને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે પહોંચ્યા બાદ ડ્રગમાફિયાઓના એજન્ટો દ્વારા ડ્રગ્સના આ પેકેટો મેળવી પંજાબ, મુંબઈ સહિતના શહેરોમાં વેચી નાખવામાં આવતું હોવાનું એક નેટવર્ક ચાલી રહ્યું છે.

### RMC દ્વારા મિલકતો સીલ કરવાની કામગીરી કરવામાં આવી

## રાજકોટના ૫૦થી વધુ એસોસિએશનના હોદ્દેદારોએ મ્યુનિ. કમિશનરને રજૂઆત

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ ઈસ્ઝ દ્વારા મિલકતો સીલ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. સીલને લઈને વેપારીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાના આગેવાનોમાં ભારે રોષ પ્રગટ્યો છે. ફાયર NOC અને BU માટે વેપારીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ સમય માગી રહ્યા છે. જુદાં-જુદાં ૫૦થી વધુ એસોસિએશનના હોદ્દેદારોએ મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી. જેમાં દુકાનો, શોરૂમ, ઔદ્યોગિક એકમો, શાળાઓને આડેધડ સીલ કરવાની સામે વિરોધ પ્રગટ કર્યો હતો અને ફાયર NOC ઉપરાંત BUU પરમિશન મુદ્દે વેપારીઓને હેરાન કરવામાં આવતા હોવાનો આરોપ લગાવી આ પ્રક્રિયા માટે સમય આપવા માંગ કરવામાં આવી હતી. મ્યુ. કમિશનરે નિયમો અનુસાર શક્ય મદદ કરવાની ખાતરી આપી હતી. રાજકોટનાં વેપારીઓના જણાવ્યા અનુસાર આજે તમામ વેપારી એસોસિએશનો દ્વારા મ્યુ. કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. જેમાં સીલિંગની કાર્યવાહી ચાલી રહી છે તે કરતા પહેલા વેપારીઓને થોડો સમય આપવાની માંગ કરવામાં આવી છે. અમારા માટે પણ પ્રજાની અને સ્ટાફની સેફટી મહત્વની છે અને નિયમો પાળવામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવા અમે માંગતા નથી. પરંતુ ફાયર NOCનાં બદલાયેલા નિયમો મુજબના સાધનો વસાવી જરૂરી વ્યવસ્થા કરવા માટે થોડો સમય મળે તે જરૂરી છે.સરકાર અને કોર્પોરેશન દ્વારા જે રીતે તાત્કાલિક ફાયર NOC લેવામાં નહીં આવે તો સીલ મારી દેવામાં આવશે તેવું વલણ અપનાવવામાં આવ્યું છે. આ પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે. તો વેપાર-ધંધા અને સ્કૂલો પણ બંધ થઈ જશે. મ્યુ. કમિશનર દેવાંગ દેસાઈએ જણાવ્યુ હતું કે, છેલ્લા ત્રણેક દિવસથી ફાયર NOC અને BU પરમિશન માટે સમય આપવાની રજૂઆતો મળી રહી છે.






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

CMYK CMYK CMYK CMYK